MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૦૨-૦૬-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 સોશ્યલ ડિસ્ટન્સીંગના સહારે અનલોક-૧ના પહેલાં જ દિવસથી દેશ પાટે ચઢ્યો

7 અરબી સમુદ્રમાં લો પ્રેશર 'નિસર્ગ' વાવાઝોડામાં પરિવર્તિત, 3-૪ જુનના રોજ કચ્છમાં વરસાદની આગાહી

11 કેવડીયાના અસરગ્રસ્ત ૬ ગામના આદિવાસીઓના મામલે SSNL એ ખુલાસો આપ્યો

12 કેવડિયા છ ગામના આદિવાસીઓના સમર્થનમાં સોમવારે કેવડિયા ગામ સજ્જડ બંધ રહ્યું


કોરોના સંકટ અને અનલોક-૧ની વચ્ચે રાહતના સમાચારા,ખેડૂતો આનંદો

કેરળમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીઃ ૯ જિલ્લામાં યલો એલર્ટ

૩ જૂને ચક્રવાતી વાવાઝોડું ગુજરાત-મહારાષ્ટ્ર સાથે અથડાશે

તિરુવનંતપુરમ્

કેરળમાં નૈઋત્યના ચોમાસાએ દસ્તક દઈ દીધી છે. હવામાન વિભાગના મતે દક્ષિણ-પશ્ચિમ મોનસૂન કેરળ પહોંચી ગયું છે. IMDના ઉપ મહાનિર્દેશક આનંદ કુમાર શર્માએ કહ્યું કે આજે કેરળમાં ચોમાસાનું આગમન થયું. લો પ્રેશર સર્જાતા ૩-૪ તારીખની વચ્ચે દાદરા નગર હવેલી, નોર્થ કોંકણ, નોર્થ મધ્ય મહારાષ્ટ્ર, દીવ દમણમાં વરસાદ પડશે. અહીં લોકોએ સાવધાની રાખવી પડશે. ૨ જૂન અને ૫ જૂન વચ્ચે મહારાષ્ટ્ર અને ગુજરાતના તટ પર ઉંચા મોજા ઉછળે તેવી શક્યતા છે. તેની ઉંચાઈ ૧૨થી ૧૬ ફૂટ સુધીની હોઈ શકે છે. જ્યારે તેની સ્પીડ ૬૦થી ૯૦ કિમી પ્રતિ કલાકની રહેવાની શક્યતા છે. ત્યારપછી આ ઓછા દબાણવાળો વિસ્તાર નિસર્ગ ચક્રવાતમાં ફેરવાઈ જશે. હવામાન વિભાગ અનુસાર આ વર્ષે ચોમાસું સામાન્ય રહેશે.



ચોમાસાએ નક્કી કરેલા સમયે કેરલમાં એન્ટ્રી કરી છે. મહત્વનું છે કે કેરલમાં થોડા દિવસથી પ્રી મોનસૂન વરસાદ થતો રહ્યો છે. રાજધાની તિરૂવનંતપુરમમાં આજે ભારે વરસાદ થયો છે.

કેરલમાં ભારે વરસાદ સાથે ભારતીય હવામાન વિભાગએ રાજ્યનાં ૯ જિલ્લાઓને યલો એલર્ટ જારી કરી દીધેલ છે. હવામાન વિભાગે કરેલનાં તિરૂવનંતપુરમ, કોલ્લમ, પઠાનમથિટ્ટા, અલાપુઝ્ઝા, કોટ્ટાયમ, એર્નાકુલમ, ઈડુક્કી, મલપ્પુરમ અને કન્નૂર જિલ્લાઓમાં યલો એલર્ટ જારી કરી દીધેલ છે.

કેરલનાં મોટા ભાગનાં વિસ્તારોમાં ભારે વરસાદ પણ શરૂ થઈ ગયો છે જેને લીધે તાપમાનમાં ખૂબ મોટો ઘટાડો થયો છે. હવામાન વિભાગનાં જણાવ્યાં અનુસાર તિરૂવનંતપુરમમાં દિવસનું તાપમાન ૨૫ ડિગ્રી સુધી ચાલ્યું ગયું છે. કેરલનાં દક્ષિણ કિનારાનાં વિસ્તારો અને લક્ષદ્વીપમાં છેલ્લાં ચાર દિવસોથી સતત વરસાદ થઈ રહ્યો છે.

તમને જણાવી દઈએ કે હવામાન વિભાગે શનિવારનાં રોજ આને ચોમાસાં પહેલા

અનુસંધાન પાના નં. ૬

૩-૪ તારીખની વચ્ચે ચોમાસાના કારણે દાદરા નગર હવેલી, દમણ, દીવમાં પણ ભારે વરસાદ પડવાની શક્યતા : કેરળમાં સમયસર આગમનથી મહારાષ્ટ્ર અને ગુજરાત સહિત ઉત્તર ભારતમાં ચોમાસુ વેળાસર આવશે,પ્રવાસી મજૂરોને ખેતીકામમાં રોજગારી મળવાની શક્યતા,આ વર્ષો ચોમાસુ સામાન્ય રહેશે

વ્યાજ માફી, ફુટપાથ પરના લોકો માટે લોનની ઘોષણા

ખેડૂતને વ્યાજ છૂટનો લાભ અને ચુકવણીમાં પણ અલગથી રાહત

૬૬ કરોડ લોકોને ફાયદો : ૫૫ કરોડ ખેતી પર આધારિત છે જ્યારે ૧૧ કરોડ લોકો એમએસએમઈમાં કામ કરે છે

નવી દિલ્હી

આજે પીએમ મોદીની અધ્યક્ષતામાં મંત્રીમંડળની બેઠક મળી, જેમાં એમએસએમઈ ક્ષેત્ર માટે અનેક ઐતિહાસિક ઘોષણા કરવામાં આવી. આ નિર્ણયોની અસર એમએસએમઈ, ખેડુતો અને શેરી વિક્રેતાઓના જીવન પર પડશે. એમએસએમઈને ભારતીય અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ કહેવામાં આવે છે, જેની સંખ્યા લગભગ ૬૦ કરોડ છે. કોવિડ રોગચાળા પછી, વડા પ્રધાને એ મ એ સ એ મ ઈ ની આત્મનિર્ભરતાને માન્યતા આપી હતી અને તેમને સમર્થન મળે તે માટે એક પેકેજ પણ આપવામાં આવ્યું હતું. જો જો જોવામાં આવે તો મોદી સરકારની ઘોષણાઓથી ૬૬ મિલિયન લોકોને ફાયદો થશે, જેમાંથી ૫૫ કરોડ ખેતી પર આધારિત છે, જયારે ૧૧ કરોડ લોકો એમએસએમઈમાં કામ કરી રહ્યા છે. આજની બેઠકમાં સ્વનિર્ભર ભારત પેકેજ અંતર્ગત ઘોષણાઓનો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. પ્રકાશ જાવડેકરે કહ્યું કે આ ઘોષણાઓથી એમએસએમઈ ક્ષેત્રે રોકાણ લાવશે અને રોજગારી .ભી થશે. સંકટમાં એમએસએમઈઓને ઈક્વિટી સહાય પ્રદાન કરવાની જાહેરાત કરવામાં આવી છે, જે અંતર્ગત રૂ .૨૦ હજાર કરોડની સહાયની જોગવાઈને મંજૂરી આપવામાં આવી છે.

અનુસંધાન પાના નં. ૬

યુએસમાં અશ્વેતના મોતની અગનજવાળા ૪૦ શહેરોમાં ફેલાઈ, કર્ફ્યુ લદાયો

વોશિંગ્ટન સહિત અમેરિકાના ૪૦ શહેરમાં કર્ફ્યુ

વ્હાઈટ હાઉસ સામે ભારે અને ઉગ્ર પ્રદર્શન દરમિયાન ટ્રમ્પને બંકરમાં લઈ જવાયા

વોશિંગ્ટન

અમેરિકામાં એક ગોરા પોલીસ દ્વારા જ્યોર્જ ફ્લોયડ નામના એક અશ્વેત નાગરિતના મોતનો ભારે વિરોધ વધી રહ્યો છે અને સુપર પાવરની રાજધાની વોશિંગ્ટન ડીસી સહિત ૪૦ શહેરમાં કર્ફ્યુ લગાવવાની સત્તાવાળાઓને ફરજ પડી છે..ગઈકાલે રવિવાર રાતે પણ પ્રદર્શનકારીઓએ રાષ્ટ્રપતિ ભવન વ્હાઈટ હાઉસ સામે ભારે પ્રદર્શન કર્યું હતું.પરિણામે સુરક્ષાદળોએ ટીયરગેસ છોડવો પડ્યો હતો. એક અહેવાલ મુજબ, શુક્રવારે વ્હાઈટ હાઉસ સામે ભારે વિરોધ પ્રદર્શન દરમિયાન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને થોડીવાર માટે અંડર ગ્રાઉન્ડ બંકરમાં લઈ જવા પડ્યા હતા.

સ્થાનિક ન્યૂઝ ચેનલના અહેવાલો દર્શાવે છે કે, વોશિંગ્ટન સહિત ૧૫ શહેરમાં લગભગ ૫ હજાર નેશનલ ગાર્ડ્સ તૈનાત કરાયા છે. અને બે હજાર ગાર્ડ્સને સ્ટેન્ડ ટૂ રહેવા કહેવામાં આવ્યું છે. એક સ્થાનિક અહેવાલ મુજબ, શુક્રવારે વ્હાઈટ હાઉસ સામે મોટી

અનુસંધાન પાના નં. ૬

રાશનકાર્ડ ધારક દેશમાં ક્યાંયથી અનાજ ખરીદી શકશે

વીસ રાજ્યોમાં વન નેશન વન રાશન કાર્ડ યોજના લાગુ

યોજનામાં અત્યારે ૬૭ કરોડ ગરીબોને મોટો ફાયદા થશે, માર્ચ ૨૦૨૧ સુધીમાં તેનો દેશવ્યાપી અમલ કરી દેવાશે

નવી દિલ્હી

કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી યોજના 'વન નેશન વન રાશન કાર્ડ' યોજના ૧ જૂનથી ૨૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લાગુ કરવામાં આવી છે. ૧ જૂનથી ઓરિસ્સા, સિક્કિમ અને મિઝોરમને આ યોજનામાં સામેલ કરવામાં આવ્યા છે. તેની સાથે તે રાજ્યોની સંખ્યા ૨૦ થઈ જશે. આ યોજનાનો ફાયદો તે રાશનકાર્ડ ધારકોને મળશે જે બીજા રાજ્યોમાં કામ કરે છે. રાશનકાર્ડ ધારક દેશની કોઈપણ જગ્યાએથી સરકારી રેશનની દુકાનમાંથી ઓછા ભાવે અનાજની ખરીદી કરી શકશે. આ યોજનામાં અત્યારે ૬૭ કરોડ લોકોને લાભ મળશે. ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી રામ વિલાસ પાસવાને જણાવ્યા પ્રમાણે, ''૮૧ કરોડ NFSA લાભાર્થીઓને દેશભરમાંથી કોઈપણ જગ્યાએથી રાશન મળે તે માટેની સુવિધા પ્રદાન કરવાની મહત્વાકાંક્ષી યોજના, વન નેશન વન રાશનકાર્ડ સરકારની નોંધપાત્ર સિદ્ધિ છે.× ૧ જૂન સુધીમાં ૨૦ રાજ્યો તેમાં જોડાશે અને માર્ચ ૨૦૨૧ સુધીમાં તેનો દેશવ્યાપી અમલ થશે. હાલમાં પશ્ચિમ બંગાળ, દિલ્હી, તમિળનાડુ, આસામ, અરુણાચલ પ્રદેશ, મેઘાલય, જમ્મુ કાશ્મીર, લદ્દાખ, ચંદીગઢ, પુડુચેરી, આંદામાન અને નિકોબાર, લક્ષદ્વીપ અને છત્તીસગઢમાં આ

અનુસંધાન પાના નં. ૬

રાજીવ ગાંધી આરોગ્ય વિજ્ઞાન યુનિવર્સિટીના દિવસ મોદીનું સંબંધોન

કોરોના યુદ્ધમાં આપણા તબીબી પ્રોફેશનલ્સનો વિજય થશે : મોદી

કોવિડ-૧૯ સામે લડાઈમાં ભૂમિકા નિભાવી રહેલા ડૉક્ટરો-આરોગ્ય સંભાળ કર્મચારીઓને અજેય યોદ્ધા ગણાવ્યા : ચાર સ્તંભની વ્યૂહરચના જાહેર કરી

નવી દિલ્હી

પ્રધાનમંત્રીએ આજે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી બેંગલુરુમાં યોજાયેલા રાજીવ ગાંધી આરોગ્ય વિજ્ઞાન યુનિવર્સિટીના ૨૫મા સ્થાપના દિવસ કાર્યક્રમને સંબોધન કર્યું હતું. પ્રધાનમંત્રીએ તેમના સંબોધન દરમિયાન, કોવિડ-૧૯ની પરિસ્થિતિનું સંચાલન કરવા માટે કર્ણાટક સરકારે કરેલા પ્રયાસોની પ્રશંસા કરી હતી. મોદીએ જણાવ્યું હતું કે, આજે આખી દુનિયા બીજા વિશ્વયુદ્ધ પછી સૌથી મોટી કટોકટીનો સામનો કરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, જે પ્રકારે વિશ્વ યુદ્ધ પહેલા અને પછીના તબક્કામાં આખી દુનિયામાં પરિવર્તન આવી ગયું તેવી જ રીતે, કોવિડ પહેલાં અને પછીની દુનિયામાં તફાવત જોવા મળશે. મોદીએ જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ સામે ભારતની હિંમતપૂર્વકની લડતના મૂળિયામાં તબીબી સમુદાય અને આપણા કોરોના યોદ્ધાઓનો અથાક પરિશ્રમ સમાયેલો છે. તેમણે દેશના ડૉક્ટરો અને તબીબી કર્મચારીઓ સૈન્યના યોદ્ધાઓ સાથે સરખાવ્યા હતા અને કહ્યું હતું કે, તેઓ સૈન્યના ગણવેશ વગરના યોદ્ધા છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ વાયરસ આપણો અદૃશ્ય દુશ્મન હોઈ શકે છે પરંતુ આપણા કોરોના યોદ્ધાઓ અજેય છે અને અદૃશ્ય વિરુદ્ધ અજેયની આ લડાઈમાં, આપણા તબીબી કર્મચારાઓનો ચોક્કસ વિજય થશે. પ્રધાનમંત્રીએ ટોળાની માનસિકતાનો ઉલ્લેખ કરી અગ્રણી હરોળમાં રહીને ફરજ નિભાવી રહેલા તબીબી કર્મચારીઓ સામે થતી હિંસાની ઘટનાઓ અંગે ઘેરી ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, આવી ઘટનાઓ ખતમ કરવા માટે સરકાર દ્વારા કેટલાક પગલાં લેવામાં આવ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, સરકારે અગ્ર હરોળમાં રહીને ફરજ નિભાવી રહેલા

અનુસંધાન પાના નં. ૬

મહામારીને લઈને રાજકારણ ન કરો હાઈકોર્ટની અપીલ

સરકારે કશું જ કર્યું ન હોત તો હજુ સુધી આપણે બધા મરી ગયા હોત : હાઈકોર્ટ

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટે કોરોના વાઈરસના સંદર્ભમાં કરેલી પીઆઈએલ અરજીની સુનાવણી કરતાં રવિવારે કહ્યું કે, જો અહીં જણાવવામાં આવ્યું છે તેમ જો સરકારે કોવિડ-૧૯ની પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે કંઈ કર્યું જ ન હોત તો આપણે બધા જ મૃત્યુ પામ્યા હોત. જેથી આ પહેલા અમે કોરોનાને નાથવા માટે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ કાર્યોની આલોચના કરતો જે આદેશ આપ્યો છે તેનો ઉપયોગ સરકારની આલોચના અને રાજકારણ ખેલવા માટે ન થવો જોઈએ. રવિવારે પોતાનો ચુકાદો આપતા ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ જે. બી. પારડીવાલાએ કહ્યું કે, અમારા અભિપ્રાય મુજબ, જાહેરહિતની અરજી (પીઆઈએલ) એવા લોકો માટે છે જેઓ નિરાધાર છે. તેમજ એ લોકો ફાયદા માટે છે જેઓ સામાજિક પછાતપણાને કારણે કોર્ટ સુધી પહોંચી શકતા નથી. જાહેરતહિતની અરજીઓ રાજકીય લાભ ખાંટવા માટે નથી હોતી જ્યાં તેને રાજકીય અખાડો બનાવો નહીં. અમે સ્પષ્ટ કરી દેવા માગીએ છીએ કે જાહેર હિતને ધ્યાનમાં રાખીને કોર્ટ દ્વારા આપવામાં આવેલ આદેશને કોઈપણ પ્રકારની ચર્ચા, ટીકા કે ટિપ્પણી કરતાં પહેલાં સાવધાન રહે. રાજયના સોલિસિટર જનરલ દ્વારા સુપ્રીમ કોર્ટમાં આ સપ્તાહની શરૂઆતમાં પ્રવાસી મજૂરોને લઈને દાખલ કરવામાં આવેલી માહિતીના આધારને લઈને ગુજરાત હાઈકોર્ટે વધુમાં આગળ કહ્યું કે, એવા લોકો જે કપરા સમયમાં મદદ માટે હાથ નથી લંબાવી શકતા, મોટી સંખ્યામાં લોકો માટે કશું જ નથી કરતા તેમણે કંઈક કરી રહેલી સરકારના કામકાજની ટીકા કરવાનો કોઈ અધિકાર નથી. જો રાજય સરકારે ખરેખર કશું જ કર્યું ન હોત તો કદાચ આપણે અત્યાર સુધી સૌ મરી ચૂક્યા હોત. હાઈકોર્ટે કડક શબ્દોમાં કહ્યું હતું કે, અમે ઓર્ડર ક્લોઝ કરીએ તે પહેલા કહેવા માગીએ છીએ કે હાલ સોશિયલ મીડિયા અને અન્ય પ્લેટફોર્મ પર ચાલી રહેલી બિનજરૂરી અને નાહકની ચર્ચાઓ તેમજ ટિપ્પણીઓ અમારા આદેશનો દુરઉપયોગ છે જે ન થવો જોઈએ. જાહેર

અનુસંધાન પાના નં. ૬

આર્થિક પ્રવૃતિઓ ધમધમવા લાગી, કરોડો લોકોને રાહત

સોશ્યલ ડિસ્ટન્સીંગના સહારે અનલોક-૧ના પહેલાં જ દિવસથી દેશ પાટે ચઢ્યો

ટ્રેનો-બસોનો વ્યવહાર શરૂ,દુકાનો-બજારો-કારખાના વગેરેમાં ધમધમાટ,રાત્રે ૯ થી સવારે ૫ સુધી સંચારબંધી, ૮મીથી મંદિરો, મલ્ટિપ્લેકસ, મોલ્સ, વગેરે ખુલશે

નવી દિલ્હી

આખરે ૬૮ દિવસ બાદ જાણે કે સમગ્ર દેશ દોડતુ થયુ હોય, ધમધમતુ બન્યું હોય તેવા દ્રશ્યો આજે ઠેરઠેર જોવા મળ્યા હતા. કેરોના લોકડાઉન-૫ કે જેને અનલોક-૧ એવું નામ આપવામાં આવ્યું છે તેની ગાઈડલાઈન પ્રમાણે આજે ગુજરાત સહિત અંદાજે ૯૫ ટકા દેશ પુનઃ દોડવા લાગ્યો હતો.. અર્થતંત્રની ગાડી ધમધમાટ દોડવા લાગી હતી. જાણે કે કેદમાંથી છૂટ્યા હોય તેમ મોટા ભાગના લોકો બહાર નિકળ્યા હતા. કેન્દ્ર સરકારના આદેશ અનુસાર આજથી આખા દેશમાં મોટાભાગની આર્થિક પ્રવૃતિઓ શરૂ થઈ ગઈ છે. આજથી 'અનલોક ૧.૦'નો પ્રારંભ થયો છે. એ સાથે જ દેશભરમાં સુરક્ષા, સાવધાની, સોશ્યલ ડીસ્ટન્સીંગ સાથે બજારો, દુકાનો, સરકારી ઓફિસો, બેંકો, પ્રાઈવેટ કંપનીઓ, ટ્રેનો, બસ સેવા વગેરેનો પ્રારંભ થઈ ગયો છે.જો કે સિનેમાના રસિયાઓ, શોપિંગના રસિયાઓ અને ધાર્મિકવૃતિના ભક્તોએ ૮મીથી સુધી રાહ જોવી પડશે. કેમ કે ૮મીથી મોલ, મંદિરો અને મલ્ટીપ્લેકસ ખુલી જશે. અલબત્ત, કોરોના વકરે નહિ તે માટે રાત્રે ૯ થી સવારે ૫ સુધી સંચારબંધી ચાલુ રહેશે. ૨૦૦ ટ્રેનોનો આજથી પ્રારંભ પણ થયો હતો.

દિલ્હી સહિત દેશના મોટા ભાગના શહેરો, રાજ્યો અને સંઘપ્રદેશમાં સામાન્ય સ્થિતિ ધીમે ધીમે જોવા મળી હતી. રસ્તાઓ પર ટ્રાફિક જામના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. સરકારી અને ખાનગી ઓફિસોમાં આજે અવરજવર અને ધમધમાટ જોવા મળ્યો હતો. દરેક રાજ્યોમાં આંતરિક બસ વ્યવહાર શરૂ કરવા પ્રયાસો પણ શરૂ થયા હતા. તો ધીમે ધીમે બે રાજ્યો વચ્ચે પણ એસટી બસ વ્યવહાર શરૂ થવા જઈ રહ્યો છે.

ગૃહ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, કન્ટેનમેન્ટ ઝોનમાં ૩૦ જૂન સુધી નિયંત્રણો રહેશે. તે સાથે જ સ્કૂલ, કોલેજો હજુ બંધ જ રહેશે. રાજ્યો રાજ્યો વચ્ચે આજથી આંતરરાજ્ય વાહનવ્યવહાર પણ શરૂ થઈ ગયો છે. આજથી મોટાભાગની છૂટછાટો સાથે આર્થિક પ્રવૃતિ શરૂ થતા લોકોને મોટી રાહત થઈ છે. આજથી જ બજારો સાંજે ૭ સુધી ખુલ્લામ રહેશે. કોરોના વાયરસને હરાવવાની નેમ સાથે સરકાર અને લોકોએ આજથી પુનઃ પોતાનુ કામકાજ શરૂ કરી દીધુ છે. દેશમાં આજથી અનલોક ૧ (હર્ડ્ઢિા ૧)નો અમલ થઈ રહ્યો છે. જેમાં શરતો સાથે છૂટછાટ આપવામાં આવી છે. જો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે તેમ સૌથી જરૂરી એ છે કે આ રાહત વચ્ચે પણ યાદ રાખવું જરૂરી કે કોરોનાનું જોખમ હજુ ટળ્યું નથી. આથી સાવચેત રહેવું ખુબ જરૂરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોવિડ ૧૯ સામેના યુદ્ધમાં કોઈ પણ પ્રકારની શિથિલતા પ્રદર્શિત કરનારા લોકોને સાવધ કર્યા અને તેમને વધુ સતર્કતા તથા સાવધાની રાખવાનું પણ કહ્યું છે. તેમણે કહ્યું કે બેદરકારી કે ઢીલું વલણ કોઈ વિકલ્પ હોઈ શકે નહીં.

આજે ૧ જૂનથી ૨૦૦ ટ્રેનોની શરૂઆત પણ રેલવે દ્વારા થઈ હતી.. પહેલા દિવસે ૧૪૫૦૦૦ મુસાફરો ટ્રેનમાં મુસાફરી કરવા જઈ રહ્યાં હતા. આખા મહિનામાં ૩૦ દિવસમાં ૨૬,૦૦,૦૦૦ મુસાફરોએ ટિકિટ બુક કરાવી છે.

આરએસી ટિકિટ મેળવનારા પણ મુસાફરી કરી શકશે. વેઈટિંગ લિસ્ટ બહાર તો પડશે પરંતુ ટ્રેનના સમય પહેલા જો ટિકિટ કન્ફર્મ નહીં થાય તો તેઓ મુસાફરી કરી શકશે નહીં. સૂત્રોએ કહ્યું કે, બીજા તબક્કામાં શાળા કોલેજો ખોલવા પર રાજ્ય સરકારો વિચાર કરશે. મેટ્રો, રેલવે અને આંતરરાષ્ટ્રીય ઉડાણો પર ત્રીજા તબક્કામાં જ નિર્ણય લેવાશે. હાલ થિયેટરો, જિમ અને સ્વિમિંગ પૂલ બંધ રહેશે. પરંતુ ત્રીજા તબક્કામાં તેને ખોલવા પર નિર્ણય લઈ શકાય છે. ખાસ વાત એ છે કે કન્ટેઈન્મેન્ટ ઝોનની અંદર બધુ જ બંધ રહેશે. પરંતુ કન્ટેઈન્મેન્ટ ઝોનની બહાર તબક્કાવાર રીતે બધુ ખોલવામાં આવશે.

૧૪.૨ કિલોના સિલિન્ડર પર ૧૧.૫૦નો વધારો

૧૯ કિલોના ગેસ સિલિન્ડર પર ૧૧૦નો વધારો ઝીંકાયો

દેશની ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ સબસિડી વગરના એલપીજી સિલિન્ડરના ભાવોમાં વધારાની જાહેરાત કરી

નવી દિલ્હી

કોરોના વાયરસ મહામારીના પ્રસારને રોકવા માટે લાગુ લૉકડાઉન ૫.૦ના પહેલા જ દિવસે સામાન્ય જનતાને મોટો આંચકો લાગ્યો છે. દેશની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (એચપીસીએલ, બીપીસીએલ, આઈઓસી)એ સબ્સિડી વગરના એલપીજી રાંધણ ગેસ સિલિન્ડરના ભાવોમાં વધારાની જાહેરાત કરી છે. ૧૪.૨ કિલોગ્રામ વાળા સબસિડી વગરના એલપીજી સિલિન્ડરના ભાવ દિલ્હીમાં ૧૧.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર મોંઘો થઈ ગયો. હવે નવા ભાવ વધીને ૫૯૩ રૂપિયા થઈ ગયો છે. બીજી તરફ ૧૯ કિલોગ્રામ વાળા સિલિન્ડરનો ભાવ ૧૧૦ રૂપિયા વધીને ૧૧૩૯.૫૦ રૂપિયા થઈ ગયો છે. આઈઓસીની વેબસાઈટ પર મૂકવામાં આવેલા ભાવ મુજબ, હવે દિલ્હીમાં ૧૪.૨ કિલોગ્રામવાળા સબ્સિડી વગરના રાંધણ ગેસ સિલિન્ડરનો ભાવ વધીને ૫૯૩ રૂપિયા થઈ ગયો છે જે ૫૮૧.૫૦ રૂપિયા હતો. બીજી તરફ, કોલકાતામાં ૬૧૬.૦૦ રૂપિયા, મુંબઈમાં ૫૯૦.૫૦ રૂપિયા અને ચેન્નઈમાં ૬૦૬.૫૦ રૂપિયા ભાવ થઈ ગયો છે જે ક્રમશઃ ૫૮૪.૫૦ રૂપિયા, ૫૭૯.૦૦ રૂપિયા અને ૫૬૯.૫૦ રૂપિયા હતો.

૧૯ કિલોગ્રામ વાળા એલજી રાંધણ ગેસ સિલિન્ડરના ભાવોમાં પણ વધારો નોંધાયો છે જે પહેલી જૂનથી લાગુ થઈ રહ્યો છે. દિલ્હીમાં ૧૯ કિલોગ્રામનો સિલિન્ડર ૧૧૦ રૂપિયા મોંઘો થયો છે. આ પહેલા ગેસ સિલિનડરનો ભાવ ૧૦૨૯.૫૦ રૂપિયા હતો જે પહેલી જૂનથી વધીને ૧૧૩૯.૫૦ રૂપિયા થઈ ગયો છે. આવી જ રીતે કોલકાતામાં તેના ભાવ વધીને ૧૧૯૩.૫૦ રૂપિયા, મુંબઈમાં ૧૦૮૭.૫૦ રૂપિયા અને ચેન્નઈમાં ૧૨૫૪.૦૦ રૂપિયા પર આવી ગયો છે.

લોકડાઉન દરમિયાન ભારતમાં ઉપયોગ વધ્યો હતો

વી ટ્રાન્સફર ડોટ કોમ પર સરકારે પ્રતિબંધ ફરમાવ્યો

વી ટ્રાન્સફર ફાઈલ શેરિંગ માટે પોપ્યુલર વેબસાઈટ છે

નવી દિલ્હી

ભારત સરકારના દૂરસંચાર વિભાગે પોપ્યુલર ફાઈલ શેરિંગ વેબસાઈટ વી ટ્રાન્સફર ડોટ કોમ પર પ્રતિબંધ લાદ્યો છે. સરકારનું કહેવુ છે કે દેશ અને પ્રજાના હિતોને ધ્યાનમાં રાખીને વેબસાઈટ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. દૂરસંચાર વિભાગે દેશમાં ત્રણ URL પર પ્રતિબંધ મૂકવા માટે ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સને નોટિસ પાઠવી હતી, પહેલી બે નોટિસમાં વેબસાઈટ પર બે URL અને ત્રીજી નોટિસમાં સમગ્ર આ વેબસાઈટને પ્રતિબંધિત કરવાના આદેશ આપવામાં આવ્યા હતા. વી ટ્રાન્સફર ફાઈલ શેરિંગ માટે પોપ્યુલર વેબસાઈટ છે. દુનિયાભરમાં લાખો લોકો આ વેબસાઈટનો ઉપયોગ કરતા આવ્યા છે અને લોકડાઉન દરમિયાન ભારતમાં આ વેબસાઈટના યૂઝર્સમાં ભારે વધારો જોવા મળ્યો હતો, આ વેબસાઈટની મદદથી ૨ જીબી સુધી ફાઈલ ઈમેલ થ્રૂ મોકલી શકાયછે. વેબસાઈટના પેઈડ પ્લાન દ્વારા યૂઝર્સ હાઈ રેઝોલ્યુશન અને સાઈઝની ફાઈલ પણ મોકલી શકે છે.જોકે મોટાભાગના લોકો વેબસાઈટના ફ્રી પ્લાનનો ઉપયોગ કરી રહ્યા હતા. સરળ પ્રક્રિયાને લીધે ભારતમાં તેનો ઉપયોગ વધ્યો હતો. જોકે સરકાર તરફથી આ વેબસાઈટને બંધ કરવાના નિર્ણય પર કોઈપણ પ્રકારની સ્પષ્ટતા જાહેર કરવામાં આવી નથી. દેશમાં મોટાભાગના ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સ આ સાઈટને પ્રતિબંધિત કરી ચૂક્યા છે. સરકાર અનેક વેબસાઈટ્સ બૈન કરી ચૂકી છે.

લોકસભા ચૂંટણી ૨૦૧૯ દરમિયાન મિનિસ્ટ્રી ઓફ ઈન્ફર્મેશન એન્ડ ટેકનોલોજીએ માહિતી આપી હતી કે દેશમાં પ્રતિબંધિત કરવામાં આવતી ઁન્માં ૪૪૨ ટકાનો વધારો જોવા મળ્યો છે. જેમાંથી મોટાભાગની વેબસાઈટ્સ મૈલવેયર અને પોર્નોગ્રાફીને લીધે બંધ કરવાના આદેશ આપવામાં આવ્યા હતા.

અનલોક-૧: શેરબજારમાં તેજીઃ સેન્સેક્સમાં ૮૭૯ પોઈન્ટનો ઉછાળો

(જી.એન.એસ)મુંબઈ,તા.૧

સરકાર દ્વારા જાહેર 'અનલોક ૧'નો પહેલો દિવસ ભારતીય શેરબજાર માટે સારો રહ્યો છે. ઉછાળા સાથે ખુલ્યા બાદ દિવસભરની વધઘટ પછી અંતિમ સેશનમાં પણ શેર માર્કેટમાં તેજી યથાવત રહી છે. બીએસઈ પર બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૮૭૯ અંક અથવા ૨.૭૧ ટકા ઉછળીને ૩૩,૩૦૩ પર બંધ આવ્યો છે.

જ્યારે નિફ્ટી ૫૦ આંક પણ ૨૪૫ પોઈન્ટ કૂદીને ૯,૮૨૬ નજીક સેટલ થયો છે. બેંક નિફ્ટીની વાત કરીએ તો આજે ઈન્ડેક્સ ૬૬૨ અંકના ઉછાળા સાથે ૧૯,૯૫૯ નજીક બંધ આવ્યો છે. ઉપરાંત બીએસઈ પર મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૨.૬૫ ટકા અને ૩.૦૩ ટકા વધીને સેટલ થયા છે. વિવિધ સેક્ટર્સની વાત કરીએ તો આજે લગભગ તમામ સેક્ટર્સ વધીને બંધ આવ્યા છે. અમેરિકી ડોલર સામે રૂપિયો પ્રારંભિક આંકડાના પ્રમાણે ૮ પૈસા મજબૂત થઈ ૭૫.૫૪ રૂપિયા પ્રતિ ડોલર પર બંધ થયો છે. ઘરેલુ અર્થવ્યવસ્થા ફરીથી ખૂલવાની સરકારની યોજનાથી માર્કેટને સપોર્ટ મળ્યો છે. આ પહેલા શુક્રવારે ડોલર સામે રૂપિયો ૭૫.૬૨ ની સપાટીએ બંધ આવ્યો હતો.

રેલવેના કેટલાક કર્મચારીઓએ સૈનિક ટ્રેનની મૂવમેન્ટની ગોપનીય માહિતી આપી હોવાની આશંકા

ભારતીય રેલવેના કેટલાક કર્મચારી પણ આર્મી ઈન્ટેલિજન્સ, આઈબી અને સ્પેશલ સેલના રડાર પર

નવી દિલ્હી

પાકિસ્તાની જાસૂસ કાંડમાં એક નવો ખુલાસો થયો છે. ભારતીય રેલવેના કેટલાક કર્મચારી પણ આર્મી ઈન્ટેલિજન્સ, આઈબી અને સ્પેશલ સેલના રડાર પર આવી ગયા છે. કેટલાક કર્મચારીઓ પાકિસ્તાની જાસૂસો સાથે ભળી ગયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ૩-૪ કર્મચારીઓને પૂછપરછ માટે બોલાવવામાં આવી શકે છે. આ કર્મચારીઓ પાસેથી કઈ જાણકારી કે દસ્તાવેજ લેવામાં આવ્યા હતા અને ક્યારે-ક્યારે તેમની મુલાકાત થઈ હતી, તે અંગે જાણકારી મેળવવામાં આવશે.

એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે રેલવેના કર્મચારી મૂવમેન્ટ ડીપાર્ટમેન્ટ સાથે સંકળાયેલા હોઈ શકે છે. રેલવેનું આ ડિપાર્ટમેન્ટ જ સેનાના યૂનિટને ટ્રેનથી એક સ્થળેથી બીજા સ્થળે મોકલવાનું કામ કરે છે. મળતી જાણકારી મુજબ, આમ તો દિલ્હી પોલીસના સ્પેશલ સેલે આ જાસૂસોના મોબાઈલ ફોનમાંથી ડેટા અને જાણીકારી લઈ લીધા છે. સાથોસાથ આ જાસૂસોની મૂવમેન્ટ દેશમાં ક્યાં-ક્યાં થઈ, એના વિશે પણ જાણકારી મેળવી લેવામાં આવી છે.

ઈન્ટેલિજન્સ એજન્સીઓ મુજબ, ISIના કહેવા પર આ ત્રણેય જાસૂસ પાકિસ્તાની હાઈ કમીશનમાં ઉપયોગમાં લેવાતા તમામ દસ્તાવેજ જેમ કે આધાર કાર્ડ અને બીજા દસ્તાવેજો દ્વારા નકલી નામથી SIM કાર્ડ ઈસ્યૂ કરાવી લેતા હતા. ત્યારબાદ ભારતીય સેનાના નાના રેંકના કર્મચારીઓ, અધિકારીઓને પોતાની જાળમાં સફાવવાનો પ્રયાસ પણ કરતા હતા.

MI અને સ્પેશલ સેલે ગત મહિને સતત પાકિસ્તાની હાઈકમીશનના આ બંને કર્મચારીઓ અને તેમના ડ્રાઈવર પર નજર રાખવાનું શરૂ કર્યું અને પછી રવિવાર સાંજે કરોલ બાગ વિસ્તારમાં સુરક્ષા એજન્સીઓના એક અધિકારીએ ભારતીય સેનાના એક કર્મચારી બની આબિદ અને તાહિર સાથે એક મીટિંગ ફિક્સ કરી.ઘટનાસ્થળેથી પકડી લેવામાં આવ્યાં હતા.

પ્લાન મુજબ, ભારતીય સેનાના ડમી કર્મચારીએ પોતાના માટે એક સ્માર્ટફોન અને ૧૫ હજાર રોકડની ડિમાન્ડ કરી. જેને આપવા માટે જ્યારે પાકિસ્તાન હાઈકમીશનના ડ્રાઈવર જાવેદ, તાહિર અને આબિદને લઈને કરોલ બાગ પાકિસ્તાન હાઈકમીશનની કારથી પહોંચ્યા ત્યારે, સ્પેશલ સેલે ત્રણેયને ઘટનાસ્થળે મોબાઈલ ફોન અને રોકડ સાથે ઝડપી લઈને કસ્ટડીમાં લઈ લીધા હતા.

અમેરિકામાં ૬ લાખ કોરોના દર્દીઓ સારવાર પછી સાજા થયા, ૧૮.૩૭ લાખ કેસ નોંધાયા

કતારમાં કોરોના સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે, બાંગ્લાદેશે લોકડાઉન હટાવ્યું

ન્યૂયોર્ક

અમેરિકામાં અત્યાર સુધીમાં ૧૮.૩૭ લાખ કેસ નોંધાયા છે. જેમાં ૧ લાખ ૬ હજાર ૧૯૫ લોકોના મોત થયા છે. છ લાખ લોકોને સારવાર પછી રજા અપાઈ છે. કતારમાં ૨૪ કલાકમાં ૧૬૪૮ કેસ નોંધાયા છે. અહીં ઝડપથી સંક્રમણ વધી રહ્યુ છે. અહીં ૫૬ હજાર ૯૧૦ લોકો સંક્રમિત છે.૩૮ લોકોના મોત થયા છે. અહીં ૨૨ લાખથી વધારે ટેસ્ટ થયા છે.

સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે અને ડોક્ટરોની ચેતવણી છતા બાંગ્લાદેશ સરકારે લોકડાઉનમાં છૂટ આપી છે. અહીં સંક્રમણનું જોખમ શહેરોમાં વધારે છે. સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે અમે લોકડાઉન હટાવી રહ્યા છીએ. રવિવારે અહીં ૨૫૪૫ કેસ નોંધાયા હતા અને ૪૦ લોકોના મોત થયા છે. બાંગ્લાદેશમાં કુલ ૪૭ હજાર ૧૫૩ કેસ નોંધાયા છે અને ૬૫૦ લોકોના જીવ ગયા છે.

સંક્રમણની દ્રષ્ટિએ જર્મની અને ફ્રાન્સને પાછળ છોડીને ભારત સાતમાં નંબરે આવી ગયું છે. ભારતમાં અત્યાર સુધીમાં ૧.૯૦ લાખથી વધારે કેસ નોંધાયા છે. ફ્રાન્સમાં ૧.૮૯ લાખ કેસ અને જર્મનીમાં ૧.૮૩ લાખ કેસ નોંધાયા છે.

ભારત સંદર્ભે અમેરિકાના વિદેશમંત્રીનું વલણ

ચીનની સૈન્ય ક્ષમતાઓ સામે પહોંચી વળવા અમે સાથી દેશોનો સાથ લઈશુઃ પોમ્પિયો

'અમે સાથી દેશોના સારા ભાગીદારી હોઈ શકીએ છીએ'

વોશિંગ્ટન

અમેરિકાના વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ કહ્યું કે, અમેરિકા ચીની સેનાઓની ક્ષમતાને ધ્યાનમાં રાખીને ભારત સહિત દુનિયામાં અમારા સહયોગી દેશોનો સાથ લઈશું. ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યૂમાં પોમ્પિયોએ કહ્યું કે, ચીનની સેનાએ જે પ્રગતિ કરી છે, તેને સત્ય માની શકાય છે. શી જિનપિંગ સૈન્ય શક્તિ વધારવા માંગે છે. ચીન લાંબા સમયથી ભારત માટે જોખમ ઊભું કરી રહ્યું છે. તેની સામે લડવા માટે ઘણા દેશોનો સાથ લઈશું.

પોમ્પિયોના જણાવ્યાં પ્રમાણે, અમેરિકન રક્ષા વિભાગ ચીની સેનાથી થનારા જોખમને સમજવા માટે જરૂર પગલા લઈ રહ્યો છે. મને વિશ્વાસ છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પના નેતૃત્વમાં આપણી સેના, રક્ષા વિભાગ અને સૈન્ય સંસ્થાન એટલા મજબૂત છે કે અમેરિકાના લોકોની રક્ષા હંમેશા કરી શકશે.

અમેરિકન વિદેશ મંત્રીએ કહ્યું, અમે ભારત, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ કોરિયા, જાપાન અને બ્રાઝિલ સહિત દુનિયાના તેમના સાથી દેશોના સારા ભાગીદાર હોઈ શકે છે. એનાથી એ પણ નક્કી થઈ જશે કે પશ્ચિમ દેશોમાં આઝાદીનું જે અમેરિકન મોડલ છ તે આ દેશોમાં પણ હોવું જોઈએ. ભારત ચીન સીમા વિવાદ અંગે પોમ્પિયોએ કહ્યું કે, આ વિવાદ માર્ચથી ચાલી રહ્યો છે. ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટી તેના ફાયદા માટે આવું કરી રહી છે. જોકે, ચીન લાંબા સમયથી ભારત માટે આ જોખમ ઊભું કરી રહ્યું છે

કોરોના આકાર બદલીને પશુઓમાંથી મનુષ્યોમાં દાખલ થાય છેઃ સંશોધનમાં નવુ તારણ

હ્યુસ્ટન

કોરોના વાયરસને નાથવા માટે દુનિયાભરના દેશો તેની પર રિસર્ચ કરી રહ્યા છે, આ દરમિયાન એક રિસર્ચમાં મહત્વનો ખુલાસો સામે આવ્યો છે. દુનિયાભરમાં ફેલાઈ ચૂકેલા કોરોના સંક્રમણને લઈને એક સવાલ એ પણ ઉભો થયો હતો કે પશુઓમાં રહેલો આ વાયરસ મનુષ્યમાં કેવી રીતે આવ્યો. આ મુદ્દે કરાયેલા એક અધ્યયનમાં સામે આવ્યુ છે કે કોરોના વાયરસ તેનો આકાર બદલીને પશુઓમાંથી માનવ શરીરમાં દાખલ થવા માટે સક્ષમ છે. રિસર્ચમાં કોવિડ-૧૯ અને પશુઓમાં આ પ્રકારના અલગ-અલગ વાયરસનો અભ્યાસ કરાયો હતો જે દરમિયાન ખાતરી કરવામાં આવી હતી કે કોરોના વાયરસ ચામાચિડીયાને સંક્રમિત કરે છે.

આ રિસર્ચ ટીમમાં અમેરિકાના અલ પાસોમાં ટેક્સાસ યૂનિવર્સિટીના વિજ્ઞાનીઓ પણ સામેલ હતા. આ અભ્યાસમાં કહેવામા આવ્યુ છે કે, સાર્સ-કોવ-૨ વાયરસની મનુષ્યોને ચેપી કરવાની ક્ષમતા સ્તનધારી પ્રાણી પેંગોલિનને સંક્રમિત કરતા કોરોના વાયરસ સાથે જિન આદાન-પ્રદાન સાથે જોડાયેલ છે. રિસર્ચમાં સામે આવ્યુ છે કે આ વાયરસ તેના આનુવંશિક ગુણોમાં ફેરબદલ કરી મેજબાન કોશિકાઓમાં જીવંત રહી શકે છે. આ જ ક્ષમતાને લીધે આ ઘાતક એક પ્રજાતિમાંથી બીજી પ્રજાતિમાં દાખલ થઈ શકે છે.

માઈક્રોસોફ્ટમાં પત્રકારોને જગ્યાએ હવે 'રોબોટ' કરશે કામ, પત્રકારો બન્યા બેરોજગાર

કેલિફોર્નિયા

ટેક્નોલોજીનો ઉપયોગ લોકોનું જીવન સરળ કરવા માટે સરળ હોય છે, પરંતુ શું થાય જ્યારે ટેક્નોલોજીના લીધે લોકોની રોજીરોટી પર જ સંકટ આવી જાય? અમેરિકાની દિગ્ગજ ટેક કંપની માઈક્રોસોફ્ટએ પોતાના ડઝનો પત્રકારોને નોકરીમાંથી કાઢી મુક્યા છે અને તેમની જગ્યા આર્ટિફિશિયલ ઈંટેલિજેંસ સોફ્ટવેરને આપી દીધી છે. તે કર્મચારી જે માઈક્રોસોફ્ટ ની એમએસએન વેબસાઈટ પર ન્યૂઝ હોમપેજ અને બ્રિટનના લાખો લોકો દ્વારા દરરોજ ઉપયોગ કરવામાં આવતા ીક્ષ્ની હ્યુજીનિ સંભાળે છે, તેમણે કહ્યું કે હવે કંપનીને તેમની કોઈ જરૂર નથી, કારણ કે હવે રોબોટ તેમનું કામ કરી શકે છે. પીએ મીડિયા (જે પહેલા પ્રેસ એસોસિએશન હતી) દ્વારા નોકરી રાખવામાં આવેલા ૨૭ કર્મચારીઓને કહેવામાં આવ્યું હતું કે એક મહિનામાં તેમની નોકરી જવાની છે.

કારણ કે માઈક્રોસોફ્ટ પોતાના હોમપેજ સમાચારોના સિલેક્શન, સંપાદન અને ક્યૂરેટ કરવા માટે મનુષ્યોને નોકરી ન આપવાનો નિર્ણય કર્યો છે. માઈક્રોસોફ્ટએ પોતાના નિવેદનમાં કહ્યું કે 'તમામ કંપનીઓની માફક અમે પણ નિયમિત રૂપથી અમારા બિઝનેસનું મૂલ્યાંકન કરીએ છીએ. જેના પરિણામ સ્વરૂપ કેટલીક જગ્યાઓ પર રોકાણ કરવામાં આવે છે અને સમયાંતરે ઉત્પાદન વધારવા માટે વ્યવસ્થામાં સુધારો કરી શકાય છે.

આ નિર્ણય હાલની મહામારીના કારણે લેવામાં આવ્યો નથી. માઈક્રોસોફ્ટ જેવી અન્ય ટેક કંપનીઓ સમાચાર સંગઠનો પાસેથી તેમની સામગ્રી પોતાની વેબસાઈટ પર ઉપયોગ કરવા માટે ચૂકવણી કરે છે. પરંતુ પત્રકાર નક્કી કરે છે કે કયા સમાચાર બતાવવા છે અને કઈ રીતે રજૂ કરવાના છે. એક રિપોર્ટ અનુસાર લગભગ ૫૦ કોન્ટ્રક્ટ ન્યૂઝ પ્રોડ્યૂસર જૂનના અંત સુધી પોતાની નોકરી ગુમાવી દેશે, પરંતુ પૂર્ણકાલિક પત્રકારોની ટીમ પર કોઈ ખતરો રહેશે નહી.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ **MARKET4U (OPC) PVT. LTD.** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U (OPC) PVT. LTD.**ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U (OPC) PVT. LTD.**નું નવું સાહસ **WWW.CONNECTINDIANS.IN**

MARKET4U (OPC) PVT. LTD.ના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને **MARKET4U (OPC) PVT. LTD.** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **MARKET4U (OPC) PVT. LTD.** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

કોફીના અનેક ફાયદા

જ્યારે પણ અમને ઉંઘ આવે છે અથવા તો થાકનો અનુભવ થાય છે ત્યારે અમે સામાન્ય રીતે કોફીનો ઉપયોગ કરીએ છીએ. કોફી પિવાના અનેક ફાયદા રહેલા છે. દાખલા તરીકે કોફી પિવાથી હાર્ટ અને દિમાગ સાથે સંબંધિત બિમારી થવાનો ખતરો ઓછો રહે છે. હવે વ્યાપક અભ્યાસ બાદ એવી બાબત પણ ઉભરીને સપાટી પર આવી છે કે જે લોકો કિડની સંબંધિત બિમારીથી ગ્રસ્ત છે અને પરેશાનીનો સામનો કરી રહ્યા છે તે લોકો જો કોફી પિવે તો તેમને વધારે ફાયદો થાય છે. કિડનીના દર્દીઓમાં મોતના જોખમને પણ તે ઘટાડી દેવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં આ બાબત ઉભરીને સપાટી પર આવી છે. આ અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે કોફી પિવાના કારણે એવા લોકોમાં મોતનો ખતરો ઓછો થઈ જાય છે જે કિડનીની ગંભીર બિમારીથી પરેશાન થયેલા છે. આ અભ્યાસમાં એવા દર્દીની સરખામણી ઓછા પ્રમાણમાં કોફી પિનાર સાથે કરવામાં આવી હતી. અભ્યાસ કરવામાં આવ્યા બાદ જે રિઝલ્ટ આવ્યા તે દર્શાવે છે કે જે વધારે પ્રમાણમાં કોફી પિતા હતા તે દર્દીઓમાં કિડની સંબંધિત બિમારીના કારણે થતા મોતના પ્રમાણમાં ૨૫ ટકા સુધીનો ઘટાડો થઈ ગયો હતો. શોધ કરનાર લોકોના કહેવા મુજબ કોફી કિડની સંબંધિત બિમારીમાં એક સુરક્ષા કવચ ઉપલબ્ધ કરાવે છે. તેના સંભવિત કારણ એ હોઈ શકે છે કે નાઈટ્રિક એસિડની અસર વધારે થાય છે. હકીકતમાં કોફીનાઈટ્રિક એસડ નામના તત્વને રિલિજ કરવામાં મદદ કરે છે. તે તત્વ કિડનીના કામને સુધારી દેવામાં ઉપયોગી સાબિત થાય છે. આ અભ્યાસના મુખ્ય લેખક મિગુલ વિયરાએ કહ્યુ છે કે આ પરિણામથી જાણવા મળે છે કે જે દર્દી કિડનીની ગંભીર બિમારીથી ગ્રસ્ત છે તે દર્દીએ કોફી વધારે પ્રમાણમાં ઉપયોગ કરવી જોઈએ. કારણ કે આના કારણે મૃત્યુ દરમાં ઘટાડો થઈ જાય છે. જર્નલ નેફ્રોલોજી ડાયલિસીસ ટ્રાન્સપ્લાન્ટેશમાં પ્રકાશિત કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે આ અભ્યાસના યોગ્ય તારણ પર પહોંચવા માટે ૪૮૬૩ લોકોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. તેમના ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અન્ય એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દૂધ વગર ચા પીવાથી વજનને ઘટાડવામાં મદદ મળે છે. વજન ઘટાડવામાં દૂધ વગરની ચા ખૂબ જ ઉપયોગી છે. વૈજ્ઞાનિકોએ વ્યાપક અભ્યાસ કર્યા બાદ કહ્યું છે કે ચાની અંદર ઉચ્ચસ્તરીય ઘટકો રહેલા છે. જે ફેટના પ્રમાણને ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે, થીઆફ્લેવીન્સ અને થીઆરૂબીગીન નામે ઓળખાતા ઘટકો સ્થુળતાને ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. હાઈ ફેટ ડાઈટ ઉપર જ્યારે ઉંદરોમાં આ પ્રકારના પ્રયોગો કરવામાં આવ્યા ત્યારે તેનો ફાયદો થયો હતો. અને આના પરિણામ પણ ઈચ્છિત રહ્યા હતા. સંશોધકો હવે માને છે કે આ નવા પરિણામથી ઘણી બાબતો જાણી શકાશે. ચાની અસરકારક અસરમાંથી બ્રિટનના લોકો લાભ લઈ રહ્યા નથી. વિશ્વના દેશોમાં ચાનું ઉપયોગ કરનારાઓમાં બ્રિટનના લોકોની સંખ્યા ખુબ મોટી છે.

કોફીથી હાર્ટ અને દિમાગની સાથે સંબંધિત કેટલીક બિમારીનો ખતરો ઓછો થાય છે

ખાસ બાબતોનુ ધ્યાન રખાશે તો કોરોનાથી બચી શકાય છે

ઓફિસ માટે કોરોના સેફ્ટી ટિપ્સ

કોરોના વાયરસની અસર ઝડપથી ફેલાઈ રહી છે. એક પછી એક ભારતીય રાજ્યો પણ કોરોના સકંજામાં આવી રહ્યા છે. ભારતમાં પણ ધીમી ગતિએ કેસો સપાટી પર આવ્યા બાદ હવે કેસોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. ઓફિસમાં કામ કરનાર લોકો પણ કોરોના વાયરસને લઈને સાવધાન થઈ ગયા છે. ઓફિસ માટે કોરોના વાયરસ સેફ્ટી ટિપ્સ નિષ્ણાંતો અને તબીબો આપી ચુક્યા છે જેના પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક હદ સુધી બિમારીને દુર રાખી શકાય છે. કોરોના વાયરસ ઈન્ફેક્શન ઝડપથી ફેલાઈ રહ્યો છે ત્યારે જે લોકો ઓફિસમાં કામ કરી રહ્યા છે તે લોકોને કેટલીક બાબતો પર ધ્યાન રાખવાની જરૂર છે. હાલના સમયમાં દુનિયાના ૨૧૩દેશો કોરોના વાયરસના સકંજામાં આવી ચુક્યા છે. ભારતમાં પણ લાખો લોકો ટેસ્ટ પોઝિટીવ આવી ચુક્યા છે. ઓફિસ એરિયામાં કેટલાક લોકો જુદી જુદી રીતે બેસે છે. ઓફિસમાં નોકરી કરનાર લોકો જુદા જુદા વિસ્તારમાંથી પહોંચે છે. એવુ પણ શક્ય છે કે કેટલાક લોકો ઈન્ફેક્શનથી ગ્રસ્ત હોઈ શકે છે. ઈન્ફેક્શનથી બચવા માટે કેટલીક બાબતોને ધ્યાનમાં લેવામાં આવે તે જરૂરી છે. હકીકતમાં કોરોના વાયરસવાળા વિસ્તારમાંથી કોઈ વ્યક્તિ પ્રવાસ કરે છે તો આવા લોકો ઓફિસમાં એકબીજાને મળે છે ત્યારે ખતરો વધી જાય છે. આવા લોકો આપની ડેસ્ક સુધી પણ પહોંચે છે. આવા લોકોથી સાવધાન રહેવાની જરૂર છે. નિષ્ણાંત લોકો કહે છે કે ઓફિસ પહોંચી ગયા બાદ ડેસ્કને પોતે સાફ કરવામાં આવે તો ફાયદાકારક છે. તમારી ઓફિસમાં જો કોઈ વ્યક્તિ કોરોના વાયરસથી ગ્રસ્ત છે તો આવા લોકો આપની ડેસ્ક પર કોરોના વાયરસ છોડી શકે છે. હકીકતમાં જો કોઈ અસરગ્રસ્ત



ઓફિસ પહોંચી ગયા બાદ ડેસ્કને પોતે દરરોજ સાફ કરવાની બાબત ખુબ મદદરૂપ થાય છે : શરદીથી પિડિત વ્યક્તિથી દુર રહેવાની જરૂર

વ્યક્તિ આપની ડેસ્કને સ્પર્શ કરે છે તો પણ આપની ડેસ્ક કોરોના ડેસ્કથી ગ્રસ્ત બની જાય છે. જેથી ક્લિનિંગ જેલથી ડેસ્ક પર સાફ સફાઈ જરૂરી છે. કોરોના વાયરસથી બચવા માટે અન્ય એક ટિપ્સ એ છે કે શરદી ઉધરસવાળી વ્યક્તિથી દુર રહેવાની જરૂર છે. કોરોના વાયરસના લક્ષણ શરદી ઉધરસ પહેલા છે. ઓફિસમાં કેટલાક લોકોને નોર્મલ શરદી અને ઉધરસ હોય છે. કેટલાક લોકો શંકાસ્પદ હોઈ શકે છે. આવી સ્થિતીમાં ઓફિસમાં શરદી ઉધરસની અસરવાળી વ્યક્તિથી દુર રહેવાની જરૂર હોય છે. આ બાબતનુ ધ્યાન રાખવાની જરૂર છે કે જો આવા લોકો પાસે પહોંચો ત્યારે કેટલાક અંતરથી વાત કરવામાં આવે તે જરૂરી છે. ઓફિસમાં મળવા માટે આવતા લોકોને મળતી વેળા પણ કેટલીક સાવધાની જરૂરી હોય છે. કોરોના વાયરસ પર્સન ટુ પર્સન જ સૌથી વધારે ફેલાય છે. જેથી આપને ખાસ બાબત જે ધ્યાનમાં રાખવા જેવી છે તે એ છે કે તમે કેવા લોકોને મળી રહ્યા છો. એવુ બની શકે છે કે ઓફિસમાં આપને મળવા માટે આવેલી સહ કર્મચારીને કોઈ કોરોનાના લક્ષણ હોઈ શકે છે. આવી સ્થિતીમાં તમે પણ ઈન્ફેક્શનના સકંજામાં આવી શકો છો. જેથી ઓફિસમાં જો કોઈ વ્યક્તિ આવે ત્યારે હેન્ડસેક કરવાના બદલે એક મીટરથી દુરી રાખીને વાત કરી શકાય છે. કેન્ટીનમાં જતી વેળા પણ કેટલીક વાતોને ધ્યાનમાં રાખી શકાય છે. કોરોના વાયરસના લક્ષણ સંપૂર્ણરીતે દેખાવવામાં થોડોક સમય લાગે છે. જેથી ઓફિસમાં જુદા જુદા સેક્શનના લોકો કેન્ટીનમાં જ્યારે ભેગા થાય ત્યારે સાવચેતી જરૂરી હોય છે. હાલના દિવસોમાં કેન્ટીનની મુલાકાતને ટાળવાની જરૂર છે. જો કેન્ટીનમાં જવુ છે તો એવા લોકો સાથે જવાની જરૂર છે જે સંપૂર્ણપણે સ્વસ્થ છે. સામાન લેતી વેળા પણ કાળજી જરૂરી છે. ઓફિસમાં લોકો સાથે તમામ લોકો કઈને કઈ શેયર કરે છે. આ શેયરિંગ દરમિયાન તમે કેટલીક ચીજોને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. અમે ઓફિસમાં કેટલાક લોકો દ્વારા છોડી દેવામાં આવેલી ચીજોને પોતાના હાથથી સ્પર્શ કરી લઈએ છીએ. આ ગાળા દરમિયાન છીંક અથવા તો ખાસી થી પરેશાન લોકો પોતાના ઈન્ફેક્શન તમને આપી શકે છે. કોરોના વાયરસનો કાળો કેર દુનિયાના ૨૧૩ દેશમાં છે.

વિશ્વની સૌથી મોટી સ્પેસ એજન્સીનુ વાર્ષિક બજેટ ૧૨૦૦૦૦ કરોડ

નાસામાં કેરિયર સપનાને સાકાર કરો

નાસા વિશ્વની સૌથી મોટી સ્પેસ એજન્સી તરીકે છે. આ વૈજ્ઞાનિકો, અંતરિક્ષ યાત્રી અને એન્જિનિયરિંગના ક્ષેત્રમાં જોરદાર રીતે સક્રિય છે. તેની સમગ્ર વિશ્વમાં એક અલગ પ્રકારની પ્રતિષ્ઠા રહેલી છે. નાસાએ એવી એવી સિદ્ધીઓ હાંસલ કરી છે જે સિદ્ધીઓ અંગે માત્ર કલ્પના જ કરી શકાય છે. અહીંના વૈજ્ઞાનિકોની કુશળતાની નોંધ આજે પણ વિશ્વના દેશો લઈ રહ્યા છે. નાસામાં પણ કેરિયર બનાવવા માટેની તક રહેલી છે. નાસામાં કામ કરવાની મહત્વકાંક્ષા કોઈ પણ વ્યક્તિ પૂર્ણ કરી શકે છે. નાસાનુ નામ આવતાની સાથે જ તારલા, ગ્રહો અને રોકેટેસ, સેટેલાઈટ અને આકાશ જેવી બાબતો ધ્યાનમાં આવી જાય છે. નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા) અમેરિકાની ટોપની સ્પેસ એજન્સી તરીકે છે. તેના વૈજ્ઞાનિકો ૨૦૦ કરતા પણ વધારે સ્પેસ મિશન પર કામ કરે છે. નાસાના કર્મચારીઓની સંખ્યા આશરે ૧૯૦૦૦ જેટલી રહેલી છે. વાર્ષિક બજેટની વાત કરવામાં આવે તો બજેટ ૧૨૦૦૦૦ કરોડની આસપાસ છે. આ સ્પેસ એક્સપ્લોરેશન સ્પેસ મિશન અને રોબોટિક રિસર્ચ પર ખર્ચ કરવામાં આવે છે. નાસાના કામની વાત કરવામાં આવે તો તે વૈજ્ઞાનિક શોધ કાર્યોને સંચાલિત કરે છે. સૌરમંડળ અને બહારના ગ્રહ અને બ્રહ્માન્ડ અને અન્ય તમામ બાબતોમાં અભ્યાસ કરે છે. અંતરિક્ષ સાથે સંબંધિત બાબતોમાં અભ્યાસ કરે છે. એર ટ્રાવેલ્સ અને ફ્લાઈસને વધારે એડવાન્સ બનાવવા માટે કામ કરે છે. વિશ્વમાં માનવ જીવનને વધુને વધુ સરળ બનાવવા માટે સક્રિય રહે છે. જળવાયુ પરિવર્તનને લઈને અભ્યાસ કરે છે. સુર્ય અને સોલર સિસ્ટમના અન્ય ગ્રહોથી સંબંધિત રહસ્યોની માહિતી મેળવી લેવા માટે અભ્યાસ કરવામાં



અંતરિક્ષ સંશોધન, અંતરિક્ષ મિશન અને રોબોટિક મિશન પર જંગી ખર્ચ કરાય છે : નાસામાં ૧૯૦૦૦ કર્મચારીઓ નોકરી કરી રહ્યા છે

આવે છે. નાસા જુદા જુદા મોરચા પર કામ કરે છે. કેનેડી સ્પેસ સેન્ટર ખુબ મહત્વપૂર્ણ છે. આ કેન્દ્ર ફ્લોરિડાના કેમ્પ કેનેવેરલમાં સ્થિત છે. અહીં સ્પેસ શટલ્સનુ નિર્માણ કરવામાં આવે છે. સ્પેસ શટલ્સને લોંચ પણ કરવામાં આવે છે. જોનસન સ્પેસ સેન્ટર પણ ઉપયોગી છે. નાસાના આ બેસ ટેક્સાસના હુસ્ટન શહેરમાં સ્થિત છે. અહીંથી શટલ મિશનને કન્ટ્રોલ કરવાનુ કામ કરવામાં આવે છે. અહીંથી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન ઓપરેશન પણ આયોજિત કરવામાં આવે છે. જેટ પ્રોપલશન લેબોરેટરી પણ મહત્વપૂર્ણ અંગ તરીકે છે. નાસાના આ બેઝ કેન્દ્ર કેલિફોર્નિયાના પેસિડિનામાં સ્થિત છે. આ બેઝનુ મુખ્ય કાર્ય પ્લેનેટરી રોબોટિક સ્પેસક્રાફ્ટ માટે ડિઝાઈન કરવા સાથે સંબંધિત છે. તેને ઓપરેટ કરવાનુ કામ પણ અહીંથી થાય છે. નાસા દ્વારા પોતાની સ્થાપનાા વર્ષથી લઈને હજુ સુધી ઐતિહાસિક મિશન સફળતાપૂર્વક પાર પાડ્યા છે. અપોલો મુન મિશન પણ આમાં સામેલ છે. સ્કાઈ લેબ સ્પેસ સ્ટેશન તેમજ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન જેવી ઐતિહાસિક કામગીરીને અંજામ નાસાના વૈજ્ઞાનિકો આપી ચુક્યા છે. જો તમે ભારતમાં રહો છો અને નાસામાં કેરિયર બનાવવા માટે સપના નિહાળી રહ્યા છો તો આપને કેટલીક શરતો પાળવાની જરૂર રહેલી છે. કેરિયરની શરૂઆત કઈ રીતે કરવામાં આવે તે પ્રશ્ન થાય ત્યારે તેનો જવાબ એ છે કે નાસામાં પ્રવેશ કરવા માટે એ વખતથી જ યોજના બનાવવી જોઈએ જ્યારે તમે હાઈસ્કુલમાં અભ્યાસ કરી રહ્યા છો. આપના પસંદગીના વિષય તરીકે શુ છે તે પ્રશ્ન પોતાને કરવામાં આવે તે જરૂરી છે. શુ તમે ગણિત અને વિજ્ઞાનમાં વધારે રસ ધરાવો છો. જો જવાબ હામાં છે તો તમારા માટે તક રહેલી છે. મેકેનિકલ , ઈલેક્ટ્રિકલ કોમ્પ્યુટર સાયન્સ અને એરો સ્પેસ પ્રવાહમાં દેશ અથવા તો વિદેશમાં સારી યુનિવર્સિટીમાંથી ગ્રેજુએશનની ડિગ્રી મેળવી લેવાના પ્રયાસ કરવા જોઈએ. પીએચડી ડિગ્રી મેળવી લીધા બાદ નાસામાં પ્રવેશની શક્યતા વધી જાય છે. આપની પાસે અમેરિકાની નાગરિકતા પણ રહે તે જરૂરી છે. આનો અર્થ એ થયો કે અમેરિકામાં આપની પાસે સ્થાયી આવાસ રહે તે જરૂરી છે. અમેરિકાની નાગરિકતાની શરતને સરળ કરવા માટે ઉમેદવારને કોઈ માન્યતાપ્રાપ્ત કોલેજ અથવા તો યુનિવર્સિટીની બેચલર ડિગ્રી પાસ કરવાની બાબત પણ જરૂરી રહે છે.

વિદેશી નાગરિકો માટે પણ નાસામાં નોકરી છે...

અંતરિક્ષ યાત્રી માટે લાયકાત

અંતરિક્ષ યાત્રી માટેની પણ લાયકાત મેળવવાની ખાસ જરૂર હોય છે. આના માટે પહેલી શરત એ છે કે માન્યતાપ્રાપ્ત યુનિવર્સિટીમાંથી વિજ્ઞાન પ્રવાહમાં એન્જિનિયરિગ, બાયોલોજિકલ સાયન્સ, ફિજિક્સ અથવા તો ગણિતમાં બેચલર ડિગ્રી રહે તે જરૂરી છે. ઉમેદવાર જેટ વિમાનમાં લઘુતમ ૧૦૦૦ કલાકના પાયલોટ ઈન કમાન્ડ ટાઈમ્સ માટે અનુભવ રહે તે જરૂરી છે. ઉમેદવારને મિલેટરી અને સિવિલ ફ્લાઈટ માટે અનિવાર્ય ફિજિકલ ટેસ્ટ પાસ કરેલા રહે તે જરૂરી છે. નાસમાં અમેરિકાની નાગરિકતા હાંસલ કર્યા વગર પણ જોબ અથવા તો નોકરીની અપાર શક્યતા રહેલી છે. નાસાના ઈન્ટરનેશનલ સ્પેસ પાર્ટની સાથે વિદેશી નાગરિકો જોબ મેળવી શકાય છે. નાસાના આઈએસપી વિશ્વના તમામ દેશોમાં છે. આના સંબંધ યુરોપિયન સ્પેસ એજન્સી સાથે પણ સહકાર ચાલે છે. નાસાના કેટલાક માન્યતાપ્રાપ્ત વેન્ડર્સ પણ છે. જે કોન્ટ્રાક્ટ પર કામ કરે છે. તમામના કર્મચારીઓ અને સ્ટાફ ભરતી કરવાના પોતાના નિયમો રહેલા છે. નાસા યોગ્ય ઉમેદવાને પોસ્ટ ડોક્ટરલ પ્રોગ્રામ માટે અવસર આપે છે. ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોટસ એન્ડ પેલોડ સ્પેશિયાલિસ્ટ એસ્ટ્રોનોટસ નાસાના એક એવા પ્રોગ્રામ તરીકે છે જે જેમાં એસ્ટ્રોનોટ્સ બનવા માટે અમેરિકાની નાગરકિતા હાંસલ કરવા માટેની જરૂ-૨ રહેતી નથી. પેલોડ વૈજ્ઞાનિકો નાસામાં અમેરિકી મુળના એસ્ટ્રોનોટ્સ ઉપરાંત એવા લોકો હોય છે જે સ્પેસ શટલમાં કોઈ કાસ ઉદ્ધેશ્યને પૂર્ણ કરવા માટે કામ કરે છે. તેમની પસંદગી ખાસ ઉદ્ધેશ્ય માટે કરવામાં આવે છે. તેમની પસંદગી વિદેશી સ્પોન્સર્સ , પ્રાઈવેટ કંપનીઓ અને યુનિવર્સિટીઓ દ્વારા કરવામાં આવે છે. અંતરિક્ષ યાત્રી બનવા માટે કેટલીક ઉપયોગી માહિતી હાલમાં જ એક અંગ્રણી અખબારમાં પ્રકાશિત કરવામાં આવ્યા બાદ તમામ લોકોને ઉપયોગી માહિતી મળી છે. નાસામાં કેરિયર બનાવવા માટે ઈચ્છુક વિદ્યાર્થીઓને પહેલાથી જ યોગ્ય ટાર્ગેટ સાથે આગળ વધવાની જરૂર છે.

અર્થતંત્રને દોડતુ કરવા લોકો સ્વદેશી ઉત્પાદનો તરફ ક્યારે વળશે.....?

વિશ્વભરમા કોરોનાના કહેર વચ્ચે મોટાભાગના દેશોએ પોત પોતાના અર્થતંત્રને બેઠું કરવા કે દોડતું કરવા ઉત્પાદન કરતા તમામ પ્રકારના એકમો, ઉદ્યોગો, બજારો, ધંધા શરૂ કરાવી દીધા છે.... અને લોકડાઉન સાથે લોકોને કોરોના સાથે જીવવા માટે તૈયાર કરી દીધા છે... તે સાથે લોકોને સામાન્ય રાહત મળવાનું શરૂ થઈ ગયું છે.....! ભારતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧ લાખ ૮૫ હજારને આંબવાની તૈયારી મા છે જ્યારે મૃતાક ૫,૩૩૮ પર પહોંચી ગયો છે. ભારતમાં બે માસના લાંબા લોકડાઉનને કારણે લોકોની બેહાલી વધતી જઈ રહી હતી.... તો પરપ્રાંતીઓની આવક બંધ થતાં તેમજ ખાવાની તકલીફો ઊભી થતાં વતન તરફ ભાગવા લાગ્યા.... ત્યારે કેન્દ્ર સરકાર પણ સમજી ગઈ કે હવે લોકો લાંબુ બંધન ઈચ્છતા નથી.જો લોકડાઉન લંબાવવામા આવશે તો અમેરિકા,યુરોપિય દેશો જેવી સ્થિતિ બની શકે.....! ઉપરાંત સરકાર પર આર્થિક બોજ વધતો ચાલ્યો હતો ત્યારે કેન્દ્ર સરકારે છેવટનો રસ્તો અખત્યાર કર્યો.... લૉકડાઉન ને નવું નામ આપ્યું "અનલોક" અને તે સાથે નિરણયો કરવાઃની તમામ સત્તાઓ રાજ્યોને આપી દીધી. જે કારણે જે તે રાજ્યમાં ખરેખર સાચા અર્થમાં ર્ઈર્જે છે તે વિસ્તારો પુરતું જ એટલે કે લૉકડાઉન નો સિમિતમાં અમલ કરવા સાથે બાકીના તમામ બજારો, કામ, ધંધા,નાના મોટા કારખાના, ઉદ્યોગો ધમધમતા થઈ જાય અને લોકોની આવક શરૂ થઈ જાય. તે સાથે જે તે રાજ્ય સરકારોએ જરૂરી કન્ટેનમેન્ટ વિસ્તારો પૂરતુ લૉકડાઉન જાહેર કરી અન્ય વિસ્તારોને ધમધમતા કરાવી નાખ્યા.... તો ટ્રાન્સપોર્ટ સુવિધા પણ મર્યાદામાં શરતોને આધીન દોડતી કરાવી દીધી. પરિણામે રોજમદારો, મજુરો, ગરીબ,લોઅર મધ્યમ વર્ગમાં સવિશેષ ખુશી વ્યાપી ગઈ છે. જોકે અનેક બજારોમાં ચીજવસ્તુઓના અભાવ કે અછતને કારણે અનેક દુકાનો ખુલી ન હતી પરંતુ નાના વેપારીઓ માલ ખરીદીને દુકાનો ખોલી નાખશે જેના કારણે બજારમાં સામાન્ય ચમકની શરૂઆત અવશ્ય આવી જશે.... આમ છતાં લોકોએ લૉકડાઉન નિયમોનુ પાલન કરવાનું જરૂરી રહેશે. નહીં તો.....દુષ્કળ પરિણામો પણ આવી શકે....! તેમાં શંકાને સ્થાન નથી.....!

ગુજરાતમાં અમદાવાદ ખાતે આવેલ પ્રખ્યાત સિવિલ હોસ્પિટલ માટે દેશભરના લોકોના હૃદયમાં અનેરું સ્થાન હતું જે નામ કોરોના દર્દીની સેવા સુશ્રુષાની ખામીને લઈને લોકો તેનાથી દૂર ભાગવા લાગ્યા હતા. તો ડોક્ટરો સહિતનાને આંતરિક મેડિકલ સુરક્ષા સાધનોની કમી હતી. જેને કારણે સિવિલ હોસ્પિટલની બદનામી વધતી ચાલી હતી... ત્યારે હાઈકોર્ટમાં સુઓમોટો દાખલ થયા પછી નામદાર અદાલતે જે આદેશો આપ્યા- દિશા નિર્દેશ આપ્યા તેના કારણે હાલ સિવિલ હોસ્પિ.નુ સમગ્ર તંત્ર જોરદાર રીતે કાર્યરત થઈ ગયું છે. તે હકીકત સ્વીકારવી રહી.....! આપણા વડાપ્રધાનશ્રીએ સ્વ નિર્ભર નો જે મહામંત્ર આપ્યો છે તેનો દેશભરના લોકો ખરા હૃદયથી અમલ કરે તો દેશના અર્થતંત્રની ગાડી પાટા પર દોડતી થઈ જાય તેમ છે....અને તે માટે એક બાબત પૂરતી છે અત્યારે ગરમીની- ઉનાળાની મોસમ છે ત્યારે ઠંડા પિણાનો વપરાશ વધુ પ્રમાણમાં છે. અને લોકો કોકાકોલા સહિતના વિદેશી ઠંડા પીણા પીવે છે.... તો ભારત વિદેશમાં શેરડીનો લીબુ-આદુયુક્ત રસ બોટલ પેકિંગમાં, કેરીનો રસ એટલે કે માઝા, ઓરેન્જ જેવા અનેક પીણાઓ ભારતમાં ઉત્પાદન થાય છે અને આવા કુદરતી પીણાની બોટલો વિદેશોમા સપ્લાય કરે છે. તો આપણે પોતે જ આપણા કુદરતી હેલ્ધી પીણાના ઉપયોગ કરવા તરફ વળીએ તો દેશનુ કરોડો રૂપિયાનું હુંડીયામણ બચી જાય... તે વાસ્તવિક બાબત છે.... દેશમાં એકે એક ઉત્પાદનો એવા મજબૂત છે કે વિદેશી બનાવટો તેની સામે ટક્કર લઈ શકે તેમ નથી.....! હાલ વિશ્વભરમાં અનેક દેશો ચીન તરફશંકાની નજરે જોઈ રહ્યા છે... ત્યારે વિશ્વના ૧૦ જેટલા દેશો ચીન પાસેથી ટેકનોલોજી કે સાધનો નહીં ખરીદે અને ચીનના માલનો બહિષ્કાર કરશે જેનાથી ચીનને આર્થિક રીતે ગંભીર ફટકો પડશે.....! ત્યારે ભારતમાં આદી અનાદીકાળથી લોકો સ્વનિર્ભર નીતિ પર ચાલતા રહ્યા છે. તો દેશ જ્યારે આફતના સમયમાં છે ત્યારે સુખી, સંપન્ન લોકો, એન.આર.આઈ લોકો વિદેશી વસ્તુથી દૂર રહી ભારતમાજ મૂળ ભારતીય કંપનીના જ ઉત્પાદન કરવામા આવેલ ચીજવસ્તુઓ ખરીદીને દેશના અર્થતંત્રને મજબૂત બનાવવા સાથે દેશ પ્રેમ દર્શાવવા તૈયાર થશે ખરા.....?! વંદે માતરમ્

કુપવાડામાં એક આતંકીની ધરપકડ કરાઈ

ઘૂસણખોરી કરી રહેલાં ત્રણ આતંકી ઠાર કરવામાં આવ્યા

નૌશેરા સેક્ટરમાં નિયંત્રણ રેખા પાસે આતંકવાદીઓ ભારતીય સરહદમાં પ્રવેશવા પ્રયાસ કરતા કરી રહ્યા હતા

નૌશેરા

જમ્મૂ કાશ્મીરના નૌશેરા સેક્ટરમાં નિયંત્રણ રેખા પાસે ઘુસણખોરી કરી રહેલા ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓને સેનાએ સોમવારે ઠાર કર્યા હતા. આર્મીએ જણાવ્યું કે પાકિસ્તાનમાં તાલીમ પામેલા આતંકવાદી ઘણા હથિયારોથી સજ્જ હતા. અત્યારે સમગ્ર વિસ્તારની નાકાબંધી કરીને સર્ચ ઓપરેશન ચલાવવામા આવ્યું છે. નિયંત્રણ રેખા પાસે ઘુસણખોરી રોકવા માટે ગત અઠવાડિયાથી જ અભિયાન ચાલુ છે. આર્મી પહેલાથી એલર્ટ હતી. આતંકવાદીઓ ઘુસણખોરીનો પ્રયત્ન કરી રહ્યા હતા ત્યારે જ તેમને ઠાર કરી દેવામા આવ્યા. બીજી તરફ કુપવાડા પોલીસે ગુપ્ત સૂચનાના આધારે એક આતંકવાદીની ધરપકડ કરી હતી. તેની પાસેથી ૧૦ ગ્રેનેડ, ૪ વાયરલેસ સેટ અને ૨૦૦ બુલેટ કબજે કરવામા આવી હતી. પોલીસ આતંકવાદીના ષડયંત્ર વિશે જાણકારી મેળવવા તેની પૂછપરછ કરી રહી છે. બડગામ પોલીસે સોમવારે ડ્રગ્સ વેચનારા આતંકી મોડ્યૂલનો ખુલાસો કર્યો હતો. પોલીસે જણાવ્યું કે આતંકવાદી સંગઠન જૈશ એ મોહમ્મદથી જોડાયેલું આ મોડ્યૂલ જિલ્લાના ચાડૂરાથી ઓપરેટ કરતું હતું. ગુપ્ત માહિતીના આધારે બડગામ પોલીસે ૫૦ રાષ્ટ્રીય રાઇફલ્સ અને ઝઈઁઢ્ર સાથે મળીને ૭ આતંકવાદીઓને પકડી લીધા હતા. તેમની ઓળખ કરાલપોરા નિવાસી મુદસ્સિર ફૈયાઝ, વથૂરાના શબરી ગની, કુપવાડાના ઈસાક ભટ અને શોપિયાંના અર્શિદ ઠોકર તરીકે થઇ છે. છઠ્ઠા આતંકવાદીના નામની હજુ માહિતી નથી. ઈન્ટેલિજન્સ એજન્સીએ એલર્ટ આપ્યું હતું કે જમ્મૂ કાશ્મીરમાં પરિસ્થિતિ બગાડવા પાકિસ્તાનમાં થી આતંકવાદીઓની ઘુસણખોરી થઈ શકે છે. ત્યારબાદ આર્મીએ ૨૮મેથી સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. એજન્સી પ્રમાણે પાકિસ્તાનની પોસ્ટ અને ગુરેજ સેક્ટરની બીજી સાઈડથી આતંકવાદીઓના બે ગ્રુપ ઘુસણખોરી કરવા તૈયાર છે. માછિલ સેક્ટરની બીજી સાઈડથી પણ જૈશના આતંકવાદી ઘુસણખોરીની તૈયારીમા છે.

અનલોક-૧ છતાં દિલ્હીની તમામ બોર્ડરો સપ્તાહ માટે સીલ કરાઈ

નવી દિલ્હી

દેશભરમાં આજથી અનલોક-૧ની શરૂઆત થઈ છે. જેમાં કન્ટેનમેન્ટ ઝોનને બાદ કરતાં મોટાભાગના વિસ્તારોમાં વેપાર-ધંધાની શરૂઆત થઈ ગઈ છે. આ દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું કે , હવે દિલ્હીમાં તમામ દુકાનો ખૂલશે. એકી-બેકીનો નિયમ લાગુ નહીં થાય. દિલ્હીમાં હવે સલૂનની દુકાનો પણ ખૂલશે, જ્યારે સ્પા નહીં ખૂલે.

કેજરીવાલે કહ્યું, સોમવારે દિલ્હીની તમામ બોર્ડર સીલ કરવાનો ફેંસલો લીધો છે. આગામી એક સપ્તાહ સુધી તમામ બોર્ડર સીલ કરવામાં આવશે. માત્ર જરૂરિયાતની વસ્તુઓને મંજૂરી આપવામાં આવશે. જે બાદ લોકોના સૂચન આવશે તેના પર આગળનો ફેંસલો લેવામાં આવશે. આ માટે તેમણે એક નંબર અને ઈમેલ આઈડી પણ જાહેર કર્યા હતા. લોકો ૮૮૦૦૦૦૭૭૨૨, ૧૦૩૧ અને delhicm.suggestions@gmail.com પર સૂચનો મોકલી શકશે.

કોરોના સામેની લડાઈમાં અમેરિકા બ્રાઝિલને ૧ હજાર વેન્ટીલેટર આપશે

ન્યૂયોર્ક

વિશ્વભરમાં કોરોના વાઈરસના અત્યાર સુધીમાં ૬૨.૬૪ લાખ કેસ નોંધાયા છે. જેમાં ૩.૭૪ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૨૮.૪૭ લાખ લોકોને સારવાર પછી રજા અપાઈ છે. બ્રાઝીલમાં અમેરિકા એક હજાર વેન્ટિલેટર મોકલશે. કતારમાં ૨૪ કલાકમાં ૧૬૪૮ કેસ નોંધાયા છે.અમેરિકા અને બ્રાઝીલે એક સંયુક્ત નિવેદન બહાર પાડ્યું હતું. જેમાં કહેવાયું કે અમેરિકા ટૂંક સમયમાં બ્રાઝીલમાં એક હજાર વેન્ટિલેટર અને હાઈડ્રોક્સીક્લોરોક્વીનની ૨૦ લાખ ટેબલેટ મોકલશે. નિવેદનમાં કહેવાયું હતું કે બ્રાઝીલમાં સામાન્ય લોકો જ નહીં પરંતુ ડોક્ટર, નર્સ અને પેરામેડીકલ સ્ટાફ પણ જોખમનો સામનો કરી રહ્યા છે. બ્રાઝીલમાં ૫ લાખ ૧૫ હજાર કેસ નોંધાયા છે, જેમાં ૨૯ હજાર ૩૪૧ લોકોના મોત થયા છે.

અભિનેતા રાઘવ લોરેન્સના અનાથાલયમાં ૧૮ બાળકો અને ૩ સ્ટાફ સભ્યો થયા કોરોના સંક્રમિત

મુંબઈ

ચીનથી આવેલ કોરોના વાયરસ પૂરી દુનિયાને તબાહ કરી રહ્યો છે. જેમાં દિગ્દર્શક રાઘવ લોરેન્સનું અનાથાલય પણ સપેટામાં આવી ગયું છે. રાઘવ લોરેન્સે ટ્વીટ કરી કહ્યું હતું કે, એક અઠવાડિયા પહેલા બાળકોને તાવ આવ્યો હતો. તેમની તબીબી તપાસ કરતા ૧૮ બાળકોને અને ૩ સ્ટાફને કોરોના પોઝિટિવ આવ્યો હતો. આ વાતથી હું ખૂબ જ અપસેટ થઈ ગયો હતો. જોકે, ડૉકટર્સના અનુસાર બાળકોના સ્વાસ્થયમાં સુધારો થઈ રહેલો જોવા મળે છે. તેમનું ટેમ્પરેચર પણ ઓછું થઈ રહ્યું છે. આ લોકોની ફરી ટેસ્ટ કરવામાં આવશે અને ટેસ્ટ નેગેટિવ આવતા જ ડિસ્ચાર્જ કરવામાં આવશે.

તારક મહેતા સિરિયલની ટીમમાં દયાભાભીની નેટવર્થ ૩૭ કરોડ રૂપિયાથી પણ વધારે

મુંબઈ

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ટીવી પર આવતી કદાચ સૌથી જૂની સિરિયલ છે અને સાથે સાથે એટલી જ લોકપ્રિય પણ છે. આ સિરિયલમાં ગોકુલધામ સોસાયટીમાં રહેતા લોકો વચ્ચે બનતા પ્રસંગો પર આધારિત કોમેડી સિરિયલ છે. તેના વિવિધ પાત્રો પણ અઢળક લોકપ્રિય થયા છે. જેઠાલાલ, બબીતા, દયા, તારક મહેતા, ભીડે માસ્તર, ટપુ વગેરે.તમે આ પાત્રો વિશે તો જાણો છો પણ એવી ઘણી વાતો છે જે જાણવાની તમને તાલાવેલી હશે અને તમે તે જાણતા નહીં હો આ સિરિયલના તમામ પાત્રોમાં સૌથી અમીર કોણ છે એવો સવાલ તમને થાય તે સ્વાભાવિક છે. દયા બનતી દિશા વાકાણી ઘણા સમયથી શોમાં દેખાતી નથી. એમ કહેવાતું હતું કે આખા શોમાં સૌથી વધારે ફી દયાભાભી લેતી હતી. તેની નેટવર્થ ૩૭ કરોડ રૂપિયાથી પણ વધારે છે. અન્ય સ્ટાર કરતાં આ રકમ ઘણી વધારે છે.

જેઠાલાલ એટલે કે દિલીપ જોશી પણ સૌથી વધુ ફી વસૂલે છે. તે એક એપિસોડના લગભગ ૧.૫ લાખ રૂપિયા લેતા હોય છે. તેમની મિલકત પણ લગભગ ૩૭ કરોડ રૂપિયા છે. સિરિયલમાં બબીતા બનતી મુનમુન દત્તા અન જેઠાલાલની મસ્તી રસપ્રદ હોય છે અને તમામને તે બંનેમાં રસ હોય છે. તેને એક એપિસોડના લગભગ ૫૦ હજાર રૂપિયા મળે છે અને તેની મૂડી લગભગ સાત કરોડ રૂપિયા છે. આવી જ રીતે તારક મહેતા બનતા શૈલેષ લોઢા એટલે કે જેઠાલાલના ફાયર બ્રિગેડ. તેઓ એક એપિસોડના ૧.૫ લાખ રૂપિયા લે છે. તેઓ જાણીતા કવિ પણ છે અને તેમની નેટવર્થ સાત કરોડ રૂપિયા છે.

બન્ને જણાએ ૨૪ કલાકમાં ભારત છોડી દીધું

પાકિસ્તાન હાઈ કમિશનના બે અધિકારી જાસૂસી કરતાં ઝબ્બે

ડિફેન્સ અધિકારીઓ સાથે બિઝનેસમેનના સ્વાંગમાં મળતા હતા, આઈએસઆઈ કનેક્શનના પુરાવા મળ્યા

નવી દિલ્હી

ભારતમાં પાકિસ્તાની હાઈ કમિશનના બે અધિકારીઓ રંગે હાથ જાસૂસી કરતાં ઝડપાયા છે. હાલમાં પાકિસ્તાની હાઈ કમિશનમાં તૈનાત જાસૂસી અધિકારીઓનો એક વીડિયો દેશમાં ઝડપથી વાયરસ થઈ રહ્યો છે. આ વીડિયોમાં એક પાકિસ્તાની ગુપ્તચર કેટલાક લોકો સાથે જોવા મળી રહ્યો છે. જોકે આ વીડિયો લોકડાઉન પહેલાનો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ જાસૂસ બિઝનેસમેનનુ રુપ ધારણ કરીને લોકોને મળી રહ્યો છે. ખાસ, બાબત એ છે કે આ પાકિસ્તાની જાસૂસો પર ભારતીય એજન્સીઓ લાંબા સમયથી નજર રાખી રહી હતી અને તેઓને ભારતમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. બંને જાસૂસોને ૨૪ કલાકની અંદર દેશ છોડી દેવાની ચેતવણી આપવામાં આવી હતી. સોમવારે પાકિસ્તાની વિદેશ મંત્રાલયે તેમની વાઘા બોર્ડર થકી વતન વાપસીની ખાતરી આપી હતી.

પાકિસ્તાની ઉચ્ચાયુક્તમાં તૈનાત આ બંને પાકિસ્તાની જાસૂસોને ભારતમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે, તેઓ ઘણા ડિફેન્સ અધિકારીઓના મળી ચૂક્યા હોવાના અહેવાલ છે. તપાસમાં ખુલાસો થયો છે કે, બિઝનેસમને બનીને તેઓ અધિકારી સાથે મુલાકાત કરતા આવ્યા હતા અને તેમની પાસેથી માહિતી મેળવી પાકિસ્તાની ઈન્ટર સર્વિસિસ ઈન્ટેલિજન્સ સુધી પહોંચાડતા હતા.ૈજીં સાથેના તેમના કનેક્શનનના પૂરાવા પણ ભારત સરકારને હાથ લાગ્યા છે. કરોલ બાગની એક રેસ્ટોરેન્ટમાંથી હાઈ કમિશનના બે સ્ટાફ આબિદ હુસેન અને તાહિર ખાન સાથે ડ્રાઇવર જાવેદને પણ ઝડપી લેવાયો હતો. આ ત્રણે પાકિસ્તાની હતા. આ પાકિસ્તાની જાસૂસો વિરુદ્ધ ઓફિશિયલ્સ સિક્રેટ્સ એક્ટ હેઠળ એફઆરઆઈ કરવામાં આવી હતી. ભારતે પાકિસ્તાની હાઈ કમિશનના બે સ્ટાફને પર્સોના નોન ગ્રાટા જાહેર કર્યા હતા અને ૨૪ કલાકમાં ભારત બહાર નીકળી જવા ચેતવ્યા હતા.

બોલિવુડના પ્રખ્યાત સંગીતકાર વાજીદ ખાનનું નિધન, સોનું નિગમ સહીત લોકોએ વ્યક્ત કર્યો શોક

મુંબઈ

બોલિવુડની દુનિયામાંથી વધુ એક દુ:ખદ સમાચાર આવ્યા છે. પ્રખ્યાત સંગીતકાર વાજિદ ખાનનું નિધન થયું છે. તેમના નિધનથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં શોકની લહેર છવાઈ છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં સાજિદ-વાજિદની જોડી ખૂબ જ પ્રખ્યાત હતી. મળતી માહિતી પ્રમાણે ૪૨ વર્ષના વાજિદ ખાન કિડનીની બીમારીથી પીડિત હતા અને તેમની સ્થિતિ બગડ્યા બાદ તેમને મુંબઈની એક હોસ્પિટલમાં દાખલ કરાયા હાત. ૪૨ વર્ષના વાજિદ ખાનને મુંબઈની ચેમ્બુર હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. થોડાક મહિના પહેલાં જ તેમની કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાઈ હતી. પરંતુ તેમની તબિયત સારી થઈ નહોતી. થોડાંક દિવસ પહેલાં જ કોરોના સંક્રમિત થયા હતા.

સોનુ નિગમ સમેત આ સેલેબ્રિટીએ વ્યક્ત કર્યો શોક

આ સિવાય વાજીદ ખાનના ખાસ મિત્ર સોનુ નિગમે પણ ઈન્સ્ટાગ્રામ પર તેની જૂની તસવીર શેર કરીને કહ્યું કે મારો મિત્ર મને છોડીને જતો રહ્યો.

અભિનેતા વરુણ ધવને પણ પોતાના ટ્વિટર પર વાજીદની એક તસવીર શેર કરી છે. જેમાં તે ડેવિડ ધવનની સાથે નજરે પડે છે. આ તસવીર સાથે વરુણ ધવને લખ્યું કે હું આ ખબર સાંભળને શોકગ્રસ્ત છે. વાજીદ ભાઈ મારા અને મારા પરિવારની ખૂબ જ નજીક હતા. તે એક પોઝિટિવ વ્યક્તિ હતા. અમે હંમેશા તમને યાદ કરીશું અને તમારા સંગીત માટે આભાર.

વાજીદના નિધનની એક્ટ્રેસ પરીણિતી ચોપડા પર શોકગ્રસ્ત થઈને ટ્વિટમાં લખ્યું હતું કે વાજીદ ભાઈ એક સારા માણસ હતા. તે હંમેશા હસતા રહેતા. હંમેશા ગાતા રહેતા. તેમનું દરેક મ્યુઝિક સેશન યાદગાર રહેશે. તમને ખૂબ જ યાદ કરીશું વાજીદ ભાઈ.

મીકા સિંહે લખ્યું કે આ બધા માટે ખૂબ જ દુખદ સમાચાર છે. અને સૌથી પ્રતિભાશાળી ગાયક અને સંગીતકાર જેણે આટલા હિટ આપ્યા છે તેવા મારા મોટા ભાઈ વાજિદ ખાન આપણને છોડીને જતા રહ્યા છે. અલ્લાહ તેમની આત્મનાને શાંતિ આપે. હું હંમેશા તમને પ્રેમ કરતો રહીશ અને ભાઈ તમને હંમેશા યાદ કરતો રહીશ. તમારું સંગીત સદાબહાર છે. બોલિવૂડ ઈન્ડસ્ટ્રીને આનાથી મોટું નુકશાન થયું છે.

સંગીતકાર સલીમ મર્ચન્ટે વાજીદના નિધન પર ટ્વિટર પર પોસ્ટ કરતા લખ્યું છે કે હું સાજીદ-વાજીદ ફેમ પોતાના ભાઈ વાજીદ ખાનના નિધનની ખબરથી તૂટી ગયો છું. અલ્લાહ તેમના પરિવારને શક્તિ આપે. તમારી યાત્રા સુરક્ષિત રહે. તું બહુ જલ્દી જતો રહ્યો. ફિલ્મ ફેટર્નિટીને તેનાથી મોટું નુકશાન થયું છે. હું શોકગ્રસ્ત છું અને પૂરી રીતે તૂટી ગયો છું.

તીરંદાજ અર્જુન એવોર્ડમાં નામની ભલામણ માટે રાજ્ય સંઘો,રમત વિભાગના ઓફિસરોની આગળ-પાછળ ફરવા મજબૂર

નવી દિલ્હી

દેશના ઘણા તીરંદાજ અર્જુન એવોર્ડ માટે પોતાના નામોની ભલામણ કરવા રાજ્ય સંઘો, રમત વિભાગના ઓફિસરોની આગળ-પાછળ ફરવા માટે મજબૂર છે. ભારતીય આર્ચરી એસોસિએશનને ચૂંટણીના ૫ મહિના પછી પણ માન્યતા મળી નથી. તેવામાં તે રાષ્ટ્રીય રમત પુરસ્કારો માટે તીરંદાજોના નામની ભલામણ કરી શકતું નથી. તીરંદાજીના કમ્પાઉન્ડ રાઉન્ડમાંથી મધ્ય પ્રદેશની મુસ્કાન કિરાર અને દિલ્હીના અમન સૈની અર્જુન એવોર્ડ માટે અરજી કરી રહ્યા છે. આ સિવાય પશ્ચિમ બંગાળના અતનુ દાસ અને મહારાષ્ટ્રના પ્રવીણ જાધવ પણ રિકર્વ રાઉન્ડમાંથી છે. કોર્ટના આદેશ બાદ આ વર્ષે જાન્યુઆરીમાં આર્ચરી ફેડરેશન ઓફ ઈન્ડિયાની ચૂંટણી થઈ હતી. અગાઉ, રમત મંત્રાલયે સ્પોર્ટ્સ કોડનું પાલન ન કરવા બદલ ૨૦૧૨માં AFIની માન્યતા રદ કરી હતી. જ્યારે ફેડરેશન પર વર્લ્ડ આર્ચરી ફેડરેશન દ્વારા ૫ ઓગસ્ટ ૨૦૧૯ ના રોજ પ્રતિબંધ મૂક્યો હતો. ત્યારથી, ભારતીય ખેલાડીઓ WAFના ધ્વજ હેઠળ તમામ ટૂર્નામેન્ટોમાં ભાગ લઈ રહ્યા હતા. જાન્યુઆરીમાં કોર્ટે આપેલા માર્ગદર્શિકા મુજબ રમત-ગમત મંત્રાલય, ઉછઢ્ઢ અને AIFની દેખરેખ હેઠળ ચૂંટણીઓ યોજવામાં આવી હતી. આ પછી, ઉછઢ્ઢએ છઢ્ઢૈં પર શરતી પ્રતિબંધ હટાવ્યો. પરંતુ ચૂંટણીથી સંબંધિત દસ્તાવેજો કોર્ટ તરફથી રમત મંત્રાલય સુધી પહોંચ્યા ન હતા. તેથી, રમત મંત્રાલયે હજી સુધી ફેડરેશનની માન્યતા પુન સ્થાપિત કરી નથી.

આંતરરાષ્ટ્રીય આર્ચર અતનુ દાસે અર્જુન એવોર્ડ માટે અરજી કરી છે. તેણે ભાસ્કરને કહ્યું કે મારા નામની ભલામણ કોચ સી. લાલરેમસાંગા દ્વારા કરવામાં આવી છે, તેમને ગયા વર્ષે મેજર ધ્યાનચંદ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ફેડરેશનને માન્યતા મળી નથી. ગયા વર્ષે એશિયન તીરંદાજી ચેમ્પિયનશીપમાં અતનુએ ૩ બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. તે જ સમયે, ૧૪ વર્ષ પછી, તે વર્લ્ડ ચેમ્પિયનશીપમાં સિલ્વર વિજેતા ટીમનો સભ્ય પણ હતો. તેણે ટોક્યો ઓલિમ્પિક ટીમ ઈવેન્ટ, સિંગલ અને મિશ્રિત ડબલ્સના ત્રણ વર્ગો માટે ક્વોલિફાય કર્યું છે.

દેશમાં કોરોનાનો આતંક યથાવતરીતે જારી

ભારતમાં કોરોના વાયરસના કોમ્યુનિટી ટ્રાન્સમિશનની પુષ્ટિ

કોરોના વાયરસથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા ૫,૩૯૪ પર પહોંચી છે અને કુલ કેસ ૧,૯૦,૫૩૫ થયા છે : રિપોર્ટ

નવીદિલ્હી

એઈમ્સના ડોકટરો અને આઈસીએમઆર સંશોધન જૂથના બે સભ્યો સહિતના આરોગ્ય નિષ્ણાતોના એક જૂથનું કહેવું છે કે દેશના ગીચ અને મધ્યમ વસ્તીવાળા વિસ્તારોમાં કોરોના વાયરસના ચેપનું સમુદાય વ્યાપક પ્રમાણભૂત છે. તે જ સમયે, સરકાર વારંવાર કહેતી રહી છે કે કોરોના વાયરસનો ચેપ ભારતમાં સમુદાયના વ્યાપના સ્તરે પહોંચ્યો નથી, જ્યારે દેશમાં કોરોના વાયરસને કારણે મૃત્યુઆંકની સંખ્યા સોમવાર સુધીમાં ૫,૩૯૪ પર પહોંચી ગઈ છે અને ચેપના કુલ કેસ ૧,૯૦,૫૩૫ પર પહોંચી ગયા છે. ઈન્ડિયન પબ્લિક હેલ્થ એસોસિએશન (આઈપીએચએ), ઈન્ડિયન એસોસિએશન ઁફિ પ્રિવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિન (આઈએપીએસએમ) અને ભારતીય રોગશાસ્ત્રીઓ એસોસિએશન (આઈએઈ) ના નિષ્ણાતો દ્વારા સંકલિત એક અહેવાલ વડા પ્રધાનને સુપરત કરવામાં આવ્યો છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, ×દેશના ગીચ અને સાધારણ વસ્તીવાળા વિસ્તારોમાં કોરોના વાયરસના ચેપનો સમુદાય વ્યાપક પુષ્ટિ કરવામાં આવી છે અને આ તબક્કે કોવિડ - ૧૯ ને દૂર કરવા અવાસ્તવિક લાગે છે. અહેવાલમાં જણાવાયું છે કે, 'રોગચાળાના ફેલાવાને રોકવા અને આરોગ્યસંભાળ વ્યવસ્થાને અસર ન થાય તે માટે મેનેજમેન્ટ માટે અસરકારક યોજનાઓ કરવા માટે દેશવ્યાપી લોકડાઉન કરવામાં આવ્યું હતું. આ શક્ય હતું, પરંતુ નાગરિકોની અસુવિધા અને અર્થતંત્રને પાટા પર લાવવાના પ્રયાસમાં ચોથા લોકડાઉનમાં આપવામાં આવેલી રાહતોને કારણે ફેલાવો વધ્યો છે. ડો. શશીકાંત, આઇ. પી.એસ. એમ.ના પૂર્વ પ્રમુખ અને કોવિડ ટાસ્ક ફોર્સના ૧૬ સભ્યોના સંયુક્ત જૂથમાં એઈમ્સ દિલ્હીના કમ્યુનિટિ મેડિકલ સેન્ટરના વડા, સંજય કે. રાય, આઇપીએચએના રાષ્ટ્રીય અધ્યક્ષ અને સીસીએમ એઈમ્સના પ્રોફેસર, કમ્યુનિટી મેડિસિન, આઈએમએસ, બીએચયુ, વારાણસી ડી.સી. એસ. રેડ્ડી, ડી.સી.એમ. અને એસ.પી.એચ. પી.જી. આઈ.એમ.આર., પ્રોફેસર અને હેડ ડ ઢ્ઢ. નિષ્ણાંતોએ એમ પણ કહ્યું હતું કે રોગચાળા સાથે સંકળાયેલા ઉપાયો નક્કી કરતી વખતે રોગચાળા અંગે સલાહ લેવામાં આવી ન હતી. હેવાલમાં કહેવામાં આવ્યું છે કે, ભારત સરકારે રોગચાળાના નિષ્ણાતોની સલાહ લીધી હશે, જેમની પાસે અન્ય લોકો કરતા વધુ સારી સમજ છે, અને કદાચ વધુ સારા પગલા લેવામાં આવ્યા હોત. નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે, એવું લાગે છે કે સરકારને વર્તમાન જાહેર માહિતીના આધારે ચિકિત્સકો અને શૈક્ષણિક રોગશાસ્ત્રીઓ દ્વારા સલાહ આપવામાં આવી હતી. તેમણે કહ્યું, ×નીતિનિર્માતાઓ સામાન્ય વહીવટી અમલદારો પર સ્પષ્ટપણે આધાર રાખે છે જ્યારે રોગચાળા, જાહેર આરોગ્ય, નિવારક દવા અને સામાજિક વિર્જ્ઞાનના ક્ષેત્રના નિષ્ણાતોની ભૂમિકા આ ??સમગ્ર પ્રક્રિયામાં એકદમ મર્યાદિત હતી.× નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે ભારત હાલમાં માનવતાવાદી કટોકટી અને રોગચાળાના રૂપમાં ભારે કિંમત ચૂકવી રહ્યું છે.

હસીન જહાંએ પતિ મોહમ્મદ શમી સાથે ન્યુડ ફોટો પોસ્ટ કરતા કરાઈ અભદ્ર કોમેન્ટ

નવી દિલ્હી

ટીમ ઈન્ડિયાના ઝડપી બોલર મોહમ્મદ શમીની પત્ની હસીન જહાં લોકડાઉન દરમિયાન પણ શમીને સતત ટાર્ગેટ કરી રહી છે. સતત ટ્રોલ અને વિવાદોમાં રહેવા છતાં પણ હસીન જહાં સતત તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર હોટ તસવીરો પોસ્ટ કરી રહી છે. જેના કારણે ઘણા યુઝર્સ તેના પર ભડકી રહ્યા છે. ત્યારે હવે હસીન જહાંએ વધુ એક ન્યૂડ તસવીર પોસ્ટ કરી છે જે હાલ ચર્ચામાં છે. હસીન જહાંની આ તસવીરે સોશિયલ મીડિયા પર હંગામો મચાવી દીધો છે. આ ન્યૂડ તસવીરની ખાસ વાત એ છે કે તેમાં હસીન જહાં મોહમ્મદ શમી સાથે નજરે આવી રહી છે. આપને જણાવી દઈએ કે વર્ષ ૨૦૧૮માં બંને વચ્ચે ત્યારે વિવાદ શરૂ થયો હતો જ્યારે શમીની પત્ની હસીન જહાંએ શમી પર મેચ ફિક્સિંગ અને બીજી યુવતીઓ સાથે સંબંધ રાખવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો. આ આરોપો બાદ શમીને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. જો કે, અત્યાર સુધી શમી પર લાગેલ આ આરોપ સાચા સાબિત થયા નથી.

હસીન જહાં હાલ સોશિયલ મીડિયા પર જબરદસ્ત એક્ટિવ છે. તેને એક દિવસ પહેલા એક જૂની બોલ્ડ અને ન્યૂડ તસવીર પોસ્ટ કરી જેમાં મોહમ્મદ શમી પણ નજરે આવી રહ્યો છે. આ તસવીરે સોશિયલ મીડિયા પર હંગામો મચાવી દીધો છે. યુઝર્સ હસીન જહાંની આ પોસ્ટ પર અલગ-અલગ પ્રતિક્રિયા આપી રહ્યા છે. ઘણા તો અભદ્ર કોમેન્ટ કરી રહ્યા છે. ત્યારે કેટલાક આ તસવીરને એડિટેડ ફોટો ગણાવી રહ્યા છે. આપણે જણાવી દઈએ કે તસવીર પોસ્ટ કરી હસીન જહાંએ મોહમ્મદ શામીને ટાર્ગેટ કરતા કેપ્શન પણ લખ્યું છે. તસવીરમાં બંને કપડાં વગર દખાઈ રહ્યા છે.

અત્યાર સુધી ૫૪૦૮ સંક્રમિતોના મોત,મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૨૨૮૬ લોકોના મોત

કોરોના મહાસંકટ: ૨૪ કલાકમાં ફરી ૮૩૯૨ કેસો નોંધાયા, ૨૩૦ના મોત

નવી દિલ્હી

કોરોના મહામારી સામેની લડાઈમાં ભારતે હને અનલોક-૧ની જાહેરાત કરીને વધુ છૂટછાટો આપી છે ત્યારે આજે સોમવારે સવારે ૯ વાગે પૂરા થયેલા છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૮૩૯૨ નવા કેસ નોંધાયા હતા. ગઈકાલે પણ ૮ હજાર કરતાં વધારે કેસો બહાર આવ્યાં હતા. છેલ્લા એક અઠવાડિયામાં ૫૦ હજારથી વધુ કેસ નોંધાયા છે. દેશમાં કોરોના વાયરસનો પ્રકોપ અટકવાને બદલે વધી રહ્યો હોય તેમ દેશમાં છેલ્લા બે મહિના કરતા પણ વધારે સમયથી લોકડાઉન લાગુ હોવા છતા પણ કોરોના વાયરસના સંક્રમણનો આંકડો બે લાખની નજીક પહોંચવામાં છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે સોમવાર સવાર સુધીમાં દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૧૯૦૫૩૫ સુધી પહોંચી ગયા છે.

છેલ્લા ૨૪ કલાકમાં ૮૩૯૨ નવા કેસ નોંધાયા છે. તે સાથે દેશભરમાં અત્યાર સુધી ૧,૯૦,૬૨૨ લોકો કોરોનાના સંકજામાં આવી ગયા છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨૩૦ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૫૩૯૪ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે સોમવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૯૩૩૨૨ એક્ટિવ કેસ છે. અત્યાર સુધી દેશભરમાં ૯૧,૮૫૫ દર્દીઓ સારવાર બાદ સાજા થયા છે. દેશમાં સૌથી વધારે ૬૭,૬૬૫ દર્દીઓ મહારાષ્ટ્રમાં છે અહીંયા ૨,૨૮૬ લોકોએ જીવ ગુમાવ્યો છે. તમિલનાડુ ૨૨,૩૩૩ સંક્રમિતો સાથે બીજા નંબરે છે

અહીં ૧૭૬ લોકોના મોત થયા છે. સાથે જ ૧૯,૮૪૪ સંક્રમિતો સાથે દિલ્હી ત્રીજા ક્રમે છે. દરમ્યાનમાં, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સોમવારે દિલ્હીની તમામ બોર્ડર સીલ કરવાનો નિર્ણય જાહેર કર્યો છે. આગામી એક સપ્તાહ સુધી દિલ્હીના તમામ બોર્ડર સીલ કરી દેવાશે. ત્યારબાદ લોકોના જે સૂચનો મળશે, તેના આધારે બીજો નિર્ણય લેવાશે. છેલ્લા ૨૪ કલાકમાં ૧,૦૦૧૮૦ સેમ્પલની તપાસ કરાઈ છે. અત્યાર સુધી ૩૮,૩૭,૨૦૭ ટેસ્ટ કરવામાં આવ્યાં છે. ૮ જૂનથી બિહારમાં ૪૫૦૦ ધાર્મિક સ્થળ ખૂલશે, મહાવીર મંદિર માટે ઓનલાઈન બુકિંગ કરાશે આજથી રોજ વધુ ૨૦૦ ટ્રેન દોડતી થઈ છે. દિલ્હી-નોઈડાની બોર્ડર હજુ પણ બંધ હોવાથી , જામ જેવી સ્થિતિ છે.

કોરોના મહામારીને લીધે લોકો નિરાશાવાદી બન્યા છે

આશાને જીવંત રાખવી જરુરી છે: પોપ ફ્રાન્સિસ

રોમ

ખ્રિસ્તી ધર્મગુરુ પોપ ફ્રાન્સિસે કોરોના મહામારીને લીધે લોકોની વ્યથિક મનોસ્થિતિનુ વર્ણન કરતા વર્તમાન સમયને નિરાશાવાદી ગણાવ્યા હતા. તેમણે લોકોને સંબોધન કરતા એમ પણ કહ્યુ કે આ સ્થિતિમાં લોકોએ નિરાશાવાદી બનવાથી બચવુ જોઇએ. પોપ ફ્રાન્સિસે કહ્યુ કે લાંબા સમયથી લાગૂ કરાયેલા લોકડાઉનથી બહાર આવ્યા પછી લોકો કહી રહ્યા છે કે હવે કંઇપણ પહેલા જેવુ સામાન્ય નહીં રહે. રવિવારે સેન્ટ પીટર બૈસિલિકાના સમારોહમાં પોપ ફ્રાન્સિસે આ સંબોધન કર્યુ હતું. ફ્રાન્સિસે કહ્યુ કે લોકોમાં ધારણા બંધાઇ ગઇ છે કે, હવે કંઇપણ પહેલા જેવુ સામાન્ય નહીં રહે. આ સ્થિતિ આશાઓને જીવંત નહી રહેવા દે. આ દરમિયાન તેમણે જાતે જ ચર્ચના ભાગલા માટે જવાબદારી લીધી હતી. તેમણે આ સમયે એકબીજાની સાથે રહેવા ભલામણ કરી હતી. પોતાના સંબોધનમાં પોપ ફ્રાન્સિસે કહ્યુ કે, મહામારી સિખવી રહી છે કે અહંકાર કેટલો ખોટો છે, માત્ર જરુરિયાતોનુ ધ્યાન રાખવુ, ભેદભાવ કરવો, ભૂલો ન સ્વીકારવીએ કેટલી ખોટી બાબતો છે. પોપે જણાવ્યુ કે આ સમયે નવી શરુઆતની જરુર છે. દરેક બાબતે નકારાત્મક નજરિયાને બદલવો પડશે અને નિરાશાવાદી વિચારોથી દૂર રહેતા સિખવુ પડશે.

સમગ્ર બિલ્ડિંગને સેનિટાઈઝ કરવામાં આવી

સરકારી સંસ્થા ICMRના સીનિયર વિજ્ઞાની પણ કોરોનાની ચપેટમાં

નવી દિલ્હી

કેન્દ્રીય વૈજ્ઞાનિક સંસ્થા આઇસીએમઆર-ૅઝઈના વરિષ્ઠ વૈજ્ઞાનિક કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. આ સંસ્થા લોકડાઉનના નિયમોની ગાઇડલાઇન સરકારને આપે છે અને કોરોનાનું સંશોધન પણ કરી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, મુંબઈથી આ વૈજ્ઞાનિક થોડા દિવસો પહેલા દિલ્હી આવ્યા હતા અને રવિવારે સવારે તેમનામાં સંક્રમણની પુષ્ટિ થઈ હતી. વરિષ્ઠ વૈજ્ઞાનિકને કોરોનાનો ચેપ લાગ્યો હોવાનું સામે આવ્યા બાદ સમગ્ર બિલ્ડિંગને સેનિટાઇઝ કરવામાં આવી રહી છે.

સૂત્રોના કહેવા મુજબ, બે દિવસ સુધી સમગ્ર બિલ્ડિંગમાં ફ્યૂમિગેશન થશે. વૈજ્ઞાનિક ગત સપ્તાહે બેઠકમાં સામેલ થયા હતા. જેમાં આઇસીએમઆરના મહાનિર્દેશક ડો. બલરામ ભાર્ગવ સહિત અન્ય અધિકારીઓ પણ ઉપસ્થિત હતા.

વરિષ્ઠ વૈજ્ઞાનિકને ચેપ લાગ્યા બાદ બિલ્ડિંગમાં કામ કરતાં કર્મચારીઓને સંદેશ મોકલીને ઘરેથી કામ કરવાની અપીલ કરવામાં આવી છે. સંદેશમાં કહેવામાં આવ્યું છે કે, માત્ર કોવિડ-૧૯ની મુખ્ય ટીમ ખૂબ જરૂરી હોય તો જ આવી શકે છે, અન્ય લોકોએ ઘરેથી કામ કરવું જોઈએ.

અમેરિકામાં કોરોનાથી ૨૪ કલાકમાં ૬૩૮ લોકોનો મોત, ૨૦,૩૫૦ નવા કેસ સામે આવ્યા

વોશિંગ્ટન

અમેરિકામાં કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. રવિવારે અમેરિકામાં કોરોના વાયરસના ૨૦,૩૫૦ નવા કેસ સામે આવ્યા હતા અને ૬૩૮ લોકોના કોરોના કારણે મોત થઈ ગયા હતા. અમેરિકામાં અત્યાર સુધી કોરોના વાયરસના ૧૮ લાખથી વધારે કેસ નોંધાયા છે. ન્યૂયોર્ક, ન્યૂજર્સી, કેલીફોર્નિયામાં સૌથી વધારે કેસ નોંધાયા છે. વર્લ્ડોમીટર મુજબ, અમેરિકામાં કોરોના વાયરસના દર્દીઓઓની સંખ્યા સોમવાર સવાર સુધી વધીને ૧૮ લાખ ૩૭ હજારને પાર પહોંચી ગઈ છે. ત્યાંજ કુલ ૧ લાખ ૦૬ હજાર લોકોએ કોરોનાને કારણે પોતાના જીવ ગુમાવ્યા છે. જો કે ૫ લાખ ૯૯ હજાર લોકો સ્વસ્થ થઈ ગયા છે. અમેરિકામાં ન્યૂયોર્ક શહેરમાં સૌથી વધારે ૩,૭૯,૯૦૨ કેસ સામે આવ્યા છે. માત્ર ન્યૂયોર્કમાં જ ૨૯,૯૧૮ લોકોના કોરોનાને કારણે મોત થઈ ગયા છે. ત્યારબાદ ન્યૂજર્સીમાં કોરોનાના ૧,૬૧,૭૬૪ કેસ નોંધાયા છે જયારે ૧૧,૭૧૧ કોરોનાગ્રસ્ત દર્દીઓના મોત થઈ ગયા છે. અમેરિકામાં અશ્વેત વ્યક્તિના મોત બાદ સમગ્ર દેશમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે જેમાં હજારો લોકો રોડ પર ભેગા થઈ રહ્યા છે અને સોશિયલ ડિસ્ટન્સિંગના ધજાગરા ઉડાવી રહ્યા છે.

અમિત શાહ ૯ જૂને બિહારમાં વર્ચુઅલ પ્રેસ કોન્ફરન્સ કરશે

નવીદિલ્હી

કોરોના વાયરસ અને લોકડાઉનને પગલે, લગભગ બે મહિના પછી ભાજપ કાર્યાલયમાં પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. આ પ્રસંગે, સામાજિક અંતરની સંપૂર્ણ કાળજી લેવામાં આવી હતી. આ દરમિયાન બિહાર ભાજપ વડાએ કહ્યું કે ૯ જૂને અમિત શાહ વીડિયો કોન્ફરન્સ દ્વારા ચૂંટણીમાં પ્રચાર કરશે. દિલ્હીએ આગામી એક સપ્તાહ માટે તેની બધી સરહદો સીલ કરી દીધી છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સોમવારે આની જાહેરાત કરી હતી. આ સમય દરમિયાન ફક્ત વાહનો અને આવશ્યક સેવાઓ સાથે જોડાયેલી વ્યક્તિઓને જ છૂટ આપવામાં આવશે. આ અંગે સાસંદ ગૌતમ ગંભીરે સીએમ પર આકરા પ્રહાર કર્યાછે.ચોમાસાએ કેરળનો દરિયા કિનારો પછાડી દીધો છે. ભારતીય હવામાન વિભાગે આજે તેની જાહેરાત કરી છે. કેરળમાં ભારે વરસાદથી ચોમાસાનો અનુભવ થઈ રહ્યો છે. ભારતીય હવામાન વિભાગે ફરી એકવાર દેશમાં સામાન્ય ચોમાસું જાહેર કર્યું છે. સંત કબીર નગર જિલ્લામાં એક વ્યક્તિએ પારિવારિક વિવાદ બાદ તેની ત્રણ પુત્રીને નદીમાં ફેંકી દીધી હતી. પોલીસે ડાઈવર્સની મદદથી યુવતીઓની શોધખોળ શરૂ કરી હતી પરંતુ હજી સુધી કોઈ મળી આવ્યું નથી. ઉત્તર પ્રદેશના નોઈડાની આઠમા ધોરણની વિદ્યાર્થીનીએ તેની પિગીબેંકમાંથી એક મજૂરી કરનારા પરિવારને ૪૮ હજાર ૫૩૦ રૂપિયા આપીને દિલ્હીથી ઝારખંડ વિમાનમાં મોકલ્યો હતો. આ મજૂર પરિવાર આશ્રયસ્થાનમાં દિવસ પસાર કરી રહ્યો હતો.

કેરળમાં પહેલા પાનાથી ચાલુ

વરસનારો વરસાદ કહ્યો હતો. જયારે હવામાન પૂર્વાનુમાન એજન્સી સ્કાઇમેટે એવો દાવો કર્યો હતો કે દક્ષિણ-પશ્ચિમી ચોમાસાંએ કેરલનાં કિનારા પર દસ્તક દઇ દીધું છે. જો કે, ભારતીય હવામાન વિભાગે સ્કાઇમેટનાં દાવાઓને ખારીજ કરતા કહ્યું હતું કે, હાલમાં પરિસ્થિતિઓ આવી જાહેરાત કરવા અનુકૂળ નથી.

ભારતીય હવામાન વિભાગનાં મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાએ રવિવારનાં રોજ કહ્યું હતું કે, હજી સુધી ચોમાસું કેરલ નથી પહોંચ્યું. અમે નિયમિત રૂપથી તેની પર નજર બનાવી રાખી છે. ૧ જૂનનાં રોજ કેરલમાં ચોમાસું આવી જાય તેવું અનુમાન છે. ઉલ્લેખનીય છે કે આ પહેલાં પણ ભારતીય હવામાન વિભાગે પોતાનાં પૂર્વાનુમાનમાં કહ્યું હતું કે, કેરલમાં આ વખતે ચોમાસું મોડેકથી આવશે. હવામાન વિભાગે જણાવ્યું કે, કેરલમાં આ વર્ષે ચોમાસું ૫ જૂન સુધી આવી શકે છે.

ભારતમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું દર વર્ષે જૂનથી લઇને સપ્ટેમ્બર સુધી ૪ મહીના સુધી રહે છે. સામાન્ય રીતે વરસાદ સૌથી પહેલાં કેરલમાં જ આવે છે. ત્યાર બાદ અલગ-અલગ રાજ્યો સુધી પહોંચે છે. ગયા વર્ષે અંડમાન-નિકોબારમાં ચોમાસું નક્કી કરેલી તારીખનાં બે દિવસ પહેલાં એટલે કે ૧૮ મેનાં રોજ આવી ગયું હતું પરંતુ તેની ગતિ ધીમી પડવાથી કેરલમાં મોડેકથી પહોંચ્યું હતું.

ખેડૂતને વ્યાજછૂટ પહેલા પાનાથી ચાલુ

આનાથી ૨ લાખ સંકટગ્રસ્ત એમએસએમઈને ફાયદો થશે. પ્રથમ વખત રૂ. ૫૦૦,૦૦૦ કરોડના ઈક્વિટી રોકાણની પણ દરખાસ્ત કરવામાં આવી છે, જે એમએસએમઈ ઉદ્યોગોને સ્ટોક એક્સચેંજમાં સૂચિબદ્ધ થવાની તક આપશે. ભારત સરકાર દ્વારા આજે એમએસએમઈની વ્યાખ્યામાં વધુ સુધારો કરવામાં આવ્યો છે. એકમની વ્યાખ્યા હેઠળ, રોકાણની મર્યાદા ૧ કરોડના રોકાણ અને ૫ કરોડનું ટર્નઓવર કરવામાં આવી છે. તે જ સમયે, નાના એકમના રોકાણની મર્યાદા વધારીને ૧૦ કરોડ અને ટર્નઓવર રૂપિયા ૫૦ કરોડ કરી દેવામાં આવી છે.

મધ્યમ એકમ હેઠળ તેણે ૨૦ કરોડનું રોકાણ કર્યું છે અને તેમાં ૨૫૦ કરોડ રૂપિયાનું ટર્નઓવર છે. વડા પ્રધાને મધ્યમ અને મેન્યુફેક્ચરિંગ સર્વિસ યુનિટની મર્યાદા પણ વધારીને ૫૦ કરોડ કરી અને બિઝનેસની મર્યાદા વધારીને ૨૫૦ કરોડ કરી દીધી. એમ.એસ.એમ.ઈ.ની ગણતરી નિકાસના કોઈ પણ વળાંકમાં નહીં થાય, તે નક્કી કરવામાં આવ્યું છે, પછી તે સૂક્ષ્મ, નાના અથવા મધ્યમ હોય. આ કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં શેરી વિક્રેતાઓ અને હેન્ડલર્સ માટે વિશેષ ઋણ યોજનાની પણ જાહેરાત કરવામાં આવી હતી. આનાથી શેરી વિક્રેતાઓ, નાની દુકાનો, શેરી વિક્રેતાઓ અને તેમના કામની ક્ષમતામાં વધારો થશે, આ માટે વધુ લોન આપવામાં આવશે અને આ યોજના લાંબી રહેશે. આનાથી ૫૦ લાખથી વધુ લોકોને ફાયદો થશે. ઘણા લોકો શેરીની રેલ્વે અને ગાડી રોપીને શાકભાજી, ફળો, ચા, ડમ્પલિંગ, ચપ્પલ, પુસ્તકો, મરઘાં અને બીજી ઘણી વસ્તુઓ વેચે છે. સલુન્સ, મોચી, લોન્ડ્રી અને પાન શોપ પણ તેના હેઠળ આવશે. કોવિડ-૧૯ દરમિયાન તેમની સંભાળ રાખવા માટે યોજનાઓ શરૂ કરવામાં આવી છે, જેથી તેમની મદદ કરી શકાય. પેવમેન્ટ દુકાનદારોને આ યોજના હેઠળ ૧૦ હજાર રૂપિયાની લોન આપવામાં આવશે, જે તેઓ ૧ વર્ષમાં માસિક હપ્તામાં ચુકવી શકે છે. સમયસર ચુકવણીના સ્વરૂપમાં ૭% વાર્ષિક વ્યાજ સબસિડી લાભાર્થીના ખાતામાં જમા કરવામાં આવશે. જાવડેકરે જાહેરાત સ્પષ્ટ કરી કે તેમાં સજાની જોગવાઈ નથી. બેંકો અને સ્વ-સહાય જૂથોની જવાબદારી પણ નિશ્ચિત કરવામાં આવી છે, જેથી આ લાભો તેઓ માટે સહેલાઈથી સુલભ થાય કે જેના માટે તેઓ છે. પારદર્શિતા જાળવવા માટે પોર્ટલ અને મોબાઇલ એપ્સ પણ તૈયાર કરવામાં આવી છે. મોદી કેબિનેટની આ બેઠકમાં, ખેડૂતો માટે પણ મુખ્ય નિર્ણયો લેવામાં આવ્યા હતા, જે મહત્વપૂર્ણ છે. સરકાર પાકના કુલ ખર્ચના દોઢ ગણા ન્યુનત્તમ ટેકાના ભાવ રાખવા પોતાનું વચન પાળી રહી છે. ૧૪ પાક માટે ન્યૂનતમ ટેકાના ભાવ પણ બહાર પાડવામાં આવ્યા છે. બેંકો દ્વારા ખેતી અને તેનાથી સંબંધિત વ્યવસાય માટે ૩ લાખ રૂપિયા સુધીના ટૂંકા ગાળાના ચુકવણી માટેની તારીખ પણ ૩૧ ઓગસ્ટ સુધી વધારી દેવામાં આવી હતી. ખેડૂતને વ્યાજ છૂટનો લાભ અને ચુકવણીમાં અલગથી રાહત મળશે. વ્યાજમાં ૨ ટકા અને ચુકવણીમાં ૩ ટકાનો વધારો થશે. સામાન્ય રીતે લોન વ્યાજ પર ઉપલબ્ધ હોય છે, પરંતુ સરકાર ખેડૂતને બે ટકા સબસિડી આપતી વખતે ૭ ટકાએ વ્યાજ પર લોન આપી રહી છે. આ અંતર્ગત ૩ લાખ રૂપિયા સુધીની લોન આપવામાં આવી રહી છે. સમયસર ચુકવણી માટે ૩ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે, એટલે કે ૪ ટકા પર ખેડૂતોને ૩ લાખ રૂપિયાની લોન મળશે. આ લોન કિસાન કેડિટ કાર્ડ દ્વારા આપવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક અઠવાડિયામાં ઘણા ખેડુતો લોનની ચુકવણી માટે બેંકમાં જઈ શક્યા નથી. સરકારના નિર્ણયોથી આવા તમામ લોકોને ફાયદો થશે.

વોશિંગ્ટન સહિત પહેલા પાનાથી ચાલુ

સંખ્યામાં પ્રદર્શનકારીઓ ભેગા થયા હતા. તેમની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ટ્રમ્પને એક કલાકથી ઓછા સમય માટે અંડર ગ્રાઉન્ડ બંકરમાં લઈ જવાયા હતા. પ્રદર્શનકારીઓને હટાવવા માટે સીક્રેટ સર્વિસ અને યુનાઈટેડ સ્ટેટ્સ પાર્ક પોલીસે ભારે જહેમત કરવી પડી હતી. અખબાર મુજબ ટ્રમ્પની ટીમ વ્હાઈટ હાઉસ બહાર મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓ ભેગા થતા હેરાન હતા. જોકે એ સ્પષ્ટ થયું નથી કે મેલાનિયા અને બૈરન ટ્રમ્પને બંકરમાં લઈ જવાયા હતા કે નહીં.

વીસ રાજ્યોમાં પહેલા પાનાથી ચાલુ

યોજનાનો લાભ નહીં મળે. ખાદ્ય મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર,આ રાજ્યોને આ યોજના લાગુ કરવા માટે વહેલી તકે જરૂરી પગલા પૂર્ણ કરવા જણાવવામાં આવ્યું છે.

૨૦ રાજ્યોમાં રાશન કાર્ડ માટે ૧ જૂનથી વન નેશન વન રાશનકાર્ડની યોજના સંપૂર્ણ રીતે લાગુ કરવામાં આવશે. આ યોજનાનો ફાયદો એ થશે કે રાશનકાર્ડ કોઈપણ રાજ્યમાં બનાવવામાં આવ્યું હોય પરંતુ તેનો ઉપયોગ અન્ય રાજ્યોમાં રાશન ખરીદવા માટે થઈ શકે છે. તેનાથી ગરીબોને મોટો ફાયદો થશે. રાશનકાર્ડ ધારકોને પાંચ કિલો ચોખા ત્રણ રૂપિયાના દરે અને ઘઉં ૨ રૂપિયાના દરે મળશે. નાણામંત્રીના જણાવ્યા પ્રમાણે, જેમની પાસે રાશનકાર્ડ નથી અથવા કોઈની પાસે કાર્ડ નથી તેમને પણ રાશન સહાય આપવામાં આવશે. ૮ કરોડ પરપ્રાંતિય મજૂરોને તેનો લાભ મળશે. તેમાં ૩૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. રાજ્ય સરકાર દ્વારા તેને અસરકારક બનાવવામાં આવશે. આ પ્રક્રિયા આગામી બે મહિના સુધી ચાલુ રહેશે. યોજના અંતર્ગત PDS (પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ)ની દુકાનો પર PoS (પોઈન્ટ ઓફ સેલ) મશીન લગાવવામાં આવશે. આ યોજના અંતર્ગત PDSના લાભાર્થીઓની ઓળખ તેમના આધાર કાર્ડ પર ઈલેક્ટ્રોનિક પોઈન્ટ ઓફ સેલથી કરવામાં આવશે. રાજ્ય દ્વારા તમામ PDS દુકાનો પર લગાવવામા આવેલ PoS મશીનની જાણ કરતાંની સાથે જ તેમને 'વન નેશન, વન રાશનકાર્ડ' યોજનામાં સામેલ કરવામાં આવશે. આ યોજના ગત વર્ષે ૯ ઓગસ્ટે શરૂ થઈ હતી. પ્રથમ ચાર રાજ્યો મહારાષ્ટ્ર, ગુજરાત, આંધ્રપ્રદેશન અને તેલંગાણા સામેલ હતા. તે સમયે આ યોજનાને રાશન કાર્ડ પોર્ટેબિલીટી નામ આપવામાં આવ્યું હતું. ત્યારબાદ સરકાર તેમને અન્ય રાજ્યોમાં લાગુ કરવાની યોજના પર કામ કરી રહી હતી.

કોરોના યુદ્ધમાં પહેલા પાનાથી ચાલુ

આવા કર્મચારીઓને રૂપિયા ૫૦ લાખનું વીમા કવચ પણ પૂરું પાડ્યું છે. પ્રધાનમંત્રીએ વૈશ્વિકરણના આ યુગમાં આર્થિક બાબતો કેન્દ્રિત ચર્ચાઓના બદલે વિકાસ માટેના માનવ કેન્દ્રિત પાસાંઓ પર ધ્યાન આપવા માટે આહ્વાન કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, દુનિયાના રાષ્ટ્રોમાં આરોગ્ય ક્ષેત્રમાં પ્રગતિનું મહત્વ અગાઉ ક્યારેય ના હોય એટલું થઈ જશે અને છેલ્લા છ વર્ષ દરમિયાન, સરકારે ભારતમાં આરોગ્ય સંભાળ અને તબીબી શિક્ષણ ક્ષેત્રે સંખ્યાબંધ પહેલ હાથ ધરી છે. આરોગ્ય સંભાળ ક્ષેત્ર, તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રત્યેક તેમજ દરેક વ્યક્તિને સુવિધાઓની પહોંચમાં સુધારો લાવવા માટે પ્રધાનમંત્રી ચાર સ્તંભની વ્યૂહરચના પર કામ કરવા આહ્વાન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, દેશમાં દરેક જિલ્લામાં એક મેડિકલ કોલેજ અથવા અનુસ્નાતક મેડિકલ ઈન્સ્ટિટ્યુટ હોય તે સુનિશ્ચિત કરવાની દિશામાં કામ ચાલી રહ્યું છે. દેશમાં વધુ ૨૨ એઈમ્સ ઉભી કરવા માટે આ દિશામાં ઝડપથી પ્રગતિ થઈ રહી છે તે બાબત પર પણ પ્રધાનમંત્રીએ પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં, અમે એમબીબીએસમાં ૩૦,૦૦૦થી વધુ અને અનુસ્નાતક અભ્યાસમાં ૧૫,૦૦૦થી વધુ બેઠકો ઉમેરવામાં સમર્થ રહ્યાં છીએ. સ્વતંત્રતા પછી કોઈપણ સરકાર દ્વારા તેમની પાંચ વર્ષની મુદત દરમિયાન કરવામાં આવેલી આ સૌથી મોટી વૃદ્ધિ છે. પ્રધાનમંત્રી, સંસદના કાયદાની મદદ લઈને મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના બદલે હવે નેશનલ મેડિકલ કમિશનની રચના કરવામાં આવી તે અંગે પણ બોલ્યા હતા. રાષ્ટ્રીય પોષણ મિશન યુવાનો અને માતાઓને કેવી રીતે મદદરૂપ થઈ રહ્યું છે અને ૨૦૨૫ સુધીમાં ભારતમાંથી ટીબી નાબૂદ કરવા માટે દેશ અત્યારે તેવી રીતે કામ કરી રહ્યો છે તે અંગે પણ તેમણે માહિતી આપી હતી. ૨૦૩૦માં સમગ્ર દુનિયામાંથી ૂ્ર નાબૂદીના લક્ષ્યની સરખામણીએ ભારતનું લક્ષ્ય પાંચ વર્ષ અગાઉ જ છે. મિશન ઈન્દ્રધનુષના કારણે રસીકરણ કવરેજની વાર્ષિક વૃદ્ધિમાં ચાર ગણો વધારો થયો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું . પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે તાજેતરમાં ૫૦થી વધુ અલગ અલગ આનુષંગિક અને આરોગ્ય સંભાળ પ્રોફેશનલ્સ શિક્ષણમાં વિસ્તરણ કરવાની મંજૂરી આપતો નવા કાયદો લાવવાની માન્યતા આપી છે જેનાથી દેશમાં પેરા-મેડિકલ સ્ટાફની અછતની સમસ્યાને નિવારવામાં મદદ મળશે. તેમણે તમામ ઉપસ્થિત લોકોને ત્રણ બાબતો પર ચર્ચા અને મંત્રણા કરવાની વિનંતી કરી હતી જેમાં ટેલિ-મેડિસિન; કેવી રીતે આરોગ્ય સંભાળ ક્ષેત્રમાં 'મેક ઇન ઇન્ડિયા' દ્વારા લાભ મેળવવો અને કેવી રીતે આરોગ્ય સંભાળ ક્ષેત્રમાં ૅ આધારિત સેવાઓ લાવવી આ ત્રણ બાબતોનો સમાવેશ થાય છે. મેક ઇન ઇન્ડિયા ક્ષેત્રમાં સ્થાનિક ઉત્પાદકોએ દેશમાં જ પીપીઈ અને એન-૯૫ માસ્કનું ઉત્પાદન શરૂ કર્યું અને ૧ કરોડથી વધુઁ ઈ તેમજ ૧.૫ કરોડ એન-૯૫ માસ્કનો પૂરવઠા પહોંચાડવાથી જે લાભ મળ્યો તેની પણ તેમણે પ્રશંસા કરી હતી. પ્રધાનમંત્રીએ કોરોના વાયરસ સામેની લડાઈમાં જે રીતે આરોગ્ય સેતુ એપ્લિકેશન મદદરૂપ થઈ રહી છે તે અંગે પણ પ્રશંસા કરી હતી.

સરકારે કશુ પહેલા પાનાથી ચાલુ

હિતની અરજીને ક્યારેય પણ રાજકીય લડાઈ બનાવવી જોઈએ નહીં. સરકારની ટીકાથી કોરોનાના દર્દીઓ જાદુઈ રીતે સાજા થઈ નહીં જાય અને મૃતકોને ફરી જીવિત નહીં કરી શકાય.રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા પગલાંની ખામીઓ શોધવાથી અરાજકતા જ વધશે. અમે દરેકને આગ્રહ કરીએ છીએ કે કોઈપણ પ્રકારની ટિપ્પણી કરતા પહેલા કે પછી અદાલતના આદેશના સંબંધમાં ચર્ચા કરતા પહેલા થોડી સાવધાની રાખીએ. ચીફ જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ જે. બી. પારડીવાલાએ જણાવ્યું કે, સરકારે જે પણ સારું કામ કરશે તેની ચોક્કસપણે સરાહના થવી જોઈએ. જેટલા પણ પગલાં ભરવામાં આવ્યા છે તે યોગ્ય છે. હવે જરૂર છે સતર્ક, સાવધાન અને સક્રિય રહેવાની. આ સાથે જ સરકારી લેબોરેટીમાં કોરોના ટેસ્ટના પરિણામ આવતા થતા વધુ સમયને લઈને હોઈકોર્ટે રાજ્ય સરકારની પણ ઝાટકણી કાઢી હતી. હોઈકોર્ટે સ્પષ્ટપણે કહ્યું છે કે, અમદાવાદની સિવિલ હોઈસ્પિટલમાં બેદરકારી માટે આરોગ્ય સચિવ જયંતિ રવિ જવાબદાર ગણાશે. જો હવે બેદરકારીની જાણ થશે તો જયંતિ રવિ વિરુદ્ધ કાર્યવાહી થશે. કોર્ટે એ પણ કહ્યું છે કે કોરોના ટેસ્ટ માટે સરકાર હવે ૨૪ કલાકમાં જ મંજૂરી આપે. એમાં જરાપણ વિલંબ ચાલશે નહીં. આ સાથે જ પ્રાઈવેટ હોસ્પિટલને કોઈપણ ઓપરેશન પહેલા કોવિડ-૧૯ ટેસ્ટ માટે કોઈ મંજૂરી લેવાની જરૂર નહીં પડે. મહત્ત્વનું છે કે પાછલા એક મહિનામાં ગુજરાત હાઈકોર્ટ રાજ્યમાં કોરોનાની સ્થિતિ, તેને લઈને લેવામાં આવેલા પગલા, રાજ્યના આરોગ્ય માળખાની સ્થિતિ, રાજ્યમાં ગરીબ અને છેવાડાના તબક્કાના લોકોની સ્થિતિ, રાજ્યમાંથી પલાયન કરી રહેલા પ્રવાસી મજૂરોની સ્થિતિ આવા અનેક મુદ્દે હોઈકોર્ટે કેટલાક મહત્ત્વપૂર્ણ પ્રશ્નો સરકારને પૂછ્યા છે અને જરૂર જણાયે સરકારને સ્પષ્ટ આદેશ પણ આપ્યા છે.

કોરોના સંકટ જોતા જગન્નાથજીની ૧૪૩મી રથયાત્રા સાદાઈથી નીકળશે,કરાશે લાઈવ પ્રસારણ

ઈતિહાસમાં પહેલીવાર આ વખતે રથયાત્રામાં અખાડા, ટ્રક, ભજનમંડળીઓ નહીં જોડાય

અમદાવાદ

ભગવાન જગન્નાથજીની ૧૪૩મી રથયાત્રા ૨૩મી જૂને નિકળશે. પરંતુ અત્યારની કોરોના મહામારીની પરિસ્થિતિમાં જગન્નાથજી મંદિરમાં ટ્રસ્ટીઓ, મહંતોની રથયાત્રા સંદર્ભની પ્રાથમિક ચર્ચા માટેની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે આ વર્ષે રથયાત્રા સાદાઈથી નીકળશે. જગન્નાથજી મંદિરના ટ્રસ્ટી મહેન્દ્રભાઈ ઝાએ જણાવ્યું કે, આ વખતે રથયાત્રામાં અખાડા, ટ્રક, ભજનમંડળીઓ નહીં જોડાય.

જગન્નાથજી મંદિરના ટ્રસ્ટી મહેન્દ્રભાઈ ઝાએ જણાવ્યું હતું કે જેઠ સુદ પૂર્ણિમાએ જળયાત્રા મહોત્સવ કે જે ખૂબ જ ધામ-ધૂમ પૂર્વક ઉજવાતો હોય છે અને લાખોની સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડતાં હોય છે, પરંતુ આ વર્ષે કોરોના મહામારીને પગલે ઊભા થયેલા સંજોગોને કારણે ૫મી જૂન, ૨૦૨૦ શુક્રવારે જેઠ સુદ પૂર્ણિમાએ જળયાત્રાનું આયોજન પણ અત્યંત સાદાઈથી યોજાશે. જેમાં નગરજનો જોડાઈ શકશે નહીં.

જળયાત્રામાં મંદિરના મહંત, પૂજારી અને માત્ર ગણતરીનાં વ્યક્તિઓ જ સોશિયલ ડિસ્ટન્સિંગનું ધ્યાન રાખીને ભગવાનનાં જળાભિષેક માટે સાબરમતી નદીનાં સોમનાથ ભૂદરના આરે જશે. જ્યાંથી વિધિવત્ ગંગાપૂજન વિધિ બાદ કળશમાં જળ ભરીને મંદિરમાં લાવવામાં આવશે. રથયાત્રાનું લાઈવ પ્રસારણ કરવામાં આવશે જેથી શ્રદ્ધાળુઓ ઘરે બેસીને જગન્નાથજીની રથયાત્રાના દર્શન કરી શકશે. આ રથયાત્રામાં રથ ખેંચનાર સિવાય લગભગ અન્ય કોઈ નગરજનોને હાજર નહીં રહે. ભગવાનના મામેરામાં પણ આ વખતે માત્ર એક કે બે વ્યક્તિને જ આમંત્રિત કરવામાં આવશે. ૨૧ જૂને નેત્રોત્સવ વિધિ યોજાશે, પરંતુ સૂર્યગ્રહણ હોવાથી આ વખતે નેત્રોત્સવ વિધિ બપોરે ૪ વાગ્યા બાદ થશે.

દર્દીના મૃત્યુના ૧૪ દિવસ બાદ પરિવારને વોર્ડ ટ્રાન્સફર કર્યાનો આવ્યો મેસેજ

અમદાવાદ

અમદાવાદ સિવિલ હૉસ્પિટલની વધુ એક ઘોરબેદરકારી સામે આવી છે. ગઈકાલે એક પરિવારના વ્યક્તિનું કોરોનાના કારણે મૃત્યુ થયા બાદ તેમની તબિયત સ્થિર હોવાનો મેસેજ આવ્યાના બ્લન્ડરને ૨૪ કલાક પણ નથી વીત્યા ત્યાં આજે અમદાવાદના સાગર શાહ નામના વ્યક્તિએ એક વીડિયો બનાવીને સિવિલના હવાઈ તંત્ર વિશે મોટો ઘટસ્ફોટ કર્યો છે. આ વીડિયોમાં યુવક સાગર કહી રહ્યો છે કે મારા પિતાનું ૧૬મી મેના રોજ સિવિલના કમ્પાઉન્ડમાં મોત થયું હતું.

આજે આ ઘટનાના ૧૪ દિવસ બાદ મને મેસેજ આવ્યો કે મારા પિતાને GCRI વૉર્ડ ઝપમાં ટ્રાન્સફર કરાયા છે. આ વીડિયોમાં યુવકે કહી રહ્યો છે કે 'મારા કિશોર ભાઈ શાહનું ૧૬મી મેના રોજ સિવિલના કમ્પાઉન્ડમાં મોત થયું હતું. આ ઘટના બાદ મારો પરિવાર શોકમાં ગરકાવ હતો ત્યારે ગઈકાલે અચનાક મારા મોબાઈલમાં મેસેજ આવ્યો કે મારા પિતાને જીસીઆરઆઈ વોર્ડ ૫માં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. અગાઉ સિવિલ હૉસ્પિટલે એક મૃત દર્દીના પરિવારને ફોન કરીને જાણ કરી હતી કે તેમના પરિજનનો કોરોના ટેસ્ટ નેગેટિવ છે તમે તેમને લઈ જઈ શકો છો ત્યારે પોતાના પરિવારજનના અગ્નિ સંસ્કાર કરી ચૂકેલો પરિવાર હતપ્રભ બની ગયો હતો કે આવું કઈ રીતે શક્ય છે.

અરબી સમુદ્રમાં લૉ પ્રેશર 'નિસર્ગ' વાવાઝોડામાં પરિવર્તિત, ૩-૪ જુનના રોજ કચ્છમાં વરસાદની આગાહી

અમદાવાદ

કેરળ પાસેના અરબી સમુદ્રમાં સર્જાયેલું સાયક્લોનિક સર્ક્યુલેશન લો પ્રેસરમાં ફેરવાઈ જતાં તે આગળ જતાં ડિપ્રેશન તથા ડિપડિપ્રેશનમાં એટલે કે વાવાઝોડાંમાં ફેરવાઈ ગયું છે. જેથી વાવાઝોડા અને ચોમાસાને પગલે ગાંધીનગર ખાતે કંટ્રોલ રૂમ ચાલુ કરાયો છે. આજે વાવાઝોડાને લઈને રાજયના મુખ્યમંત્રી વિજય રુપાણીના અધ્યક્ષસ્થાને એક બેઠક મળી હતી. જેમાં તમામ પરીસ્થિતિની સમીક્ષા કરવામાં આવી છે. એટલું જ નહીં, એ ન ડી આ ર એ ફ ના અધિકારીઓ પણ બેઠકમાં પહોચ્યા છે.

હવામાન વિભાગે રાજયમાં આવનાર 'નિસર્ગ' વાવાઝોડાને લઈને તંત્રને એલર્ટ કરી દીધું છે. વાવાઝોડાના તીવ્રતાને જોતા રાજયના અનેક વિસ્તારોમાં આગામી તા.૩ અને ૪ જુનના રોજ કચ્છમાં હળવો કે મધ્યમ વરસાદની આગાહી કરી હતી, તેના ભાગરૂપે આજે અનેક જગ્યાએ વાતાવરણમાં પલટો અને વરસાદ પડી રહ્યો છે.

ગુજરાત પર વાવાઝોડાનું સંકટ પણ વધ્યું છે. અરબી સમુદ્રમાં સક્રિય ડિપ્રેશન લો પ્રેશરમાં પરિવર્તિત થયું છે. આગામી ૧૨ કલાકમાં ડિપ્રેશન ડીપ વાવાઝોડામાં પરિવર્તિત થશે. ત્યારબાદ વાવાઝોડું દક્ષિણ ગુજરાતના દરિયા કિનારા તરફ ધીમે ધીમે આગળ વધશે. સુરતના દરિયા કિનારાથી ડિપ્રેશન (વાવાઝોડું) ૯૨૦ કિલોમીટર દૂર છે. આ વાવાઝોડું ૩ જૂનના રોજ ગુજરાતના દરિયાકિનારે પહોંચવાની શક્યતા છે. બીજી બાજુ વાવઝોડા સામે રાજય સરકાર તૈયારીઓ કરી રહી છે. આ સાથે NDRFની ૧૧ ટીમો સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતનાં દરિયાઈ કાંઠે મોકલવામાં આવી છે જે સાંજ સુધી પહોંચી જશે.

અરબી સમુદ્રમાં લો પ્રેશર આગામી ૧૨ કલાકમાં ડિપ્રેશન (વાવાઝોડા)માં ફેરવાઈ જશે. ત્યારે વાવાઝોડાની તીવ્રતાનો અંદાજો લગાવીને દ્રઢઈચ્છની ટીમ મોકલવા અંગે ઝસ્ના અધ્યક્ષ સ્થાને બેઠક મળી છે. બેઠકમાં દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં વાવાઝોડું ત્રાટકવાની સંભાવના સેવવામાં આવી છે. જેથી ૩ જૂને રાજયમાં ૮૦થી ૧૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. ત્યારે આફતને પહોંચી વળવા માટે દ્રઢઈચ્છની ૧૧ ટીમ દરિયાઈ વિસ્તારમાં મોકલવાનો નિર્ણય કરાયો છે, જે આજે સાંજે પહોંચી પણ જશે.

NDRFની ૧૧ ટીમ ભાવનગર, વેરાવળ, જાફરાબાદ, ભરૂચ અને વલસાડમાં પણ ટીમ મોકલવામાં આવશે. હવામાન વિભાગે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી એલર્ટ આપી દીધું છે. હવામાન વિભાગે પ્રિ મોન્સૂન એક્ટિવિટીના કારણે વરસાદની શક્યતા પણ સેવી છે. જેથી સૌરાષ્ટ્ર, ડાંગ, સુરત, દમણમાં વરસાદની શક્યતા જોવામાં આવી રહી છે. આ સિવાય દાદરાનગર હવેલી, વલસાડ, નવસારી, વડોદરા, અમદાવાદ, ગાંધીનગરમાં પણ વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. બીજી બાજુ ગુજરાતમાં નિસર્ગ વાવાઝોડાના પગલે જૂનાગઢના માંગરોળ, જામનગરના રોજી બંદર પર ૧ નંબરનું સિગ્નલ લગાવામાં આવ્યું છે. જ્યારે નવસારીમાં કાંઠાના તમામ સરપંચ-તલાટીઓને એલર્ટ રહેવાની સૂચના આપવામાં આવી છે. અરબી સમુદ્રમાં સર્જાયેલ ચક્રવાતની હાલની સ્થિતિ પ્રમાણે સાઉથ ગુજરાત અને મુંબઈ વચ્ચે ૩ જૂનના રોજ ટકરાવવાની સંભાવનાથી તંત્ર સજાગ થઈ ગયું છે.

હવામાન વિભાગના મતે ચક્રવાતની ગુજરાત અને મહારાષ્ટ્રના દરિયાઈ કાંઠા વિસ્તારમાં અસર જોવા મળશે. હાલની સ્થિતિમાં ચક્રવાત લેન્ડ ફોલ થાય એવી કોઈ શક્યતા જણાતી નથી. સુરત શહેરમાં આગામી ૨ જૂનના રોજ હળવાથી મધ્યમ અને ૩ – ૪ જૂન ભારેથી અતિભારે વરસાદની આગાહી વ્યકત કરવામાં આવી છે.

હાલમાં લો પ્રેશર ડિપ્રેશનમાં પરિવર્તિત થઈને ઉત્તર તરફ આગળ વધે તેવું જણાઈ રહ્યું છે. ત્યારબાદ ૩જી જૂનના રોજ રાજયનાં દરિયાકિનારે પહોંચશે. જેના કારણે આગામી ૪ અને ૫ જૂનના રોજ રાજયના મોટાભાગના શહેરોમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે જણાવ્યું કે, હાલની સ્થિતિ જોતા ગુજરાત-મહારાષ્ટ્રમાં 'પ્રી સાયક્લોનિક એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. રાજય સરકારે પણ પૂરતો બંદોબસ્ત કરવો પડશે. સાયક્લોનની ગતિ કેટલી હશે તે અંગે હાલ જાણી શકાયું નથી.

થોડા દિવસો પહેલા આ વાવાઝોડું દ્વારકા-કંડલા તરફ ફૂંકવાનું હતું, જેથી સૌરાષ્ટ્રના કિનારાના સ્થળો દ્વારકા, ઓખા, મોરબી, કચ્છના વિસ્તારો પ્રભાવિત થાય તેવી શકયતા હતી. જેના પગલે ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છના બંદરો પર રાઉન્ડ ધ કલોક સાવચેતી રાખવામાં આવી રહીં હતી. નિસર્ગ વાવાઝોડું ૧૧૦થી ૧૨૦ કિમી પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.

ગુજરાતના દરિયાકાંઠે વાવાઝોડાનું જોખમ જોતા ઘણાં બંદરો પર એક નંબરનું સિગ્નલ

ત્રણ જુન સુધીમાં ગુજરાત અને ઉત્તર મહારાષ્ટ્રના કિનારા પર ટકરાયા બાદ ઉત્તર પશ્ચિમ તરફ વધવાની આશંકા

અમદાવાદ

ગુજરાતના દરિયા કિનારે 'હિકા' ચક્રવાતનો ખતરો મંડરાય રહ્યો છે. ગુજરાતના દરિયા કિનારે આ ચક્રવાત ચારથી પાંચ જુન વચ્ચે રાજયના દ્વારકા, ઓખા અને કચ્છ તરફ આગળ વધી શકે છે. તંત્ર હાલ અરબ સાગરના ડિપ્રેશનના લીધે ગુજરાતના ઘણાં બંદરો પર એક નંબરનું સિગ્નલ લગાડી દેવામાં આવ્યું છે. માનવામાં આવી રહ્યું છે કે, જ્યારે આ ચક્રવાત જમીન સાથે ટકરાશે ત્યારે પવનની ગતિ ૧૨૦ કિમી પ્રતિ કલાકની રહેશે. હવામાન વિભાગ પ્રમાણે આગામી ૪૮ કલાક દરમિયાન દક્ષિણ પૂર્વ અને પૂર્વ મધ્ય અરબ સાગર પર એક લો પ્રેશર ઊભું થશે અને તે ઝડપથી આગળ વધશે. ત્રણ જુન સુધીમાં ગુજરાત અને ઉત્તર મહારાષ્ટ્રના કિનારા પર ટકરાયા બાદ ઉત્તર પશ્ચિમ તરફ વધવાની આશંકા છે.

ગુજરાતમાં આ ચક્રવાતથી સૌરાષ્ટ, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર અને રાજકોટ જિલ્લાને પ્રભાવિત કરી શકે છે. હવામાન વિભાગ અનુસાર દક્ષિણ-પૂર્વ અરબ સાગર અને લક્ષદ્વીપમાં આજે લૉ પ્રેશર બની રહ્યું છે. કાલે તે વધુ ડીપ બનશે તેવી શક્યતા છે અને તેના એક દિવસ બાદ તે સાઈક્લોનમાં પરિવર્તિત થશે અને ગુજરાત તરફ આગળ વધશે. ત્રણ જુને તે મહારાષ્ટ્રના દરિયા કિનારે પહોંચશે. દક્ષિણપૂર્વ નજીક પૂર્વમધ્ય અરબી સમુદ્રમાં લો પ્રેશર સક્રિય થયુ છે. ૪૮ કલાકમાં લો પ્રેશર ડિપ્રેશનમાં પરિવર્તિત થશે. ૪૮ કલાક બાદ વાવાઝોડું મજબૂત બનીને ઉત્તર-ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધશે. વાવાઝોડાના કારણે આગામી ૪૮ કલાકમાં ગુજરાત પર હવાનું હળવુ દબાણ બનશે.

દરિયાકાંઠાના તમામ જિલ્લાઓમાં એક નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. તંત્ર દ્વારા માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. અરબ સાગરના દ્વીપ ડિપ્રેશનના પગેલ ગુજરાતમાં સમુદ્રી કિનારાઓ ઉપર એક નંબરનું સિગ્નલ લાગુ કરવામાં આવ્યું છે. સાથે સાથે માછીમારોને સમુદ્રમાં ન જવાની સલાહ પણ આપવામાં આવી છે. માનવામાં આવી રહ્યું છે કે આ ચક્રવાત ઓમાન તરફ આગળ વધી રહ્યું છે. પરંતુ મોસમ વિભાગની જાણકારી પ્રમાણે આ તૂફાન ગુજરાત આગળ વધી રહ્યું છે.

રાજ્યમાં વાવાઝોડાના પગલે તૈનાત કરાઈ એનડીઆરએફની ૧૧ ટીમોઃ રૂપાણી

ગાંધીનગર

એક બાજુ રાજયમાં કોરોનાનો કહેર પ્રવર્તી રહ્યો છે, ત્યારે હવે ગુજરાત પર વાવાઝોડાંનું સંકટ ઊભું થયું છે. અરબી સમુદ્રમાં ડીપ ડિપ્રેશન સક્રિય થયું છે અને તે સૌરાષ્ટ્ર અને કચ્છ તરફ આગળ વધી રહ્યું છે, રાજયમાં વાવાઝોડાના તોળાઈ રહેલા સંકટ વચ્ચે રાજયના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ ડીઝાસ્ટર વિભાગના અધિકારીઓ સાથે યોજી. જેમા મહેસૂલ પ્રધાન કૌશિક પટેલ સહિત રાજયના ડીપીજી પણ હાજર રહ્યા.

રાજયમાં વાવાઝોડાના કારણે ૧૧ એનડીઆરએફની ટીમને તૈનાત કરાઈ છે. તો વાવાઝોડા પર નજર રાખવા માટે હવામાન વિભાગને સૂચના આપવામાં આવી છે. ગુજરાતમાં કોરોનાના કેર સતત વધી રહ્યો છે ત્યાં હવે નિસર્ગ વાવાઝોડાનું સંકટ ઘેરાયું છે. દક્ષિણ પૂર્વ નજીક પૂર્વ-મધ્ય અરબી સમુદ્રમાં લો પ્રેશર ડિપ્રેશનમાં પરિવર્તિત થયુ છે. ૧૨ કલાકમાં ડિપ્રેશન ડીપ ડીપ્રેશનમાં પરિવર્તિત થશે..આગામી ૨૪ કલાકમાં તે વાવાઝોડામાં પરિવર્તિત થઈ જશે.જે દક્ષિણ ગુજરાતના દરિયા કિનારા તરફ ધીમે ધીમે આગળ વધશે.

સુરતના દરિયા કિનારાથી ૯૨૦ કિલો મીટર દૂર ડિપ્રેશન જોવા મળ્યુ છે.. હવામાન વિભાગના મતે 'સાયક્લોનની તીવ્રતામાં વધારો થવાનો અંદાજ છે. રાજય સરકાર પૂરતી તકેદારી રાખે તે હિતાવહ છે. આ સાયક્લોનની તીવ્રતા કેટલી હશે તે અંગે હાલમાં કંઈ પણ હવે મુશ્કેલ છે. જૂનના ગુજરાતના સમુદ્રમાં ૯૦થી ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. જેના પગલે માછીમારોને ૩૧ મે સુધીમાં પરત આવી જવા અને ૪ જૂન સુધીમાં દરિયો નહીં ખેડવાની સલાહ આપવામાં આવેલી છે.

AMC અણઘડ વહિવટનો ફરી એકવાર જીવતું જાગતું ઉદાહરણ સામે આવ્યું

AMC ના ૫ બ્રિજ ખુલવાનો આદેશ છતાં તંત્ર નિદ્રામાં

અમદાવાદ

હોટસ્પોટ અમદાવાદમાં કોરોના વાયરસના કહેર બાદ શહેરની જોડતા તમામ બ્રિજ બંધ કરવામાં આવ્યા હતા. લોકડાઉન ૪.૦ના અંતિમ દિવસે અનલોક ૧ને લઇ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ખાસ અધિકારી ડો. રાજીવકુમાર ગુપ્તા, મ્યુનિસિપલ કમિશનર મુકેશકુમાર અને ઉચ્ચ અધિકારીઓ વચ્ચે બેઠક યોજાઇ હતી. જેમાં શહેરમાં તમામ બ્રિજ ખોલી દેવા માટે મંજૂરી આપવામાં આવી હતી. પરંતુ અમદાવાદ મ્યુ. કોર્પોરેશનનો અણઘડ વહિવટનો ફરી એકવાર જીવતું જાગતું ઉદાહરણ સામે આવ્યું છે. એએમસીએ તમામ બ્રિજ ખોલી નાંખવાનો નિર્ણય કર્યો હોવા છતાં આજે શહેરના ૫ બ્રિજ હજુ પણ બંધ દેખાઈ રહ્યા છે. અગાઉ સવારે ૭ વાગે બ્રિજ ખોલી નાંખવાની જાહેરાત કરાઈ હતી,

પરંતુ તેમ છતાં શહેરના આંબેડકર બ્રિજ, સરદાર બ્રિજ, દધીચી બ્રિજ બંધ, ગાંધીબ્રિજ, ઈન્દિરા બ્રિજ બંધ દેખાયા હતા. લોકોએ જાતે બેરીકેડ હટાવી અવર જવર શરૂ કરી દીધી હતી. અમદાવાદમાં ચોથા લોકડાઉનનાં તબક્કામાં માત્ર બે બ્રિજ ચાલુ રાખવામાં આવ્યા હતા. પણ હવે અનલોકનાં પહેલાં તબક્કામાં સરકારે મોટો નિર્ણય કરતાં અમદાવાદનાં તમામ બ્રિજ ખોલી નાંખવાનો નિર્ણય લેવાયો હતો, એટલે કે પૂર્વ અમદાવાદના લોકો સરળતાથી પશ્ચિમ અમદાવાદમાં જઈ શકશે. માત્ર બે બ્રિજ ચાલુ હોવાને કારણે અગાઉ લોકોને અવરજવર કરવામાં તકલીફ પડતી હતી.

બીજી બાજુ દુકાનો – બજારો માઈક્રો- કન્ટેઈનમેન્ટ ઝોન સિવાય સવારે ૮થી સાંજે ૭ ચાલુ રહેશે. આજથી અ મ દા વા દ મા બીઆરટીએસની સેવા શરૂ થઈછે, જે સવારે ૭થી સાંજના ૭ સુધી ચાલશે. સરકારી-બિનસરકારી ઓફિસ સંપૂર્ણ સ્ટાફ સાથે કાર્યરત રહેશે. ઓફિસ- દુકાનના માલિક-કર્મચારીઓ કન્ટેઈનમેન્ટ વિસ્તારમાંથી આવી નહિ શકે. ન્યુ કલોથ માર્કેટ, કાપડ માર્કેટ, મસ્કતી માર્કેટ વગેરે જે કન્ટેઈનમેન્ટ ઝોનમાં ન આવતા હોય તે ચાલુ રાખી શકાશે.

MLA બલરામ થવાની અને કોંગ્રેસનાં નેતા અમિત નાયક કોરોના સંક્રમિત થતા તંત્ર હરકતમાં

અમદાવાદ

રાજયમાં કોરોનાની મહામારીનો ભરડો યથાવત રહ્યો છે. ત્યારે અમદાવાદ શહેર પણ આ જીવલેણ કોરોના વાયરસનાં સંકજામાં આવ્યું છે. શહેરમાં જીવલેણ વાયરસનાં કેસોમાં ઉત્તરો ઉત્તર વધારો થઈ રહ્યા છે. આ જીવલેણ વાયરસનાં સંકજામાં શહેરનાં વધુ બે નેતાઓ આવ્યા છે. જેમાં અમદાવાદના નરોડાના ધારાસભ્ય બલરામ થવાનીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. રિપોર્ટ પોઝિટીવ આવતા તંત્ર હરકતમાં આવ્યું હતું. ધારાસભ્ય બલરામ થાવાણીને સારવાર માટે અમદાવાદની એપોલો હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બીજેપીના વધુ એક ધારાસભ્ય સરકારી સારવાર છોડી એપોલોમાં પહોંચ્યા હતા. ત્યારે બીજી તરફ કોંગ્રેસનાં વધુ એક નેતા કોરોનાની ઝપેટમાં આવ્યા છે. કોંગ્રેસ નેતા ડોક્ટર અમિત નાયકનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો. ત્યારે અમિત નાયક સતત લોકો વચ્ચે કાર્યરત હોવાથી કોરોના સંક્રમિત થયા હોવાનું માનવામાં આવી રહ્યુ છે.

અમદાવાદમાં કોરોનાનો ભરડો વધ્યો છે. આ જીવલેણ વાયરસનાં કારણે શહેરમાં પરિસ્થિતિ વધુને વધુ ગંભીર બની રહી છે. ત્યારે નવા વધુ ૨૯૯ દર્દીઓ નોંધતા આરોગ્ય વિભાગ ફરી ચિંતિત થયો છે. અત્યાર સુધી કુલ દર્દીઓનો આંકડો ગ્રામ્ય વિસ્તાર સહીત ૧૨૧૮૦ થયો છે. જયારે ૨૦ દર્દીઓના સારવાર દરમ્યાન કરૂણ મૃત્યુ થયા છે. આ સાથે કુલ મૃત્યુઆંક ૮૪૨ના આંકડાને આંબી ગયો છે. રોજેરોજ થતાં મૃત્યુથી લોકોમાં ભયની લાગણી જન્મી છે. જયારે સાજા થયેલા ૬૦૧ દર્દીઓને જુદી જુદી હોસ્પિટલોમાંથી રજા અપાઈ છે. નવા નોંધાતા દર્દીઓમાં નવા પશ્ચિમ ઝોનમાં વધુ દર્દીઓ નોંધાયા છે. હોસ્પિટલોની બેદરકારી પણ રોજેરોજ સપાટી પર આવતી જાય છે.

બે મહિનાથી વધુ સમય બંધ થયા બાદ ફરી વેપાર-ધંધા-ઓફિસો, બસ સેવા સાથે ફરી ધબકતું થયું ગુજરાત

અમદાવાદ

શહેર આજથી ફરી એક વખત ધબકતું થયું છે. આજથી શહેરમાં તમામ વેપાર- ધંધા-ઓફિસો, બસ સેવા સહિત તમામ રોજગાર ધંધા શરૂ થતાં અમદાવાદ ફરી એકવાર પહેલા જેવું જોવા મળી રહ્યું છે. આજે સવારથી જ છસ્જી-મ્જી બસ સેવા શરૂ થઈ ગઈ હતી. લોકો રોડ પર માસ્ક પહેરેલા જોવા મળ્યા હતાં. સોશિયલ ડિસ્ટન્સિંગ અને માસ્ક બંને સાથે શહેરજનો કામે વળગતા અલગ જ ચિત્ર અમદાવાદનું જોવા મળ્યું છે. કન્ટેનમેન્ટ ઝોન સિવાય બસ સેવાઓ ૫૦ ટકા કેપેસિટી સાથે દોડતી થઈ છે. જી બસમાં પણ ૬૦ ટકા લોકો જ બેસે તેવી વ્યવસ્થા કરી બસ શરૂ થઈ ગઈ છે. બીજીતરફ સુભાષબ્રિજ મ્જી તેમજ રાણીપ બસ સ્ટેન્ડ પરથી આજે સવારે એસટી બસ સેવા શરૂ થઈ છે. ઓછી સખ્યામાં બસો દોડતી થઈ છે.

અમદાવાદમાં હવે માર્કેટો શરૂ થયા છે. અમદાવાદમાં રિલીફ રોડ ફરી ધમધમતો થયો છે. લાંબા સમયથી બંધ રિલીફ રોડ શરૂ થયો છે. રિલીફ રોડના માર્કેટ ચાલુ થયા છે. કાપડ, મોબાઈલ, ઈલેકટ્રોનિક દુકાનો શરૂ થઈ ગઈ છે.

અનલોક-૧માં સરકાર દ્વારા છૂટછાટ અપાતા રાજકોટ આજ ફરીથી ધમધમતુ થયું છે. રાજકોટ શહેરની મુખ્ય બજારો શરૂ થતા લોકો ઘરની બહાર નિકળ્યા છે. ઘણા સમયથી સુમસામ રહેલા રસ્તા પર લોકો જોવા મળ્યા છે. લોકડાઉન હોવાના કારણે છેલ્લા ઘણા સમયથી રસ્તા પર લોકોની ભીડ ઘટી હતી. જોકે હવે સરકારે છૂટ આપતા રસ્તા ધમધમતા થયા છે.

વડોદરામાં અનલોક પાર્ટ-૧માં બજારો ખુલ્યાં છે. લાંબા સમય બાદ ધંધા રોજગાર શરૂ થઈ ગયા છે. વડોદરામાં વેપારીઓએ ધંધા રોજગાર શરૂ કર્યા છે. ચાર દરવાજા વિસ્તાર, રાવપુરા વિસ્તારમાં દુકાનો ખુલી ગઈ છે. સરકારની ગાઈડલાઈન મુજબ વ્યવસ્થા કરાઈ છે.

છેલ્લા બે મહિનાના કોરોના વેકેશન બાદ ગાંધીનગર આજે ફરી ધમધમતું થયું હતું ,ખાસ કરીને રાજ્ય વહીવટીતંત્રનું હાર્દ ગણાતું સચિવાલય પણ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓથી ઉભરાવા લાગ્યું હતું. સરકારી કર્મચારીની સો ટકા હાજરીના આદેશ સાથે શરૂ થયેલી કચેરીમાં સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક અને સેનિટાઈઝેશન જેવી બાબતો પર ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. આવતીકાલે મંગળવાર ધારાસભ્યોનો દિવસ હોવાથી સ્વર્ણિમ સંકુલ અને સચિવાલય રાજકીય નેતાઓથી પણ ધમધમવા લાગશે, સચિવાલયના તમામ ૧૪ બ્લોકની સાથે મંત્રીઓની ઓફિસ સ્વર્ણિમ સંકુલ–૧ અને સંકુલ–૨માં કોરોના ચેકિંગ સહિતની વિવિધ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી હતી.

ચાર તબક્કાના લોકડાઉન બાદ આજથી પ્રથમ તબક્કાનું અનલોક-૧ શરૂ થયું

જૂનાગઢ ST ડેપોમાં જોવા મળ્યો સામાજિક અંતરનો સદંતર અભાવ

જૂનાગઢ

ચાર તબક્કાના લોકડાઉન બાદ આજથી પ્રથમ તબક્કાનું અનલોક-૧ શરૂ થયું છે. જેમાં સમગ્ર રાજ્યની સાથે જૂનાગઢ જી. વિભાગની બસો પણ કેટલાક રૂટો પર કાર્યરત થતી જોવા મળી હતી. આ સમય દરમિયાન બસમાં પ્રવાસ કરવા માટે આવેલા પ્રવાસીઓ દ્વારા સામાજિક અંતરનો ભંગ થતો હોય તેવા દ્રશ્યો સામાન્ય બની રહ્યાં હતા. પ્રથમ તબક્કાના અનલોકમાં રાજ્ય સરકાર દ્વારા વધુ કેટલીક છૂટછાટો આપવામાં આવી છે. જેમાં છેલ્લા ૭૦ દિવસથી બંધ પડેલા એસ.ટીના કેટલાક રૂટો આજથી સમગ્ર રાજ્યમાં શરૂ થયા છે.

જૂનાગઢ એસ.ટી ડેપોથી રાજ્યના સુરત, અમદાવાદ, વડોદરા અને સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લાઓમાં બસ વ્યવહાર શરૂ થતો જોવા મળી રહ્યો છે. આ સમયે બસમાં યાત્રા કરવા આવેલા પ્રવાસીઓ દ્વારા સામાજિક અંતરનો ભંગ થતો હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યાં હતા. રાજ્ય સરકારે ૬૦% પ્રવાસીઓની ક્ષમતાને ધ્યાનમાં રાખીને એસ.ટી બસો શરૂ કરી છે. લોકડાઉન પહેલા જૂનાગઢ એસ.ટી વિભાગ ૨૩ કલાક સતત કાર્યરત જોવા મળતો હતો, અને મોટી સંખ્યામાં પ્રવાસીઓની સાથે વિભાગની બસો સમગ્ર રાજ્યમાં આવન-જાવન કરતી હતી. પરંતુ આજથી કેટલાક મર્યાદિત અને ચોક્કસ રૂટો પર બસોનું સંચાલન શરૂ કરવામાં આવ્યું છે.

ત્યારે એક ગામથી બીજે ગામ જવા માટે આવેલા પ્રવાસીઓ દ્વારા સામાજિક અંતરનો ભંગ થતો હોય તેવા દ્રશ્યો બિલકુલ સામાન્ય બની રહ્યાં હતા. જે પ્રકારે લોકો સામાજિક અંતરનો ભંગ કરી રહ્યાં છે, તે જોતા એવું લાગી રહ્યું છે કે, આ લોકો કોરોના સંક્રમણને વધુ આગળ ફેલાવશે તો ,જે એસ.ટી બસો શરૂ થઈ છે, તેને લઈને પણ હવે પ્રશ્નો ઉભા થઈ શકે છે.

૫૦ હજાર રૂપિયામાં ડિગ્રીનો સેટ

વડોદરામાંથી ઝડપાયું નકલી માર્કશીટનું મસમોટું કૌભાંડ

ફોટો શોપ-કોરલની મદદથી એમએસ યુનિવર્સિટીની અને પારુલ યુનિ.ની બોગસ માર્કશીટ-ડીગ્રી સર્ટીફિકેટ બનાવ્યા

અમદાવાદ

વડોદરાના ન્યુ સમા રોડ ખાતે નકલી માર્કશીટ વેચી વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડા કરતા આરોપી મુકેશ પરમારના ઘરે દરોડો પાડી ક્રાઈમ બ્રાંચે નકલી માર્કશીટ સહિતના મુદ્દામાલ સાથે આરોપીની ધરપકડ કરી છે. આરોપી ૫૦ હજારમાં ડીગ્રી સર્ટીફીકેટ વેચતો હતો. વડોદરા ક્રાઈમ બ્રાંચે આજે બાતમીના આધારે ન્યૂ સમા રોડ ખાતે અભિલાષા સોસાયટીમાં રહેતા એક વ્યક્તિની બોગસ માર્કશીટો તેમજ સર્ટીફિકેટો કોમ્પ્યુટરમાં ફોટો શોપ તેમજ કોરલ ડ્રો સોફ્ટવેરની મદદથી કોમ્પ્યુટરમાં ફોટો શોપ તેમજ કોરલ ડ્રો સોફ્ટવેરની મદદથી એક વ્યક્તિ એમએસ યુનિવર્સિટીની અને વડોદરા નજીક આવેલ પારુલ યુનિવર્સિટીની બોગસ માર્કશીટ અને ડીગ્રી સર્ટીફિકેટો બનાવે છે. ક્રાઈમ બ્રાંચ દરોડો પાડ્યો હતો. જેમાં પોલીસે આરોપી મુકેશ પરમારના ઘરેથી પારૂલ યુનિવર્સિટીની બનાવટી ૬ નંગ માર્કશીટ, ૧ ડીગ્રી સર્ટીફિકેટ તેમજ એમએસ યુનિવર્સિટીની કોરી માર્કશીટ ૧, વિદ્યાકુંજ સ્કુલ વડોદરાના સ્ટેમ્પ નંગ-૨ ઉપરાંત કોમ્પ્યુટર, પ્રિન્ટર, સ્પેમ્પ, મોબાઈલ ફોન, માર્કશીટ સાઈઝના કોરા કાગળો મળી કુલ ૨૮ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપી મુકેશ પરમાર ૫૦ હજારની કિંમતે નકલી માર્કશીટ વેચતો હતો. આરોપી અગાઉ પણ નકલી માર્કશીટના કૌભાંડમાં ઝડપાયો હોવાનું જાણવા મળે છે. આરોપીએ કોને નકલી માર્કશીટ અત્યાર સુધીમાં વેચી છે તેની પોલીસે તપાસ હાથ ધરી છે.

અનલોક-૧: મહીસાગર નદીમાં ટોળેટોળા ન્હાતા દેખાતા

વડોદરા

અનલોક-૧ની જાહેરાત થતા જ જાણે લોકોમાંથી કોરોનાનો ભય દૂર થઈ ગયો હોય તેવો લાગે છે. સાવલીના મહીસાગર નદીમાં રવિવારે મોટી સંખ્યામાં લોકો મહીસાગર નદીમાં ન્હાવા માટે ઉમટી પડ્યા હતા. લાંછનપુર ગામ પાસેથી પસાર થતી મહીસાગર નદીમાં લોકો ન્હાતા દેખાયા હતા. લોકડાઉન હોવા છતાં નદી કિનારે લોકોના ટોળેટોળા દેખાયા હતા. આ લોકો જાણે સોશિયલ ડિસ્ટન્સિંગનું ભાન ભૂલ્યા હોય તેમ ન્હાતા દેખાયા હતા.

તો લોકો કોરોના વાયરસના ભયથી બેખોફ થયા હોય તેવું આ દ્રશ્યો જોઈને લાગ્યું હતું. લાંછનપુર પાસેથી પસાર થતી મહીનસાગર નદી પાસે દર વર્ષે હજારોની સંખ્યામાં વડોદરા અને તેની આસપાસ ના જિલ્લામાંથી લોકો ઉનાળાની મોસમમાં નાહવા આવે છે. સરકારે આ પ્રતિબંધિત સ્થળ જાહેર કર્યું છે, છતાં લોકો નાહવા આવે છે. દર વર્ષે ૧૦૦ થી વધારે લોકોના ડૂબી જવાથી મોત થાય છે. ત્યારે આજે લોકોની ભીડ ઉમટતા પોલીસ બંદોબસ્ત પર અનેક સવાલ ઉઠ્યા છે. મહીસાગર નદીના કાંઠે સાવલી તાલુકાના લાંછનપુર, વડોદરા નજીક સિંઘરોટ ચેકડેમ, તેમજ નર્મદા નદીના કાંઠા કરજણ તાલુકાના નારેશ્વર, શિનોર તાલુકાના દિવેરમઢી ગામે નર્મદા નદીના કિનારે નાહવા માટે ઉનાળામાં મોટી સંખ્યામાં લોકોનો ઘસારો રહે છે.

ઉત્સાહના અતીરેકમાં ઘણી વખત દુર સુધી નહાવા માટે જતા રહેવાથી ડૂબી જવાની ઘટનાઓ બનતી હોય છે. જેના પગલે છેલ્લા ઘણા વર્ષોથી જિલ્લા પોલીસ તેમજ વહિવટીતંત્ર દ્વારા કડક પગલા લેવામાં આવી રહ્યા છે. પરંતુ હાલ લોકડાઉનની કામગીરીમાં જોતરાયેલી પોલીસ આ દ્રશ્યોથી અજાણ દેખાઈ હતી. તો બીજી તરફ, લોકો પણ નિયમો કોરાને મૂકીને મજા માણતા દેખાયા હતા.

અનલોક ૧ માં ધમધમતું થયું અમદાવાદ, નહેરૂનગર ST બસ સ્ટેન્ડ પરથી સેવા થઈ શરૂ

અમદાવાદ

રાજ્યમાં અનલોક ૧ આજથી શરૂ થયું છે. ત્યારે ગુજરાતના મોટાભાગના વિસ્તારમાં જી બસ સેવા શરૂ થવા જઈ રહી છે. જોકે અમદાવાદમાં ગીતા મંદિર બસ સ્ટેશન તો બંધ જ રહેશે. એટલે કે ગીતા મંદિર બસ સ્ટેશનથી એક પણ જી બસ નહીં ઉપડે. માટે અમદાવાદના અલગ અલગ પોઈન્ટ પરથી બસ રવાના થશે. અમદાવાદના નહેરૂનગર બસ સ્ટેન્ડ પરથી એસટી બસ સેવા શરૂ થઈ છે. દરેક બસને સેનેટાઈઝ કરવામાં આવી છે. મુસાફરોનું ટેમ્પરેચર પણ માપવામાં આવે છે. અને માસ્ક વગર સ્ટેશન પર મુસાફરોને પ્રવેશ આપવામાં આવતો નથી.

આજથી જે બસ સેવા શરૂ થઈ તેમા સૌરાષ્ટ્ર તરફ જવા માટે રાણીપ, કૃષ્ણનગર અને નહેરૂનગર બસ સ્ટેશન. તો દક્ષિણ ગુજરાત તરફ જવા માટે રાણીપ, નહેરૂનગર અને કૃષ્ણનગર બસ સ્ટેશન. તો ઉત્તર ગુજરાત તરફ જવા માટે-રાણીપ, કૃષ્ણનગર અને નહેરૂનગર બસ સ્ટેશનથી બસ ઉપડશે.મધ્ય ગુજરાત/પંચમહાલ તરફ જવા માટે રાણીપ, નહેરૂનગર બસ સ્ટેશનથી બસ રવાના કરવામાં આવી છે. મહત્વપૂર્ણ છે કે એસટી બસનો કોઈપણ રૂટ કન્ટેન્ટમેન્ટ ઝોન તેમજ માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન વિસ્તારમાંથી પસાર થશે નહીં.બસમાં મુસાફરી કરનાર મુસાફરે તેઓની ટ્રીપ ઉપડે તે પહેલા ઓછામાં ઓછા ૩૦ મિનીટ વહેલા બસ સ્ટેન્ડ પર આવવાનું રહેશે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં કોરોનાને લીધે એસ.ટી. બસ સેવા આંશિક રીતે કરાઈ શરૂ

રાજકોટ

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ૭૦ દિવસના લાંબા સમયના લોકડાઉન બાદ સૌરાષ્ટ્ર – ગુજરાત વચ્ચે તો એસ.ટી. બસ વ્યવહાર પુનઃ કાર્યરત થશે. રાજકોટ, જામનગર, જૂનાગઢ, પોરબંદર, અમરેલી, મોરબી, દ્વારકા સહિતના જિલ્લાઓમાંથી આવતીકાલ તા. ૧ જૂનથી અમદાવાદ, વડોદરા, સુરત સહિતના રૂટ ઉપર એસ.ટી. બસો શરૂ કરવામાં આવશે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં કોરોનાની મહામારીને લીધે એસ.ટી. બસ સેવા આંશિક રીતે શરૂ કરવામાં આવ્યા બાદ ક્રમશઃ આંતર જિલ્લા પરીવહન સેવા શરૂ કરવામાં આવી હતી. અલબત્ત સૌરાષ્ટ્ર ઝોન પુરતી સીમિત એસ.ટી. બસ સેવા આવતીકાલ તા. ૧ થી અમદાવાદ, વડોદરા, સુરત સુધી દોડાવવામાં આવશે. રાજકોટથી અંબાજી, ડીસા, છોટાઉદેપુર સહિતના રૂટ ઉપર એસ.ટી. બસો શરૂ થશે. અલબત ઓનલાઈન બુકીંગ સંભવતઃ કાલથી શરૂ થશે. એસ.ટી.ના સુત્રોના જણાવ્યા અનુસાર સોશ્યલ ડીસ્ટન્સ જાળવીને એસ.ટી. બસ સેવા શરૂ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. તેથી દરેક એસ.ટી. ડિવિઝન દ્વારા નવા શિડ્યુલ તૈયાર કરવામાં આવ્યા છે. પરંતુ તા. ૨ ને મંગળવારથી રાજ્યમાં એસ.ટી. સેવા સવારના ૭ થી રાત્રીના ૮ વાગ્યા સુધી કાર્યરત થશે.

અમદાવાદમાં પહેલા પતિની દીકરી ઘરે આવતા બીજા પતિએ પત્નીને માર્યો ઢોર માર

અમદાવાદ

શહેરના વાડજ વિસ્તાર માં એક એવી ઘટના સામે આવી છે જે સાંભળીને તમે પણ ચોંકી જશો. શહેરના વાડજ વિસ્તારમાં એક ૪૫ વર્ષીય મહિલાએ ફરિયાદ દાખલ કરાવી છે કે તેના પતિએ તેને ઉશ્કેરાઈને ઢોર માર માર્યો છે. આ દરમિયાન તેની ગર્ભવતી પુત્રી વચ્ચે આવતા તેને પણ તકલીફ લઈ છે. જેને લઈ યુવતીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે વાડજ વિસ્તારમાં રહેતી એક મહિલાએ ફરિયાદ દાખલ કરાવી છે કે તેના પતિ હસમુખ અને દિયર અરવિંદ બંનેએ ભેગા થઈને તેને ઢોર માર માર્યો છે. માર પાછળનું કારણ ફરિયાદીની પહેલા પતિની પુત્રી છે. ફરિયાદીનું કહેવું છે કે તેના પહેલા પતિની પુત્રી પ્રેગનેન્ટ છે, તેને તકલીફ હોવાથી તે તેની માતાના ઘરે આવી હતી.

ઘરમાં તમામ લોકો એક સાથે બેઠા હતા ત્યારે આરોપી પતિએ મહિલાને તેની પુત્રીને પરત મોકલી દેવા જણાવ્યું હતું અને મનફાવે તેવા શબ્દો બોલ્યા હતા. જે બાદમાં ફરિયાદીએ કહ્યું હતું કે, તેને તકલીફ છે અને તે અહીંયા રેહશે. આ વાતથી આરોપી ઉશ્કેરાઈ ગયો અને ફરિયાદીને ગાળો બોલી માર મારવા લાગ્યો હતો. આ ઘટના સમયે ફરિયાદીની પુત્રી વચ્ચે આવતા તેને પેટમાં દુઃખાવો થતા તેને હૉસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. આ મામલે પોલીસે ૩૨૩, ૨૯૪(બી) અને ૧૧૪ મુજબ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

કડી પોલીસ સ્ટેશન દારૂકાંડ મામલે મોટો ખુલાસો: PI અને PSI વિરુદ્ધ વધુ એક ફરિયાદ નોંધાઈ

કડી

કડી પોલીસ સ્ટેશનમાંથી દારૂ સગેવગે કરવાના કેસમાં આજે ચોંકાવનારી વિગતો સામે આવી છે. કડી પોલીસ સ્ટેશનમાં દારૂના મુદ્દામાલની ગણતરીમા ચોંકાવનારી વિગતો સામે આવતા ચર્ચાનો વિષય બન્યો છે. પોલીસ સ્ટેશનમાં દારૂના ગુનાના કુલ મુદ્દામાલ પૈકી ખૂટતી બોટલો ૫૯૭૪ રૂપિયા ૧૨,૧૪,૩૩૮નો મુદ્દામાલ ઓછો મળી આવ્યો છે. રૂપિયા ૩,૦૯,૭૦૦ની ૧૧૫૯ બોટલો કોઈ પણ ગુનામાં કબ્જે કર્યા વગરની વધારાની મળી આવતા આ ઘટના ચર્ચાનો વિષય બની છે. આ ચોંકાનારી વિગતો બાદ કડી પોલીસ સ્ટેશનમાં વધુ એક ફરિયાદ નોંધાઈ છે.

પોલીસ ફરિયાદ પ્રમાણે, કડી પોલીસ સ્ટેશનના જેતે સમયના પીઆઈ અને પીએસઆઈ વિરુદ્ધ વધુ એક ફરિયાદ નોંધવામાં આવી છે. પીઆઈઓ એમ દેસાઈ અને પીએસઆઈ કે.એન. પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. પોલીસ સ્ટેશનમાં ગુનાના કામે કબ્જે લેવાયેલ દારૂ વેચવો કે અન્ય સ્થળે લઈ જવા મુદ્દે ગુનો દાખલ કરાયો છે. કોઈ ગુનામાં કબ્જે લેવાયેલ ના હોય તેવો પ્રોહીબિશનનો મુદ્દામાલ પો. સ્ટે.મા રાખી ગેરરીતિ આચર્યાનો ગુનો દાખલ કરાતા સમગ્ર રાજ્યમાં ચર્ચાનો વિષય બન્યો છે. કડી પોલીસ સ્ટેશનના પોલીસકર્મી અનાર્મ એએસઆઈ દિલીપ ભુરજીભાઈએ આ ફરિયાદ નોંધાવી છે.

ભાવનગરમાં ભારે પવન સાથે વરસાદ, અનેક જગ્યાએ શોર્ટ સર્કિટની ઘટનાઓ આવી સામે

રાજકોટ

ગુજરાતમાં એકબાજુ ગરમીનો પ્રકોપ યથાવત છે ત્યારે બીજી બાજુ હવામાન વિભાગે વરસાદને લઈને આગાહી કરી છે. ત્યારે આજે ભાવનગરમાં ભારે પવન સાથે વરસાદ ખાબક્યો હતો. જેના કારણે સમગ્ર શહેરમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જોકે વરસાદના કારણે ખેડૂતો ચિંતામાં જોવા મળ્યાં હતાં. ભારે પવન સાથે વરસાદ ખાબકતાં અનેક જગ્યાએ શોર્ટ સર્કિટ અને ઝાડ પડવાની ઘટનાઓ પણ જોવા મળી હતી. હવામાન વિભાહની આગાહી પ્રમાણે, ભાવનગરમાં આજે ભારે પવન સાથે વરસાદ ખાબક્યો હતો.

બારે પવનના કારણે શહેરમાં અનેક જગ્યાએ શોર્ટ સર્કિટ અને ઝાડ પડવાની ઘટનાઓ સામે આવી હતી. શહેરના કાળિયાબીડ વિસ્તારમાં ભારે પવનના કારણે ઝાડ પડી ગયું હતું. ઝાડ પડવાના કારણે રસ્તો બ્લોક થઈ ગયો હતો. હાલ આ ઘટનામાં કોઈ જાનહાનીના સમાચાર સામે આવ્યાં નથી. આ ઉપરાંત બોટાદ શહેરમાં ગાજવીજ સાથે વરસાદ ખાબક્યો હતો. અનેક વિસ્તારોમાં ભારે પવનની સાથે વરસાદ પડ્યો હતો. વરસાદના પગલે લોકોને ગરમીથી રાહત મળી હતી. જોકે વરસાદના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો હતો.

લોકડાઉનપ માં અમદાવાદમાં આજથી ૪૬ વિસ્તારો માઈક્રો કન્ટેન્મેન્ટ ઝોનમાં સામેલ

અમદાવાદ

કોરોનાના સંકટ વચ્ચે રાજ્ય સરકારે લોકડાઉનનો આંશિક અંત લાવીને છૂટછાટ જાહેર કરી છે. જેના કારણે આજથી સોમવારથી ગુજરાતમાં ફરી એકવાર જનજીવન વેગવંતુ બનશે. છેલ્લાં બે મહિનાથી અમદાવાદનાં બંધ વિસ્તારોમાં પણ ચહલપહલ જોવા મળશે. અમદાવાદમાં ૧૧ વોર્ડમાં અગાઉ જાહેર કરાયેલા કન્ટેન્મેન્ટ ઝોન હટાવી લેવામાં આવ્યાં છે. તેની જગ્યાએ ૪૬ વિસ્તારો, પોળો, ચાલીઓ, વસાહતોમાં હવે માઈક્રો કન્ટેન્મેન્ટ ઝોનમાં મુકવામાં આવ્યાં છે. હવે આ નાના નાના વિસ્તારોને કન્ટેન્મેન્ટ ઝોનનાં કડક નિયમોનું પાલન કરવાનું રહેશે. આ વિસ્તારોમાંથી આવ-જા થઈ શકશે નહીં. અંદર હોય તે જીવન જરૂરી ચીજવસ્તુઓની દુકાનો ખુલી શકાશે.

આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, આ પહેલા મધ્ય ઝોનમાં અસારવા, જમાલપુર, દરિયાપુર, શાહપુર, ખાડિયા દક્ષિણ ઝોનમાં બહેરામપુરા, દાણીલીમડા, મણીનગર, પૂર્વ ઝોનમાં ગોમતીપુર, ઉત્તર ઝોનમાં સરસપુર અને પશ્ચિમ ઝોનમાં ગુલબાઈ ટેકરાની ઝુંપડપટ્ટી મળીને કુલ ૧૧ વિસ્તારો કન્ટેન્મેન્ટ ઝોન તરીકે જાહેર કરાયા હતા. પરંતુ મધ્ય ઝોન અને દક્ષિણ ઝોનમાં કેસો ઘટતાં ત્યાંના રહીશોએ આ અંગે માગણી કરી હતી. માઈક્રો કન્ટેન્મેન્ટ ઝોનનાં લેવાયેલા નિર્ણયને કારણે ૧૬,૧૬૦ ઘરોમાં ૬૯, ૬૨૪ને ઘરમાં જ રહેવું પડશે.

ગુજરાતને આર્થિક ક્ષેત્રે ફરી ધબકતુ કરવા પરપ્રાંતિયોને પરત લાવવા સરકાર અને ઉદ્યોગ સંગઠનોએ બનાવ્યો પ્લાન

અમદાવાદ

કોરોના અને લોકડાઉનના કારણે ગુજરાતમાંથી ૧૫ લાખ કરતા વધુ શ્રમિકો વતન રવાના થઈ ગયા છે તો બીજી બાજુ રાજ્ય સરકારે વેપાર ઉદ્યોગો શરૂ કરવા મંજૂરી આપી છે, ત્યારે શ્રમિકો વિના ઉધોગોનું ૮૦ ટકા કામ અટવાઈ ગયું છે. આ સંજોગોમાં સરકારે પણ શ્રમિકોની વ્યવસ્થા કરવા એક્શન પ્લાન બનાવ્યો છે, જેમાં ગુજરાતના આદિવાસી શ્રમિકોની સાથે અન્ય રાજ્યની સરકારો સાથે વાતચીત કરી શ્રમિકોને પાછા લાવવા વેપાર ઉદ્યોગ સંગઠનોની સાથે ઉદ્યોગ વિભાગ પણ એક્ટિવ થઈ ગયો છે.

ગુજરાતને ફરી ધમધમતું કરવા માટે મહત્વના એવા શ્રમિકોને પાછા લાવી કામે લગાડવા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ ઉત્તરપ્રદેશ, બિહાર અને ઓરિસ્સાના મુખ્યમંત્રીઓ સાથે સંપર્ક કર્યો છે અને પરપ્રાંતિયોને પરત લાવવા માટે ગુજરાત સહકાર આપવા તૈયાર છે તેવુ જણાવ્યું છે. ખાસ કરીને વેપાર ઉદ્યોગના સંગઠનો સાથે મુખ્યમંત્રી અને સમગ્ર ઉદ્યોગ વિભાગ સતત સંપર્કમાં છે અને તેઓને કયા-કયા રાજ્યોમાંથી કયા પ્રકારના કામદારો આવી શકે તેમ છે તેની ચકાસણી કરવામાં આવી રહી છે.

રાજ્યના મોટા ઉદ્યોગોની સાથે નવા બિલ્ડીંગ અને નવા પ્રોજેક્ટના લેબર વર્ક વિના આગળ વધવું મુશ્કેલ છે, આ ઉપરાંત સોના ચાંદીના કામ માટેના માહેર બંગાળી કારીગરો પણ વતન ચાલ્યા ગયા છે, તેથી મોટા ભાગના ધંધામાં શ્રમિકો વિના શરૂ કરવો ઘણો મુશ્કેલ છે, હાલ જે રીતે મજૂરોની તંગી પડી રહી છે તેથી રાજ્ય સરકાર પણ વ્યવસ્થા કરવામાં વ્યસ્ત છે. આ ઉપરાંત હાલ જે કામદારો છે જે વતન પરત જઈ શક્યા નથી, આવા કામદારોને ફરીથી રોજગારના સ્થળે પહોંચાડવામાં પણ ખાસ વ્યવસ્થા કરાશે.

વડોદરામાં કોરોનાગ્રસ્ત શંકાસ્પદ વૃદ્ધાનું ગોત્રી આઈસોલેશન વોર્ડમાં મોત

વડોદરા

શહેરના ભૂતડી ઝાપા હુજરાત ટેકરા વિસ્તારમાં આશાપુરી નિવાસમાં રહેતા ૭૫ વર્ષના કાંતાબહેન કાયસ્થને ચાર દિવસ પહેલા ગોત્રી હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા અને તેમના કોરોના વાઈરસના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા હતા. તેઓનો રિપોર્ટ આવે તે પહેલાં જ રવિવારે તેમનું મોત થયું હતું. વૃદ્ધાનું મોત થતાં પરિવારજનો કોરોનાની ગાઇડ લાઇન મુજબ અંતિમ સંસ્કાર માટે કારેલીબાગ ખાસવાડી સ્મશાનમાં લઇ આવ્યા હતા. પરંતુ વીજકાપના કારણે ગેસ ચિતા બંધ હોવાથી ત્રણ કલાક સુધી પરિવારને મૃતદેહ લઇ સ્મશાનમાં બેસી રહેવાની ફરજ પડી હતી.

વડોદરામાં અનલોક-૧માં વિનાયક લોજીસ્ટીકની ૫૦ બસના ૩૧ રૂટ શરૂ કરાયા

વડોદરા

અનલોક-૧માં વડોદરા શહેરમાં આજથી સિટી બસ સેવા અને વેપાર-ધંધા શરૂ થયા છે. કેન્દ્ર સરકારે જાહેર કરેલા અનલોક-૧ને પગલે વડોદરા શહેરમાં સિટી બસ સેવા પૂરી પાડતી વિનાયક લોજીસ્ટીકની ૫૦ બસના ૩૧ રૂટ આજે શરૂ કરાયા છે. જે દિવસ દરમિયાન એક બસ ૧૦ ફેરા કરી ૫૦૦ ફેરા દ્વારા મુસાફરોને પોતાના સ્થાને પહોંચાડશે. જોકે અનલોક-૧ના પ્રથમ દિવસે લોકોએ આજે ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હતું. જેથી સિટી બસોમાં પાંખી હાજરી જોવા મળી હતી. સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવા માટે એક બસમાં માત્ર ૧૭ મુસાફરોને બેસાડવામાં આવે છે

વિનાયક લોજીસ્ટીકના મેનેજર નરેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે, સિટી બસના કંટ્રોલ સેન્ટર ખાતે મુસાફરો માટે સેનેટાઈઝ અને હાથ ધોવાની વ્યવસ્થા કરી છે, સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવા માટે એક બસમાં માત્ર ૧૭ મુસાફરોને બેસાડવામાં આવી રહ્યા છે. વડોદરા શહેરના તમામ હાઈવેને આવરી લેતા રૂટ નક્કી કરાયા છે સવારે ૭ વાગ્યાથી શરૂ થતી બસ રાત્રે ૮ વાગ્યા સુધી ચાલશે. આજે પહેલા દિવસે અમે ૫૦ બસો શરૂ કરી છે. આવતીકાલથી ૭૦ બસો શરૂ કરવાની ગણતરી છે.

સુરતમાંથી અંતિમ ૪૪૫મી શ્રમિક ટ્રેન પશ્ચિમ બંગાળ માટે ઉપડી

શ્રમિક સ્પેશિયલ ટ્રેનો દોડાવવાનું બંધ કરાયું

સુરત

વિશ્વ વ્યાપી પ્રસરેલા કોરોના(કોવીડ-૨૦૧૯) વાઈરસના સંક્રમણમાં વધારો ન થાય તે હેતુથી સરકાર દ્વારા લોકહિતમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતુ. આ સ્થિતિમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં લાખો શ્રમિકોને સ્પેશિયલ શ્રમિક ટ્રેનો દ્વારા પોતાના માદરે વતન મોકલવામાં આવ્યા હતા. સુરત જિલ્લા વહિવટી તંત્ર, સુરત મહાનગરપાલિકા, રેલ્વે તંત્રના અધિકારીઓ-પદાધિકારીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, અગ્રણીઓના સાથ સહકાર તથા અથાગ મહામહેનતરૂપે આજરોજ પશ્ચિમબંગાળના ભાવરા ખાતે ૪૪૫ મી ટ્રેન રાત્રે ૮.૦૦ વાગ્યે ઉધના રેલ્વે સ્ટેશન ખાતેથી રવાના થઈ હતી. માદરે વતન પહોંચાડવાની સુદ્રઢ વ્યવસ્થા દિન-રાત મહેનત કરીને નાનાથી માંડીને ઉચ્ચ અધિકારીઓના સતત મહેનત અને માર્ગદર્શન હેઠળ સાકાર થયું છે. આમ સૂરત ખાતેથી ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, ઓરિસ્સા, પશ્ચિમ બંગાળ, તેલગણા, આંધ્રપ્રદેશ, રાજસ્થાન રાજયના ૭,૦૭,૬૦૬ શ્રમિકો/કામદારોને સલામત રીતે તેમના માદરે વતન પહોચાડવામાં આવ્યા છે.

કેંદ્ર સરકારના ગૃહ મંત્રાલયની વખતો વખતની ગાઇડલાઇન્સ તેમજ રાજય સરકારશ્રીના માર્ગદર્શન અને નિયત કરેલ કાર્યપધ્ધતિ અનુસાર સુરત જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા મહાનગરપાલિકા, આરોગ્ય તંત્ર, પશ્ચિમ રેલવે તથા પોલીસ ખાતાના સુંદર સંકલનથી શ્રમિકોને પોતાના વતન ખાતે મોકલવાનું આયોજન ગોઠવવામાં આવ્યુ હતુ. જેમાં રાજયવાર શ્રમિકોની યાદી સંબંધિત રાજય સરકારશ્રીને મોકલી તેઓના પરામર્શમાં પશ્ચિમ રેલ્વેના સંકલનમાં તબક્કાવાર ટ્રેન તથા ખાનગી વાહન/બસ મારફત મોકલવાનું આયોજન કરવામાં આવેલ હતું. આ વ્યવસ્થામાં કેંદ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ કાર્યપધ્ધતિ અન્વયે તમામની મેડીકલ તપાસ, થર્મલ સ્કીનીંગ, સોસીયલ ડીસ્ટન્સીંગની જાળવણી, માસ્ક, સેનીટાઇઝર વગેરે બાબતો ધ્યાનમાં રાખી આરોગ્ય તંત્ર તથા પશ્ચિમ રેલ્વેના સંકલનમાં સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

ખાસ કરીને સૂરત શહેરની મારૂતિ વિર જવાન ટ્રસ્ટ દ્વારા ૨૮૦ સ્પેશિયલ શ્રમિકો ટ્રેનોના લાખો શ્રમિકો માટે ફુટ પેકેટ-પાણી તથા એસ.ટી. બસ દ્વારા રાજયના અન્ય જિલ્લાઓમાં વતન ગયેલા લોકો માટે ભોજન-ફુટ પેકેટ ભોજન સહિતની અન્ય શહેરના જરૂરતમંદો માટે રાહત સામગ્રીની વ્યવસ્થા કરીને અવિરત સેવાની સરવાણી વહાવી હતી. અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓએ અથાગ મહેનત કરીને શ્રમિકો માટે ફુડપેકેટ-ભોજન સહિતની અવિરત સેવા કરીને તંત્રને સહયોગ આપ્યો હતો.

પાંચમાં તબક્કાના લોક ડાઉનમાં રાત્રી સમયે કરફયુ અમલી બનશે

નિયંત્રણો અને પ્રતિબંધક આદેશોનો કડક અમલ કરાશે

વલસાડ

૩૧ - વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ કોવિડ-૧૯ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. જે અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કોરોના વાઇરસને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવી છે. ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી લોકડાઉન લંબાવાયું છે. કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં પ્રતિબંધિત પ્રવૃતિઓ તબક્કાવાર ખોલવાનો હુકમ કરાયો છે. આ આમ છતાં કેટલાક લોકો બિનજરૂરી રીતે ઘરની બહાર નીકળતા લોકોને અટકાવવા અને લોકડાઉનનો ચુસ્ત પણે અમલવારી કરવા માટે અને તકેદારીના પગલાં તરીકે જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ગુજરાત પોલીસ અધિનિયમ, અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અન્વયે વલસાડ જિલ્લા મેજસ્ટ્રેટ સી.આર.ખરસાણે એક જાહેરનામા દ્વારા તા.૦૧/૦૬/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી લોકડાઉન અંતર્ગત જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કેટલાક નિયંત્રણો અને પ્રતિબંધો જાહેર કર્યા છે. જેનું જાહેર જનતાને ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

જે અનુસાર સમગ્ર વલસાડ જિલ્લામાં રાત્રિના ૯-૦૦ થી સવારના ૫-૦૦ વાગ્યા સુધી કરફયુ રહેશે. આ કરફયુ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારે અથવા અર્ધ સરકારી એજન્સી કે જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેમજ સક્ષમ અધિકારીની મંજૂરી મેળવી હોય તેમને લાગુ પડશે નહીં. સમગ્ર વલસાડ જિલ્લામાં માત્ર આવશ્યક સેવાઓ કન્ટાઈનમેન્ટ ઝોન/ માઈક્રો કન્ટાઈનમેન્ટ ઝોનમાં સવારે ૭-૦૦ થી સાંજના ૭-૦૦ સુધી ચાલુ રહેશે.

જયાબેન મોદી હોસ્પિટલમાં લુપીને એક હજાર કીટ આપી

લુપીન લિમિટેડ દ્વારા સામાજીક સેવા કાર્ય

સુરત

અંકલેશ્વર ખાતે આવેલી લુપીન લિમિટેડ કંપની દ્વારા અંકલેશ્વરની કોવિડ જયાબેન મોદી હોસ્પિટલને ૧૦૦૦ PPE કીટનું વિતરણ સોમવારે કરવામાં આવ્યું હતું.

જયાબેન મોદી હોસ્પિટલ માં હાથ કિટના વિતરણ પ્રસંગે કંપનીના એચઆર મેનેજર બી.જી.વર્ગીસ, લુપીન હ્યુમન વેલફેર એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનના અશ્વિન જોશી સહિત જયાબેન મોદી હોસ્પિટલના CDMO ડોકટર જાટીયા, RMO ડોકટર સંતોષ ઝકરિયા, નોડલ ઓફિસર ડોકટર અભિનવ શર્મા સહિત તબીબો અને સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે બી.જી.વર્ગીસે જણાવ્યું હતું કે જયાબેન મોદી હોસ્પિટલના તબીબો અને સ્ટાફ આવી ગંભીર પરિસ્થિતિમાં પણ ખડે પગે સેવા બજાવે છે ત્યારે તમારી પણ ફરજ બને છે કે તેમની સુરક્ષા અને સલામતીનું ધ્યાન રાખવું.

નોંધનીય છે કે લુપીન લિમિટેડ દ્વારા કોરોના મહામારી ના સમયમાં વડોદરાની હોસ્પિટલોમાં પણ આ કીટનું વિતરણ કરાયું હતું. તેમજ માસ્ક તથા જરૂરીયાત મંદોને જીવનજરૂરી ચીજવસ્તુઓની કીટ સહિત અનેક વસ્તુઓ અંકલેશ્વર સહિત આસપાસના અને દૂધ રાજના ગામોમાં પણ વિતરણ કરવામાં આવી છે.

ડાંગ જિલ્લાની મુલાકાત લેતા પાણી પુરવઠા મંત્રી બાવળીયા

કોરોના મુક્ત ડાંગ જિલ્લાના વહીવટી તંત્રને મંત્રીએ અભિનંદન પાઠવ્યાં

ડાંગ

રાજયના પાણી પુરવઠા,ગ્રામ ગૃહ નિર્માણ અને પશુપાલન મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા એ તા.૩૦/૦૫/૨૦૨૦ ના રોજ ડાંગ જિલ્લાની મુલાકાત લીધી હતી. સૌપ્રથમ સરકીટ હાઉસ આહવા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ બીબીબેન ચૌધરી,સાંસદ શ્રી ડા. કે. સી. પટેલ,માજી ધારાસભ્યશ્રીઓ મંગળભાઇ ગાવિત, વિજયભાઇ પટેલ,કલેકટરશ્રી એન.કે.ડામોર,જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે. વઢવાણિયાની ઉપસ્થિતિમાં અધિકારીઓ અને પદાધિકારીઓની બેઠકને સંબોધી જિલ્લામાં પીવાના પાણીની પરિસ્થિતિનો તાગ મંત્રીશ્રી બાવળીયાએ મેળવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે રાજયના છેવાડાના નાગરિકો પાણીની મુશ્કેલી ન અનુભવે તે માટે રાજય સરકાર સતત ચિંતિત છે. જિલ્લા વહીવટી તંત્ર અને પદાધિકારીઓના સંકલનને કારણે હાલમાં ડાંગ જિલ્લાના ગામોમાં પીવાના પાણીની મુશ્કેલી નહીવત છે. છતા વાસ્મોની યોજનાથી પીવાના પાણીના ઘર ઘર કનેકશનો આપવામાં આવશે. હાલમાં જ ડાંગ જિલ્લો કોરોનામુક્ત થતા જિલ્લાના વહીવટી તંત્ર તેમજ પદાધિકારીઓને મંત્રીશ્રી બાવળીયાએ ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા.

મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ બેઠક બાદ ભીસ્યા પાણી પુરવઠા યોજનાની મુલાકાત લીધી હતી. આહવા નગરને પાણી પુરૂ પાડતી આ યોજનાનું નિરિક્ષણ બાદ પાણી પુરવઠા અધિકારીશ્રીઓને તાકીદ કરી હતી કે ગ્રામજનોને પાણી મળી રહે તે રીતે વાસ્તવિક પ્લાન જ કરવા. જેથી સરકારશ્રી દ્વારા અમલમાં મુકાતી યોજના સફળ બની રહે. અને લોકોને પાણીનો કોઇ પ્રશ્ન ન રહે.

મુખ્ય ઈજનેરશ્રી બી.બી.પટેલે જણાવ્યું હતું કે ગ્રામીણ વિસ્તારના લોકોને પીવાના પાણીની ફરિયાદ અંગે સરકાર દ્વારા ટોલ ફ્રી હેલ્પ લાઇન નંબર ૧૯૧૬ શરૂ કરાયા છે. ડાંગ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના લોકો પીવાના પાણીને લગતી ફરિયાદો જેમ કે હેન્ડપંપ રીપેરીંગ,મીની પાઇપ યોજનાનું રીપેરીંગ અને વ્યકિતગત કે જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા આપવામાં આવતા પાણી અંગેની કોઇપણ ફરિયાદ નોંધાવી શકશે. તથા પાઇપલાઇનમાં ભંગાણ કે લીકેજ હોય,પાણીની ચોરી થતી હોય અથવા પાણીનો ખોટો વેડફાટ થતો હોય તેવા કિસ્સામાં પણ ફરિયાદ નોંધાવી શકાશે.

કાર્યપાલક ઈજનેરશ્રી ડી.બી.પટેલે જણાવ્યું હતું કે જિલ્લામાં કુવાઓ દ્વારા પણ પાણી મળી રહે છે. પરંતુ ઉનાળાની સિઝનમાં પાણીના સ્તર નીચા જવાના કારણે માત્ર ૬૦ ટકા જેટલા કુવામાં પાણી રહે છે. વાસ્મોના યુનિટ મેનેજર શ્રી એચ.બી.ઢીમ્મરે જણાવ્યું હતું કે કુલ પર હજાર પરિવારો પૈકી ૩૮ હજાર પરિવારોને ઘર ઘર કનેકશનથી પાણી પુરૂ પાડવામાં આવે છે.

આ અવસરે નાયબ પોલીસ અધિક્ષકશ્રી જે. આઇ. વસાવા,પ્રાંત અધિકારીશ્રી કાજલબેન ગામીત, મામલતદારશ્રી ધવલ સંગાડા, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી દિમીબેન વસાવા સહિત પાણી પુરવઠા કચેરી સ્ટાફ અને સમિતિ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. પ્રવાસ દરમિયાન મંત્રીશ્રીએ નડગખાદી ગામની મુલાકાત લઇ પાણીની સવલતો અંગે ગ્રામજનો સાથે ચર્ચા કરી હતી.

સઠવાવ હેડ વર્ક્સની મુલાકાત લેતા પાણી પુરવઠામંત્રી કુંવરજી બાવળીયા

મંત્રીએ જળ વિતરણ વ્યવસ્થાની સમીક્ષા કરી

સુરત

ઉનાળાની ઋતુમાં લોકોને પીવાના પાણીની કોઈપણ પ્રકારની મુશ્કેલી ન અનુભવાય તે માટે પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ સુરત જિલ્લાના માંડવી તાલુકાના સઠવાવ ખાતે કાકરાપાર જૂથ પાણી પુરવઠા યોજનાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત લઈ મેઈન હેડ વર્ક્સનું નિરીક્ષણ કર્યું હતું. માંડવી, માંગરોળ અને ઉમરપાડા તાલુકાના ૧૬૦ ગામોને પાણી પૂરું પાડતાં કાકરાપાર યોજનાના મેઈન હેડ વર્ક્સ અને ફિલ્ટરેશન પ્લાન્ટના નિરીક્ષણ સમયે છેવાડાના તાલુકાઓમાં પણ સમયસર અને શુદ્ધ પાણી મળી રહે તે માટે પીવાના પાણી વિતરણની કામગીરીની તેમણે સમીક્ષા કરી હતી. કાકરાપાર યોજના દ્વારા આદિજાતિ બહુલ એવા આ વિસ્તાર માટે પાણીની જરૂરિયાત સંતોષાઈ રહી છે, ત્યારે તેમણે સઠવાવ મેઈન હેડ વર્ક્સ અને માંડવી તાલુકાના ૦૬, માંગરોળના ૦૧ અને ઉમરપાડાના ૦૩ સબ હેડ વર્ક્સ એમ કુલ ૧૦ સબ હેડવર્ક્સની કાર્યક્ષમતા વધારવા પર ભાર મૂક્યો હતો.

મંત્રીશ્રીએ સઠવાવ હેડ વર્ક્સના વિવિધ વિભાગોનું બારીકાઈથી અવલોકન કરી પાણીના શુદ્ધિકરણ અને ક્લોરીનેશન સહિતની વિગતો મેળવી હતી. તેમણે સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા, અગ્રણીઓ અને સંલગ્ન વિભાગના અધિકારીશ્રીઓ પાસેથી જરૂરી માહિતી મેળવી પીવાના પાણીની પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

મંત્રીશ્રીએ ઉનાળા દરમિયાન પણ પૂર્ણ ક્ષમતા સાથે માંડવી, માંગરોળ અને ઉમરપાડા તાલુકાના ૧૬૦ ગામો સુધી સમયસર પીવાનું શુદ્ધ પાણી પહોંચે તે માટે પાણી પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીઓને જરૂરી સુચના આપી હતી.

આ વેળાએ અધિક્ષક ઈજનેરશ્રી એચ.આઈ. સોલંકી, કાર્યપાલક ઈજનેરશ્રી આર.જી. ચૌધરી તેમજ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી જી.એ.અગોલા દ્વારા મંત્રીશ્રીને જિલ્લાની કાકરાપાર જૂથ યોજનાના સઠવાવ હેડ વર્ક્સ, હેડફિલ્ટર પ્લાન્ટની જળવિતરણ વ્યવસ્થાથી અવગત કરાવી જરૂરી માહિતી પૂરી પાડી હતી.

આ પ્રસંગે સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવા સાથે મંત્રીશ્રીએ આ વિસ્તારની પાણીની સમસ્યાઓ તેમજ જળ વિતરણ વ્યવસ્થા અંગે વિચાર વિમર્શ કરી પાણી પુરવઠા વિભાગના અધિકારીઓને આદિવાસી બહુલ તાલુકાના ગ્રામજનોને પાણી વિષયક કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તેની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે ઉમરપાડા, માંગરોળ અને માંડવી તાલુકાના વિવિધ ગામોના સરપંચો, અગ્રણીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ડીઆરયુસીસી સભ્ય તરીકે તબીબ વ્હોરાની નિમણુંક

સુરત

સુરત શહેર કોંગ્રેસ ના પુર્વ મહામંત્રી તેમજ Z.R.U.C.C. (વેસ્ટર્ન રેલ્વે) ના પુર્વ મેમ્બર શ્રી હબીબ વ્હોરા ની સુરત ના માજી મેયર કદીર ભાઈ પીરજાદા ની ભલામણ થી રાજ્ય સભા ના સાંસદ અને પૂર્વ રેલ રાજ્ય મંત્રી શ્રી નારણભાઇ રાઠવા સાહેબે ભલામણ કરતા ભારત સરકાર ના રેલ મંત્રી શ્રી પિયુષ ગોયલ જી એ વેસ્ટર્ન રેલ્વે માં વડોદરા ડિવિઝન માં D.R.U.C.C. ના સભ્ય પદે તારીખ : ૦૧/૦૧/૨૦૨૦ થી ૩૧/૧૨/૨૦૨૧ સુધી બે વર્ષ માટે નિમણુક કરેલ છે. હબીબ વ્હોરા હાલ રેલવે પેસેન્જર ફાઉન્ડેશન સુરત જિલ્લાના પ્રેસિડેન્ટ પદે પણ છે. અને તેઓ છેલ્લા ૧૫ વર્ષથી સુરત શહેર તેમજ જિલ્લાના રેલ્વે યાત્રીઓ ના પ્રશ્નો હંમેશા સરકાર તેમજ રેલ્વે વિભાગમાં ઉઠાવી યાત્રીઓ માટે સારી સુવિધાઓ મળે તે માટે ખુબજ ઉમદા કાર્યો કરેલ છે.

સુરત ના માજી મેયર કદીર ભાઈ પીરજાદા, શહેર પ્રમુખ બાબુભાઈ રાયકા, તેમજ દીપ ભાઈ નાયક, નુરુદ્દીન શેખ, ઇકબાલ મોઅલ્લીમ એ હબીબ વહોરા ને ગુલદસ્તો આપી સન્માનિત કર્યા હતા

નવસારી પોલીસ દ્વારા ૮૫ સામે ગુનો નોંધાયા

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

તા.૩૦ મે ના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી કલમ ૧૮૮ આઈપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ હેઠળ ૮૫ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૧૦૦ ની અટકાયત કરવામાં આવી છે. જિલ્લામાં ૫૨ વાહનો ડીટેઈન કરાયા હતા. તા.૩૦ મે સુધીમાં કુલ ૧૧૬૦૮ એફઆઇઆર તેમજ કુલ ૧૩૦૩૬ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે.

શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

વલસાડમાં વધુ બે દર્દી સ્વસ્થ બનતા ડીસ્ચાર્જ

વલસાડ

વલસાડની કોવિડ-૧૯ હોસ્પિટલ સિવિલમાં સારવાઇ લઇ રહેલા દર્દીઓ પૈકી બે દર્દીઓના રીપોર્ટ નેગેટીવ આવતાં તેમને આજે તા.૩૧/૫/૨૦૨૦ના રોજ રજા આપવામાં આવી હતી. વલસાડ જિલ્લાના વાપી સતાધાર સોસાયટીના ૧૮ વર્ષીય પુરુષ તેમજ મુંબઈ (નાનાપોંઢા)ની ૩૧ વર્ષીય મહિલા હોસ્પિટલમાંથી રજા લઇને બહાર નીકળતાં હોસ્પિટલની ટીમ દ્વારા ફૂલોની વર્ષા કરી તાળીઓ પાડીને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

ગાંધીનગરમાં કોરોનાના નવા ૧૩ કેસ મળી આવતા તંત્રમાં ગભરાટ

ગાંધીનગર

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે વધુ ૧૩ પોઝિટિવ કેસ મળી આવ્યા છે. જેમાં કલોલના સૌથી વધારે નવ જેટલા કેસ હોવાનું સામે આવ્યું છે. કલોલ શહેરમાં ચાર કેસ ઉપરાંત મોખાસણ અને બાલવામાંથી પણ કોરોનાના દર્દીઓ મળી આવ્યા છે. ગાંધીનગર શહેરમાં બોરીજ વિસ્તારની આશાવર્કર બહેન તથા સે-૨૬ના વૃધ્ધ પોઝિટિવ આવ્યા છે. માણસામાં રહેતા હૃદયની બિમારીના આધેડ કોરોનામાં સપડાયા છે. વાસણ ગામની મહિલા, વલાદ ગામનો આધેડ અન્ય બિમારીના કારણે અમદાવાદની હોસ્પિટલમાં દાખલ હોવાથી ચેપગ્રસ્ત થયા છે. તો પલિયડ સાર્વજનિક હોસ્પિટલના ડોકટર અને નર્સ સંક્રમિત થયા છે.

કલોલના દિવ્યપ્રકાશ ફલેટમાં રહેતી ૪૮ વર્ષીય મહિલાને છેલ્લા બે દીવસથી તાવ અને ગળામાં તકલીફ રહેવાના કારણે ટેસ્ટ કરાવ્યો હતો. જે આજે પોઝિટિવ આવ્યો છે. ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા પલિયડ ગામની સાર્વજનિક હોસ્પિટલમાં ફરજ નિભાવતાં ડોકટર અમદાવાદથી આવે છે. તેમને છેલ્લા ઘણા દિવસથી ગળામાં તકલીફ રહેતાં ગઈકાલે કોરોના ટેસ્ટ કરાવ્યો હતો.

આ હોસ્પિટલની સ્ટાફ નર્સને પણ કોરોના લક્ષણ હોવાના પગલે તેણીનો પણ કોરોના ટેસ્ટ કરાવ્યો હતો. આજે બંને ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે. આરોગ્ય વિભાગના સુત્રોના મતે અમદાવાદથી ડોકટર પલિયડ હોસ્પિટલમાં દરરોજ આવતાં હતા. જેના કારણે આ નર્સને પણ સંક્રમણ થયું છે. તો સાથી કર્મચારીઓ ઉપરાંત નર્સ અને ડોકટરના સંપર્કનું લીસ્ટ કલોલ આરોગ્ય વિભાગ દ્વારા બનાવવામાં આવી રહ્યું છે. જેમને કવોરેન્ટાઇન કરવામાં આવશે.

વાવઝોડું ત્રાટકવાની સંભાવનાને પગલે તાપી જિલ્લા વહીવટીતંત્ર સતર્ક

વ્યારા

દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારોમાં વાવાઝોડુ ત્રાટકવાની ભીતિને પગલે તાપી જિલ્લા વહીવટીતંત્ર પણ સતર્ક બની ગયું છે. જિલ્લા કલેક્ટરશ્રી આર.જે.હાલાણી એ સંભવિત નિસર્ગ વાવઝોડાના કારણે ઊભી થનારી પરિસ્થિતિને પહોંચી વળવા તંત્ર દ્વારા કરવામાં આવેલ તૈયારીઓ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે વાવઝોડું ત્રાટકવાની સંભાવનાને ધ્યાને લઈને જિલ્લા વહીવટીતંત્ર સાબદું છે. હાલ આ ડિપ્રેશન સિસ્ટમ સુરતથી ૯૦૦ કિ.મી દુર દક્ષિણ-પશ્ચિમ અરબ સાગરમાં છે, જે આગામી ૨૪ કલાકમાં સાઈક્લોનિક સ્ટોર્મ તરીકે વિકસિત થવાની સંભાવના જોતાં તા.૦૩ જૂનના રોજ સાંજે અથવા મોડી રાત્રે દક્ષિણ ગુજરાતમાં દમણમાં આવવાની શક્યતા રહેલી છે. તા.૦૩ અને ૦૪ જૂનના રોજ દક્ષિણ ગુજરાતમાં હળવાથી ભારે વરસાદની આગાહી છે.

કલેકટરશ્રીએ જણાવ્યું કે, તાપી જિલ્લામાં પણ ભારે પવન ફુંકાવાની શક્યતા રહેલી છે. ત્યારે ઉકાઈ જળાશયમાં માછીમારોને આગામી તા.૦૪ જૂન સુધી ન જવા અપીલ કરી છે. વાવાઝોડાની અસર સંદર્ભે લોકોને એલર્ટ કરી જરૂર પડ્યે તેમના માટે શેલ્ટર હોમની પૂરતી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

વાવાઝોડામાં સાવધાની રાખવા જેવી બાબતો અંગે કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, સંભવિત વાવઝોડાથી સુરક્ષિત રહેવા દરેકે પોતપોતાના ઘરમાં રહેવુ હિતાવહ છે, તેમજ જે લોકો નિચાણવાળા વિસ્તારમાં અથવા કાચા મકાનમાં રહેતા હોય તેમણે જ્યારે સ્થાનિક તંત્ર જણાવે એ સમયે તરત જ શેલ્ટર હોમમાં સ્થળાંતર કરવું. આ ઉપરાંત મોટા વીજ પોલ, હોર્ડિંગ, વૃક્ષો, જર્જરિત મકાનોથી દૂર રહેવાની તાકીદ કરાઈ છે. પવનથી તુટી શકે તેવી વસ્તુથી દુર રહેવુ તેમજ હવામાં ફંગોળાઈ શકે તેવી વસ્તુ જેવી કે ખાલી ડબ્બાઓ, પતરા વગેરે સાચવીને ઘરની અંદર રાખવા અથવા મજબુતીથી બાંધી રાખવા એમ જણાવી તેમણે ખેડુતોએ પોતાના પાકને યોગ્ય જગ્યાએ મુકવો જેથી પલળવાના કારણે ક્ષતિગ્રસ્ત ન થાય. સંભવિત વાવાઝોડાને ધ્યાને લેતાં કલેકટરશ્રીએ લોકોને વરસાદ કે વંટોળના મોબાઈલમાં સેલ્ફી, ફોટા પાડવા બહાર ન જવા અને વાવાઝોડા સામે રક્ષણ મેળવવા ઘરમાં જ રહેવાની અપીલ કરી હતી. આપત્તિના સમયે કોઇ જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ નંબર ૧૦૭૭ પર સંપર્ક કરવા જણાવ્યુ.



ભરૂચ આલિયાબેટ પર નર્મદા નદી અને સમુદ્રના સંગમ સ્થળે ચાર યુવાનો ડૂબતાં લાપતા યુવાનોની શોધખોળ શરૂ કરાઈ હાંસોટના યુવાનો આલિયાબેટ પોલીસ અને ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી શોધખોળ શરૂ કરી હતી.

સુરતમાં નવા ૩૬ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૧૭૬૧ પર પહોંચ્યો, એક પણ મોત નહીં અને ૩૧ ડિસ્ચાર્જ થયા

શહેર જિલ્લામાં મૃત્યુઆંક ૭૨ અને રિકવરી આંક ૧૧૭૮ થયો : છેલ્લી ઘડીએ સારવાર માટે આવતા ૧૦૯ દર્દીની હાલત ગંભીર

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા અનુસાર નવા ૩૬ કેસ નોંધાતા શહેર જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસોની કુલ સંખ્યા ૧૭૬૧ થઈ ગઈ છે. અત્યાર સુધીમાં ગંભીર બીમારીઓ સાથે કોરોના સામે લડી રહેલા કુલ ૭૨ વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. આજે એક પણ મોત ન નોંધાતા આરોગ્ય વિભાગને થોડી રાહત થઈ છે. જ્યારે શહેરમાં ૨૯ અને જિલ્લામાં ૨ મળી ૩૧ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થતા તેમને રજા આપી દેવામાં આવી છે. જેથી રિકવરી આંક ૧૧૭૮ પર પહોંચ્યો છે.

સુરત શહેરમાં આજે ૩૫ કેસ નોંધાયા છે. જ્યારે જિલ્લામાં એક જ કેસ નોંધાયો છે. જેમાં સૌથી વધુ કેસ કતારગામ ઝોનમાં ૧૦ કેસ નોંધાયા છે. સેન્ટ્રલ ઝોનમાં ૪, વરાછા-એ ઝોનમાં ૬, રાંદેર ઝોનમાં ૨, લિંબાયત ઝોનમાં ૯, ઉધના ઝોનમાં ૩ અને અઠવા ઝોનમાં ૧ કેસ નોંધાયો છે.

દર્દીઓમાં ગંભીર દર્દીઓની સંખ્યામાં પણ સતત વધારો જોવા મળી રહ્યો છે. સરેરાશ દર્દીઓમાં ૨૫થી ૩૦ ટકા દર્દીઓ સારવાર માટે છેલ્લી ઘડીએ એટલે કે તબિયત વધુ લથડ્યા બાદ આવે છે. જેને કારણે ગંભીર દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો હોવાનું સિવિલ હોસ્પિટલના ડોક્ટર અમિત ગામીએ જણાવ્યું હતું.

મહિધરપુરા પોલીસ સ્ટેશનના ૫૧ વર્ષિય એએસઆઈ મગન રણછોડ બારીયાના સેમ્પલ લેવામાં આવ્યા હતા. તેમનો રિપોર્ટ રવિવારે સાંજે પોઝિટિવ આવ્યો હતો. મગન બારીયા પોઝિટિવ આવતા પોલીસ તંત્ર હરકતમાં આવી ગયું છે. મગન બારિયા સાથે છેલ્લા અઠવાડિયામાં નોકરી કરનાર ૧૫ પોલીસ કર્મચારીઓને હોમ ક્વોરોન્ટાઈન કરાયા છે. ઉલ્લેખનિય છે ફ્રન્ટ લાઈનર્સ લોકોના સંપર્કમાં આવતા વધુ સંક્રમિત થઈ રહ્યાં છે.

૭ દિવસથી ન્યુમોનિયા હતોસુરત ડાયમંડ એસોસિએશનના પ્રમુખ બાબુ કથિરીયા(છોડવડીનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, એસડીએના પ્રમુખ છેલ્લાં ૭ દિવસથી ન્યુમોનિયાની સારવાર લઈ રહ્યા હતા. ડોક્ટરની સલાહ અનુસાર કોવિડનો ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો. જેનું રવિવારે પરિણામ પોઝિટિવ આવ્યું હતું. હાલ તેઓ સારવાર હેઠળ છે. ઉલ્લેખનીય છે કે, સુરત ડાયમંડ એસો. દ્વારા લોકડાઉનના સમય દરમિયાન વિવિધ સેવાકીય અને સામાજીક પ્રવૃતિઓ કરવામાં આવી હતી તેમજ માર્કેટો ખોલવા રજૂઆતો કરી હતી.

બેલારૂસમાં ફસાઈ ગયેલા ૧૩૭ વિદ્યાર્થીઓને સુરત પરત લવાયા

સુરત

સાંસદ શ્રી સી.આર.પાટીલ સાહેબનાં અથાક પ્રયાસોથી બેલારૂસમાં ફસાઈ ગયેલા ગુજરાતનાં ૧૩૭ વિદ્યાર્થીઓ સુરત પરત ફરી શક્યા છે. આ તમામ વિદ્યાર્થીઓ ભારત પાછા ફરી શકે એ માટે શ્રી પરેશભાઈ અસોયા, શ્રી સંજયભાઈ અને શ્રી સુરેશભાઈ લાડુમોર દ્વારા સાંસદ શ્રી સી.આર.પાટીલનાં માર્ગદર્શન હેઠળ પ્રયાસો કરાયા હતા.

આ તમામ વિદ્યાર્થીઓને હાલમાં નવસારી જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, B.R. ફાર્મ અને હોટલ રોયલ રિજન્સી ખાતેક્વોરન્ટાઈન કરાયા છે. કતાર, અબુધાબી અને દુબઈથી પણ ગુજરાતનાં વિદ્યાર્થીઓને પરત લાવી શકાયા છે. શ્રમિકોને પોતાનાં વતન પહોંચાડવાનાં હોય કે વિદેશમાં ફસાઈ ગયેલા વિદ્યાર્થીઓને પોતાને વતન પાછા લાવવાનાં હોય, સાંસદ શ્રી આ માટે રાત-દિવસ ખડેપગે કામ કરતા રહ્યા હતા.

અનલોક વનમાં કલસ્ટર સિવાયના તમામ વિસ્તારોમાં વ્યાપક છુટછાટ

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઇ કાલે તા.૩૧ મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, દેશભરમાં કોરોના વાઇરસને કાબુ કરવામાં સુરત શહેરનો રીકવરી રેટ જે ૬૭.૯૮ટકા થયો છે. મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, આજની સ્થિતિએ ૬૮૮૨લોકો હોમ ક્વોરેન્ટાઇન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઇન સેન્ટરમાં ૫૫૧ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૬૬ લોકો છે. ૧૬૦૯જેટલી ટીમો ડોર ટુ ડોર સર્વેલન્સ માટે કાર્યરત છે. સ્લમ વિસ્તારોમાં કુલ ૬૦ ફિવર ક્લિનીક ચાલુ કરવામાં આવ્યા છે. મોબાઈલ ફિવર ક્લિનીકમાં સૌથી વધુ લોકો જાય છે તેથી તેની સંખ્યા વધારવામાં આવી છે.૬૦ જેટલી રિક્ષા દ્વારા કોવિડ અંગે જાગૃત્તિ લાવવામાં આવી રહી છે.

૪૨,૩૩૮ ઘરોમાં આજે હોમિયોપેથીક દવાનું વિતરણ કરવામાં આવ્યું છે. અનલોક ૧ કાલથી શરૂ થવા જઈ રહ્યું છે. જે અંતર્ગત કલ્સ્ટર વિસ્તાર સિવાયના દરેક વિસ્તારમાં છુટછાટ આપવામાં આવી છે. જેમાં રિક્ષાઓમાં ૧+૨ લોકો સાથે ચાલુ કરવામાં આવશે, બીઆરટીએસ બસો પણ અંશતઃ ચાલુ કરવામાં આવશે અને બેન્કો કન્ટેનમેન્ટ વિસ્તારમાં ચાલુ રાખવામાં આવશે.જે દુકાનો નિયમોનું પાલન ન કરતા હતા તેમાની ૩૩૩ પાનના ગલ્લા અને ૨૩૦ સલુન આજ સુધીબંધ કરાવવામાં આવ્યા હતા.સુરતમાં હવેથી વિડીયોગ્રાફી કરવામાં આવશે અને જો કોઈ જગ્યા પર સોશિયલ ડિસ્ટન્સિંગનો ભંગ થતો હોય તો તેમની વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે.

આજ સુધી સુરતથી ૭,૭૨,૧૦૦ કરતા વધુ લોકોને પોતાના વતન પહોંચાડવામાં આવ્યાં છે. શહેરીજનોને લોકડાઉનનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું સતર્કતાપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

મોટા વરાછામાં બે સંતાનોને ઝેરી દવા પીવડાવી માતાનો આપઘાતનો પ્રયાસ

બે સંતાનો અને માતા હોસ્પિટલમાં સારવાર હેઠળ

સુરત

બે સંતાનને દૂધમાં ઉંદર મારવાની દવા પીવડાવી પોતે પણ ઝેરી દવા પી જતાં આ ત્રણેયને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અમરોલી પોલીસે માતા વિરૂદ્ધ બાળકીને મારી નાખવાની કોશિશનો ગુનો દર્જ કર્યો હતો.

અમરોલી પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ મોટા વરાછા સુદામા ચોક શ્રીનીધી એપાર્ટમેન્ટમાં રહેતી લતાબેન જીનેશભાઈ બાકીયાએ કોઈ કારણોસર પોતાના ઘરે ઉંદર મારવાની દવા પી ગયા બાદ પોતાના બે સંતાના શ્લોક (ઉ.વ.૧૩) તથા વિધાન (ઉ.વ.૭)ને પણ મારી નાખવાના ઈરાદે ઉંદર મારવાની ગોળીવાળુ દુધ પીવડાવી હત્યાની કોસિશ કરી હતી. આ ઘટના અંગે જીનેશ છગનભાઈ લાકીયી અમરોલી પોલીસે ફરિયાદ નોંધી આરોપી માતા લતાબેન જીનેશભાઈ વિરૂદ્ધ સંતાનોને મારી નાખવાની કોશિશનો ગુનો દર્જ કર્યો હતો.

સુરતમાં સરકાર માન્ય લિકર શોપ ૭૦ દિવસો બાદ ખુલી

લિકર શોપમાં ટોકન પદ્ધતિનો અમલ

સુરત

૭૦ દિવસ બાદ સુરત શહેરમાં લિકર શોપ શરૂ થતાં દારૂની પરમિટ ધરાવતા પરમિટ ધારકોએ પોતનો કોટો મેળવવા લિકર શોપ ઉપર દોડી ગયા છે. પરમીટનો દારૂ મેળવવા માટે સુરતની મગદલ્લા, ટીજીબી, ગેટવે, પાર્કઈન (લોર્ડઝ પ્લાઝા) , લાલગેટ, હોટલ હોસીસ ખાતેની લિકર શોપ ઉપર પરમીટ ધારકોએ લાંબી લાઈન લગાવી દીધી છે. મળતી માહિતી મુજબ પરમીટ ધારકોને તેઓનો દારૂનો કોટો આપવા માટે ટોકન પધ્ધતિનો અમલ કર્યો છે. આજે સવારથીજ ટોકનનું વિતરણ શરૂ કરી દેવામાં આવ્યું છે. ટોકન મેળવનાર પરમીટ ધારકોને તારીખ અને સમય આપવામાં આવે છે. જેથી કરીને લિકર શોપ પુપર પરમિટ ધારકોની ભારે ભીડ જામે નહિ.

સુરત આબકારી વિભાગના અધિકારી વસાવાના જણાવ્યા મુજબ આજથી પરમિટ લિકર શોપ શરૂ કરવામાં આવી છે. આ પાંચેય લિકર શોપમાં કોવિડ-૧૯ની માર્ગદર્શિકનું સુરત પાલન કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. કોઈ પણ લિકર શોપ ઉપર સોશ્યલ ડિસ્ટન્સીંગનો અભાવ અથવા માસ્ક વગરના પરમિટ ધારકો જોવા મળસે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

પતિએ પગાર લઈ પત્નિને ઘરેથી હાંકી કાઢતા અભયમ ટીમની મદદ

સુરત

સુરતના વેસુ વિસ્તારમાં રહેતી એક પરિણીતાના પગારની રકમ લઈને તેના પતિએ ઘરમાંથી કાઢી મુકતા તેણીએ અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરીને મદદ માંગી હતી. જેથી તેની મદદ માટે કતારગામ અભયમ રેસ્ક્યુવાન તાત્કાલિક સ્થળ પર પહોંચી પરીણિતા તથા તેના સાસરીવાળા સાથે કાઉન્સેલિંગ કરી સમાધાન કરાવ્યું હતું.

વાત એમ છે કે, મંજુલા (નામ બદલેલ છે) નામની ૩૬ વર્ષની પરીણિતા સફાઈ કર્મચારી તરીકે નોકરી કરે છે અને તેને સંતાનમાં બે બાળકો છે. મંજુલા ઘરના તમામ કામ કરીને નોકરીએ જાય છે, તેમ છતાં પણ તેની સાસુ કોઈ ને કોઈ વાંક કાઢીને ઝગડો કરતી અને પોતાના દીકરા પાસે માર મરાવી શારીરિક અને માનસિક યાતના આપતી હતી. આવું ઘણા સમયથી ચાલી રહ્યું હોવાથી બંને પક્ષના સગા સંબંધીઓએ પણ અગાઉ સમાધાન કરાવ્યું હતું. પરંતુ, થોડા દિવસ સુધી ઘરમાં સારૂ રહેતું અને પછી ઝગડાઓ શરૂ થઈ જતા હતા. જેથી આ કંકાસથી કંટાળીને પરિણીતા એક મહિનાથી પિયર પોતાના નાના બાળકને લઈને રહેવા આવી હતી.

મંજુલાનો પતિ દર માસે તેનો પગાર લઈ લેતો અને તેનો ઘરખર્ચમાં ઉપયોગ કરતો હતો. પરંતુ આ મહિને મંજુલાનો પગાર ન મળવાથી ઘર ખર્ચ કાઢવામાં મુશ્કેલી જણાતા તે પોતાની પત્ની ને સમજાવી પોતાની સાથે લઈ આવ્યો હતો અને બે દિવસ સારુ વર્તન કરી પગારની રકમ મેળવી લીધી હતી. ત્યારબાદ, સાસુએ ફરી ઝઘડો શરૂ કરી તેને ઘરમાંથી કાઢી મુકી હતી તદુપરાંત તેણીના નાનકડા દીકરાને પણ મળવા ન દીધો હતો. અસહાય બનેલી મંજુલાએ આ બાબતે અભયમને ફરિયાદ કરી હતી.

અભયમ ટીમે તત્કાલ સ્થળ પર જઈ મંજુલાના પતિ અને સાસુને સમજાવતા કહ્યું હતું કે, આ રીતે પત્નીને હેરાન કરવી તે ગુનો બને છે અને તમને કાયદાકીય સજા પણ થઈ શકે છે. નોકરી કરી ઘર ખર્ચમાં મદદ કરતી પત્નીની કદર કરવાના સ્થાને તેને હેરાન કરો છો એમ ઠપકો આપ્યો હતો. સાસુને પણ સમજાવ્યું કે, પોતાના દીકરા-વહુના સુખી સંસારમાં મદદરૂપ બનવું જોઈએ નહિ કે હેરાનગતિ કરવી જોઈએ. આમ, કાઉન્સેલિંગ કરતા તેમને પોતાની ભૂલ સમજાઈ હતી અને હવે સૌ પરિવાર શાંતિથી રહેશે તેવી ખાત્રી આપી હતી.

ભરૂચ જિલ્લાના ખેડૂતો દ્વારા ડિજિટલ આંદોલન સાથે પ્રતિક ભૂખ હડતાલ

ભરૂચ હિતરક્ષક દળ સમિતિના યાકુબ ગુરુજી દ્વારા માગણીઓ રજૂ કરાઈ

ભરૂચ

કોરોના મહામારી વચ્ચે જગતના તાત એવા ખેડુતે સરકાર સામે સોશ્યલ મીડિયાના પ્લેટફોર્મનો સહારો લેવો પડે તે ખૂબજ દુઃખદ બાબત સાથે એક ઐતિહાસિક ઘટના પણ છે. સરકારની ખેડૂત વિરોધી નીતિઓ સામે સમગ્ર રાજ્યના હજારો ખેડૂતો ×ખેડૂત બોલશે, સરકાર સાંભળશે×ના સૂત્ર સાથે ડિજિટલ આંદોલન શરૂ કરાયું છે જે અંતર્ગત ભરૂચ જિલ્લાના ખેડૂતો પણ એક દિવસના પ્રતિક ઉપવાસ પર બેઠા હતા.

× ખેડુત બોલશે સરકાર સાંભળશે × ના સુત્ર સાથે રાજ્યના વિવિધ ખેડુત સંગઠનો એ ભેગા મળીને જગતતાત ડિજિટલ આંદોલન હેઠળ પ્રતિક ઉપવાસનો કાર્યક્રમ રવિવારના રોજ આપ્યો હતો જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૪૭ હજાર જેટલા ખેડૂતો જોડાયા હતાં. તમામ ખેડૂતોએ પોતાના ઘરે અથવા ખેતરમાં બેસી સોશ્યલ ડિસ્ટન્સિંગના નિયમોનું પાલન કરી પ્રતિક ઉપવાસ કરી સરકારને જગાડવાનો અનોખો પ્રયાસ સફળતાપૂર્વક કર્યો. જેમાં ભરૂચ જિલ્લામાંથી ખેડુત હિતરક્ષક દળ પણ જોડાયુ હતું.

ખેડુત હિતરક્ષક દળના કોઓર્ડિનેટર તેમજ ભરૂચ જિલ્લા કિસાન કોંગ્રેસ સમિતિના ચેરમેન યાકુબ ગુરજીના જણાવ્યા મુજબ સંગઠન પ્રમુખ અને ગુજરાત કિસાન કોંગ્રેસ સમિતિના પ્રદેશ ઉપપ્રમુખ માવસંગ પરમાર, બળવંતસિંહ પરમાર, રણજીતસિંહ અટોલરીયા, ઈશાક રાજ, ભુપેન્દ્ર પટેલ સહીતના આગેવાનો સાથે વિવિધ ગામોના ખેડુતો જોડાયા હતાં.

જગતતાત ડિજિટલ આંદોલન હેઠળ સરકાર સામે મુખ્ય ત્રણ માંગણીઓ જેમકે સરકારની ખેડુત વિરોધી નીતિને કારણે ખેડૂતો દેવાદાર બની પાયમાલ થઈ રહ્યા છે જેથી સરકાર ખેડુતોના તમામ દેવા માફ કરે, પાક વિનાનું વળતર પારદર્શક રીતે તાત્કાલિક ચુકવે અને ગુજરાત પ્રદેશ કિસાન કોંગ્રેસ સમિતિના ચેરમેન પાલભાઈ આંબલીયા ઉપર રાજકોટ ખાતે પોલીસ દ્વારા જે અમાનવીય વ્યવહાર કરવામાં આવ્યો છે જેની તપાસ થાઈ,પાલભાઈને ઢોરમાર મારનાર અધિકારી ઉપર ગુનો દાખલ કરવામાં આવે તેમજ જેના ઈશારે આ કૃત્ય આચર્યું છે જેની ન્યાયીક કપાસ કરવામાં આવે એવી માંગ સોશીયલ મીડીયાના માધ્યમ દ્વારા કરવામાં આવી હતી.

આ ઉપરાંત ભરૂચ જિલ્લાના ખેડૂતોની વિવિધ સમસ્યાઓ જેમકે એપીએમસીમાં તુવરની ખરીદી છોશવારે બંધ કરી દેવામાં આવે છે, કપાસ ખેડૂતોએ ૩૦૦૦ થી ૩૫૦૦ માં મોટા ભાગના ખેડુતોએ વેચી નાંખ્યો હોય પછી સીસીઆઈ દ્વારા ખરીદી કરવામાં આવે અને સીસીઆઈ સેન્ટર ઊપર કોઈ ખેડુત કપાસ લઈને જાય ત્યારે તેની પાસે નાણા માંગવામાં આવે છે એવો પણ આક્ષેપ કરાયો છે. આ ઉપરાંત દહેજ વિસ્તારની પીસીપીઆરની નગર રચના યોજનામાં સરકાર ખેડુત ૩૫ ટકા જમીન મફત પડાવી લે બીજી તરફ વાગરા તાલુકામાં દહેજ એસઈઝેડ નામની કંપની માટે જીઆઈડીસી ના માધ્યમથી સરકાર જમીન સંપાદન કરી પ્રતિ એકરે ૪૦ લાખ સુધીનુ વળતર ચુકવે છે. કોરોનાની વૈશ્વિક મહામારીમાં સતત લોકડાઉનના કારણે ખેડુત માટે નવા વર્ષની વાવણ ની પણ સમસ્યા હોય સરકારે ખેડુતોને લોન આપ્યા વિના પ્રતિ હેકટરે ૫૦ હજારની સહાય ચુકવવી જોઈએ પણ માગણી કરવામાં આવી છે.

સરકાર ખેડુતના અવાજને સાંભળી તાત્કાલીક નિર્ણય લે તેવી આશા વ્યકત કરવા સાથે ખેડુતો માટે લડતા ખેડુત આગેવાન યોધ્ધાઓ સાથે સરકાર ન્યાયપૂર્ણ રીતે વર્તે, સંવેદનશીલ બને જો તેમ નહી કરે તો હવે પછીના દિવસો સરકાર માટે પણ કપરાં હશે એમ પણ યાકુબ ગુરજીએ તેમની ફેસબુકની લાઈવ રજુઆતમાં જણાવ્યુ છે.

જિલ્લામાં ફાયર સ્ટેશન બનાવવા જિલ્લા પંચાયતના માત્ર ઠાગાઠૈયા

જિલ્લામાં કોઈ પણ સ્થળે આગ લાગે ત્યારે સુરત ફાયર ઉપર નિર્ભર રહેવુ પડે છે

સુરત

શહેરના છેવાડે આવેલા સરથાણા વિસ્તારમાં તક્ષશીલા ?આર્કેડની ભાયવહ આગ હોનારત બાદ ચો તરફથી પસતાળ પડ્યા બાદ રાજય સરકારે ફાયર સેફ્ટી વિનાની સ્કુલો, ટ્યુશન કલાસીસો, કોમ્પલેક્ષો અને મોલને નિશાન બનાવીનો રાજયભરમાં મહાઅભિયાન ચલાવ્યું હતું. એ અભિયાન પણ હવે થાળે પાડી દેવામાં આવ્યું છે ત્યારે આખા ગામને શિખામણ આપતી રાજશ્વય સરકારના હસ્તકના સુરતશ્વ જિલ્લા પંચાયતના ઘરમાં જ દિવા તળે અંધારુ છે. વિપક્ષ દ્વારા સન ૨૦૧૭થી જિલ્લામાં ફાયર સ્ટેશનની જગ્યા અને ફાયર સ્ટેસન બનાવવાની માંગણી છતાંયે શાસકોની આખ ઉઘડતી નથી. પરિણામે જિલ્લામાં કોઈ પણ સ્થળે આગ લાગે છે ત્યારે સુરત મનપાના ફાયર સ્ટેશન ઉપર નિર્ભર રહેવુ પડે છે.

અંતરંગ સુત્રો મુજબ રાજય સરકારના તાબા હેઠળની સુરત જિલ્લા પંચાયત અસ્તિતમાં આવ્યા બાદ આજ પ્રયત જિલ્લામાં એક પણ ફાયર સ્ટેશન બનાવી શકે નથી કે એના માટે બજેટમાં જમીન ફાળવવા કોઈ જાગવાઈ કરી શક્યું નથી એ કળવી વાસ્તવિકતા છે. સન ૨૦૧૭ની ૩૦ માર્ચના રોજ જિલ્લા પંચાયતના અભિયાસુ અને દિર્ધદ્રસ્ટી ધરાવતા સદસ્ય દર્શન નાયકે આ મામલે તત્કાલિન સમયે જિલ્લા પંચાયતને ધનધોળવાનો પ્રયાસ કર્યો હતો ત્યારબાદ સમયાંતરે જિલ્લામાં ફાયર સ્ટેશન બનાવવા માટે માંગણીશ્વઓ દોળાવવામાં આવી છે છતાંયે શાસકો દ્વારા નકારાત્મા પ્રત્યુતર પાઠવી ફાયર સ્ટેશનની જમીન કે ફાયર સ્ટેશન બનાવવા માટેની વાતનો છેદ ઉઠાડતા આવ્યા છે.

પ્રત્યુતર પાઠવી ફાયર સ્ટેશનની જમીન કે ફાયર સ્ટેશન બનાવવા માટેની વાતનો છેદ ઉઠાડતા આવ્યા છે. સુરતની સરથાણા તક્ષશીલા આર્કેડમાં ખેલાયેલા અગિન્કાંડની ઘટનામાં ૨૨ જેટલા માસુમ નિર્દોષ વિદ્યાર્થીઓ જીવતા ભુંજાય ગયા હતા આ ભયાવહ ઘટનાના પ્રત્યાઘાતો ગુજરાત રાજય નહી પરંતુ દેશભરમાં પડ્યા હતા. જેમાં સુરત શહેરની છબી ખુબજ ખરડાય હતી. જેની પાછળ માત્રને માત્ર તંત્ર જવાબદાર હોવાનું માંનવામાં આવે છે. એ કાંડમાં મુતકોને હજુ ન્યાશ્વય મળ્યો નથી. ઘટના બન્યા બાદ રાજય સરકારે તપાસના આદેશો આપ્યા હતા. પરંતુ આખા ગામને શિખામણ આપતી રાજય સરકારના તાબા હેઠળની સુરત જિલ્લા પંચાયતમાં દિવા તળે અંધારુ હોવાનુ ફલિત થઈ રહ્યાં છે .

ત્રણ વર્ષથી ફાયર સ્ટેશન માટે માંગણી છે : દર્શન નાયક

ગુજરાતની તમામ જિલ્લા પંચાયતોમાં સ્વભંડોળનું સૌથુ મોટુ બજેટ ધરાવતી સુરત જિલ્લા પંચાયતના તંત્ર પાસે શાસકો છેલ્લા ત્રણ વર્ષથી ફાયર સ્ટેશન બનાવવા માટે રજુઆતો કરતો આવ્યો છે. જિલ્લાના માંડવી, કરંજ, પલસાણા, કડોદરા, દેલાડ, ઓલપાડ, સિવાણ, સાયણ, કીમ અને માસમા સહિતના વિસ્તારોમાં જયારે જયારે ઉદ્યોગગૂહોમાં આગની ઘટના બનતી હોય છે ત્યારે સુરત મનપાના ફાયર સ્ટેશન ઉપર આધાર રાખવો પડે છે દુર દૂરના સ્થળે આગ બુજાવાની કામગીરી માટે રવાના કરવામાં આવેલા ફાયરના સાધનો ઘટના સ્થળે પહોદ્વચે તે પહેલા ?આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરી મોટુ નુકશાન થતુ હોય છે જિલ્લા પંચાયત પાસે પોતાની જમીન હોવા છતાં નવીશ્વન ફાયર સ્ટેશન બનાવવા માટે માંગ સ્વીકારવામાં આવતી નથી. એ શાસકોની નબડાઈ માનો કે પછી અણઆવડત. ફાયર સ્ટેશન નહી બને ત્યાં સુધી અમારી આ માટેની લડત ચાલુ રહેશે.

જન્મદિવસ નિમિત્તે સફાઈકર્મીઓનું અભિવાદન અને વિનામૂલ્ય ચશ્મા અને અનાજની કીટનું વિતરણ



સુરત

સુરત શહેરના નાગરિકો કોઈ પણ પ્રસંગ કોઈ પણ સમયે ઉજવવાનું ચુકતા નથી હાલના સમયમાં કોરોનાના સંક્રમણ ને પગલે લોકડાઉન દરમ્યાન વક્ત નાજુક હૈ, સંભાલકર રહીએ, યે યુદ્ધ થોડા અલગ હૈ, અલગ અલગ રહકર લડીએ. ઉકિત અનુસાર આજ રોજ પુર્વ મેયર શ્રીમતી અસ્મિતા બેન શિરોયાના જન્મદિવસ નિમિત્તે શ્રીમતી અસ્મિતાબેન શિરોયાના અધ્યક્ષ સ્થાને જેમની પાસે મર્યાદિત આવકના સ્ત્રોત છે કે પછી આર્થિક ઉપાર્જન કરી શકે તેવો આધાર નથી તેવી ગંગા સ્વરૂપ ૫૦ જેટલી બહેનોને જીવનજરુરી આવશ્યક ચીજ વસ્તુઓની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું સાથે સાથે સુરતની સેવાભાવી સંસ્થા ઈંડિયન રેડક્રોસ સોસાયટી ચોર્યાસી તાલુકા બ્રાન્ચ સુરત,લોકદ્રષ્ટિ ચક્ષુબેંક સુરત, અને સક્ષમ સુરતના સંયુક્ત ઉપક્રમે સુરતના પુણા હેલ્થ સેન્ટર અને પુણા વિસ્તારના સફાઈ કર્મીઓ કે જેઓ પોતાની ફરજના ભાગ રૂપે દિવસ રાત કાર્ય કરી રહ્યા છે આ સફાઈકર્મીઓનું અભિવાદન અને આંખના રક્ષણમાટે વિનામૂલ્ય ચશ્મા વિતરણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ડો.પ્રફુલભાઈ શિરોયા (પ્રમુખ રેડક્રોસ સુરત), દિનેશભાઈ જોગાણી,નિવૃત PSI નરસિંહભાઈ ચૌધરી, ડો.બ્રિજેશભાઈ નાકરાણી, ડૉ.રાજેન્દ્ર દેસાઈ,ભાવેશ કદમની ઉપસ્થિતિમાં સૌને કોરોના વોરિયસ બનવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.તેમજ સફાઈકર્મીને તેમની આંખની સુરક્ષા માટે ૧૩૨ ચશ્મા આભાર ઓપ્ટિકલ્સ દ્વારા વિના મૂલ્ય આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમની સાથે સાથે સોસિયલ ડિસ્ટન્સિગની સંપૂર્ણ કાળજી સાથે સુરત સિટીના હોમગાર્ડઝ કમાન્ડન્ટ સાથે રેડક્રોસ બ્રાંચના પ્રમુખ ડો.પ્રફુલ ભાઈ શિરોયાએ WHOની થીમ ક્લપીંગ ફોર વોલીટિયર× સાર્થક કરવા દરેક સફાઈકર્મીઓને તાળીઓ પાડીને મોટીવેટ કર્યા હતા.

કેવડીયાના અસરગ્રસ્ત ૬ ગામના આદિવાસીઓના મામલે SSNL એ ખુલાસો આપ્યો

નિગમ સંપાદિત કરેલ પોતાની માલિકીની જમીન ફરતે ફેન્સીંગ કરે છે,બીજાની જમીન ફરતે ફેન્સીંગ કરાતું નથી, કોઈના પણ ઘર ખાલી કરાવવામા આવતાં નથી

રાજપીપળા

કેવડીયાની આજુબાજુનાં ગામડામાં કોઈનાં ઘર નિગમ દ્વારા ખાલી કરાવાયા નથી.માત્ર નિગમની માલિકીની ખુલ્લી જમીન પર ફેન્સીંગ કરાયુ છે,તેવો ખુલાસો આજે આદિવાસીઓના વધતાં જતા વિરોધના પગલે કેવડીયા કોલોનીના વહીવટદાર અને નાયબ કલેક્ટર નિકુંજ પરીખ તરફથી કરાયો હતો.

તેઓના જણાવ્યાનુસાર વર્ષ ૧૯૬૨ થી ૧૯૬૫ માં સરકાર દ્વારા આ જમીનો સંપાદિત થઈ હતી.આ સંપાદિત જમીન નું વળતર જે-તે સમયે જમીન સંપાદન અધિનિયમ મુજબ ચૂકવી આપ્યું છે.જે વ્યક્તિઓ એ તે સમયે વળતર લીધું નહિ તેમના પૈસા નિયમોનુસાર ટ્રેઝરી ઓફિસમાં જમા કરાવવામાં આવ્યા અને ત્યાર બાદ જે તે ખાતેદારોએ તે પૈસા ઉપાડી લીધા. ઉપરાંત બનતા ૧૯ ગામો ડુબમાં જતા તેઓને અસરગ્રસ્ત ગણવામાં આવ્યા,આ છ ગામના લોકોને અસરગ્રસ્ત ગણવામાં આવ્યા નહિ કારણ કે, આ ગામની જમીનો ડૂબમાં જતી ન હતી. તેથી આ છ ગામના લોકોની લાગણીને ઠેસ ન પહોચે તે માટે તેઓને વધારાના વળતર તરીકે સરકાર દ્વારા વર્ષ ૧૯૯૨-૯૩, ૨૦૧૩, ૨૦૧૫,૨૦૧૮માં પેકેજ જાહેર કર્યા. અને હાલમાં પણ વર્ષ ૨૦૨૦માં પણ નવિન સૂચિત પેકેજ નર્મદા નિગમ દ્વારા હાઈકોર્ટમાં રજુ કરાયુ જ છે અને નિગમ આ પેકેજ નાં મુજબના લાભો આપવા માટે હજુ પણ તૈયાર છે.

હાલમાં કેવડીયા, વાગડીયા, ગોરા, લીમડી, નવાગામમાં સરદાર સરોવર નર્મદા નિગમ લી.ની માલિકીની ખુલ્લી જમીનની માપણી જીલ્લા જમીન દફ્તર નિરિક્ષકની કચેરી દ્વારા કરાઈ હતી અને ત્યારબાદ જે જમીન માત્ર નર્મદા નિગમની માલિકીની હતી તેવી જ જમીનની ફેન્સીંગ કરાઈ છે અન્યથા કોઈની ખાનગી માલિકીની જગ્યાને નિગમ દ્વારા ફેન્સીંગ કરાઈ નથી.

કેટલાક સમય પહેલા નામદાર હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરાઈ હતી અને તે બાદ નામદાર હાઈકોર્ટ દ્વારા નવિન વિકાસ કાર્યો કરવા પર સ્ટે આપવામાં આવ્યો હતો અને હાઈકોર્ટનાં નિર્દેશ બાદ સરદાર સરોવર નર્મદા નિગમ તરફથી અગાઉ સંપાદિત જમીન બાબતે વખતો-વખત સરકાર દ્વારા અનેક લાભનો સમાવેશ કરીને પેકેજ જાહેર કરાયા હતા,તે ઉપરાંત નવા લાભ સાથેનાં પેકેજ આપવા અંગે નામદાર હાઈકોર્ટ સમક્ષ એફીડેવીટ કરીને નર્મદા નિગમે તત્પરતા બતાવી છે.

સુનાવણી દરમ્યાન આ વિસ્તારમાં વિકાસ કાર્યો કરવા ઉપર આપેલ સ્ટે નામદાર હાઈકોર્ટે ઉઠાવી લઇ PIL – 130/2019 અરજી રદ કરી દીધેલ છે. હાલ ઉપરોકત



ગામોમાં માત્ર નિગમની જમીનની માપણી ફેન્સીંગ કરવામાં આવેલ છે.અમારા તરફથી કોઈ પણ રીતે કોઈના ઘર ખાલી કરાવાયા નથી અને કોઈને પૂરતા લાભ આપ્યા વિના ઘર ખાલી કરાવવાની વાત પણ અત્રે નથી. આ દરમ્યાન જેઓની પોતાની માલીકી જમીન હોય તેવી જમીનને ફેન્સીંગ પણ કરવામાં આવેલ નથી.

ગત ૫ ફેબ્રુઆરીનાં રોજ નામદાર હાઈકોર્ટે આપેલ નિર્દેશ અનુસાર નર્મદા નિગમ અને ગ્રામજનો સાથે બેસીને કોઈ એક સમાધાકારી ફોર્મ્યુલા નક્કી કરીને હાઈકોર્ટ સમક્ષ રજુ કરવાની સૂચના બાદ ૬ ગામ અને નિગમના ઉચ્ચ અધિકારીઓની એક બેઠક મળેલ જેમાં નિગમ તરફથી એક નવીન પેકેજ જાહેર કરવામાં આવેલ.

સરકાર દ્વારા વર્ષ ૧૯૯૨,૨૦૧૩,૨૦૧૫ અને ૨૦૧૮નાં પેકેજની જોગવાઈઓ

(૧) ૬ ગામ અને વિયર ડેમનાં કારણે અસર પામતા ખાતેદારોને તેઓની સંપાદિત જમીન જેટલી જ જમીન અન્ય જગ્યાએ જીજીંછ ની જમીન બેંકમાંથી ફાળવણી કરવી અથવા હેકટર દીઠ રૂ. ૭,૫૦,૦૦૦/- રોકડ વળતર આપવુ.

(૨) જમીન ખાતેદારને ૩ ગુંઠા (૩૦૦ ચો.મી.) રહેણાંક પ્લોટ અને મકાન સહાય તેમજ વિનામુલ્ય ઘરવખરી અને સામાન સ્થળાંતરીત કરી આપવી.

(૩) તા.૦૧/૧૧/૧૯૮૭નાં રોજની અસરે પુખ્ત વયનાં પુત્રને રૂ. ૫.૦૦ લાખની સ્વરોજગાર માટે સહાય. વર્ષ ૨૦૨૦માં હાઈકોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ સૂચિત પેકેજ.

(૪) ગોરા ગામ ખાતે SSNNLની માલીકીની ૧૬ હેકટર જમીનમાં ૬ ગામનાં વસાહતીઓને આદર્શ વસાહત નિષ્ણાંત આર્કિટેક પ્લાનીગ મુજબ બનાવવી. તા-૦૧/૧૧/૧૯૮૭ ની કટ ઓફ ડેટ સમગ્ર નર્મદા પ્રોજેક્ટ માટે અસરગ્રસ્ત PAPS ને આ લાભો આપવા માટે NCA(નર્મદા કટ્રોલ ઓથોરીટી) દ્વારા નિયત કરવામાં આવેલ છે. જેમાં કોઈ પણ પ્રકારે ફેરફાર થઈ શકે તેમ નથી.

(૫) જેમાં જમીન ગુમાવનાર તેમજ તા. ૧/૧૧/૧૯૮૭ની સ્થિતીએ પુખ્ત વયનાં તેમના પુત્રો માટે ૧૦૦૦ ચો.ફુટ.નો પ્લોટ અને ઢોર બાંધવા માટે ૨૫૦ ચો.ફુટ નો પ્લોટ.(લાભાર્થી સંખ્યા ૧૦૦૦ જેટલી) મકાન સહાય માટે સરકાર તરફથી રૂ. ૧.૫૦ લાખ અને SSNNL તરફથી ૨.૫૦ લાખ,આમ કુલ મળીને રૂ. ૪.૦૦ લાખની સહાય. જે માટેનો કુલ અંદાજીત ખર્ચ રૂ.૪૮ કરોડ.

(૬) આદર્શ ગામમાં સર્વશ્રેષ્ઠ માળખાકીય સગવડો જેવી કે, પ્રત્યેક ઘરને જોડતો ઝઝઝ રોડ,ઘરેઘરે પાણી, ગટર લાઈન, આંગણવાડી,પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર,ઘરે ઘરે શૌચાલય,પ્રાથમિક શાળા જીજીદ્વન્ન દ્વારા ઉભી કરવાની રહેશે. જે માટેનો કુલ અંદાજીત ખર્ચ- રૂ. ૧૫.૦૦ કરોડ.

(૭) સરકારનાં વર્ષ ૧૯૯૨નાં પેકેજનો લાભ લઈ ચુકેલ ૬૧ ખાતેદારો અને તેમનાં પુખ્ત વયનાં ૮૨ પુત્રોને નવા વર્ષ ૨૦૧૩નાં પેકેજનો લાભ મળવાપાત્ર ન હતો,આથી તેઓને અસંતોષ હતો આથી વર્ષ ૨૦૧૩નાં પેકેજમાંથી અગાઉ લીધેલ લાભ બાદ કરીને નવા પેકેજનો લાભ પણ આપવો.

(૮) સરકારનાં વર્ષ ૧૯૯૨નાં પેકેજનો લાભ લઈ ચુકેલ ૬૧ ખાતેદારો અને તેમનાં પુખ્ત વયનાં ૮૨ પુત્રોને નવા વર્ષ ૨૦૧૩નાં પેકેજનો લાભ મળવાપાત્ર ન હતો,આથી તેઓને અસંતોષ હતો આથી વર્ષ ૨૦૧૩નાં પેકેજમાંથી અગાઉ લીધેલ લાભ બાદ કરીને નવા પેકેજનો લાભ પણ આપવો.

(૯) સરકારનાં વર્ષ ૧૯૯૨નાં પેકેજનો લાભ લઈ ચુકેલ ૬૧ ખાતેદારો અને તેમનાં પુખ્ત વયનાં ૮૨ પુત્રોને નવા વર્ષ ૨૦૧૩નાં પેકેજનો લાભ મળવાપાત્ર ન હતો,આથી તેઓને અસંતોષ હતો આથી વર્ષ ૨૦૧૩નાં પેકેજમાંથી અગાઉ લીધેલ લાભ બાદ કરીને નવા પેકેજનો લાભ પણ આપવો.

(૧૦) ૬ ગામમાં જેની દુકાન અથવા કેબીન દુર કરવામાં આવે તેઓને SOU પાર્કિંગ સ્થળોએ શોપિંગ કોમ્પ્લેક્સ બાંધી આપવુ જેમાં ખાણીપીણીની દુકાનો સરકારનાં ખર્ચે આપવી

વિસ્તારમાં ત્રણ કે વધુ કેસ હોય તોજ કલસ્ટર ઝોન તરીકે જાહેર કરાશે

કુલ સીટના ૫૦ ટકા મુસાફરોને બસમાં બેસાડાશે

સુરત

આજરોજ મા.મેયરશ્રી, મા.કમિશનરશ્રી તથા અન્ય પદાધિકારીશ્રી સાથે થયેલ મીટીગમાં ચર્ચા થયા અનુસાર નીચે મુજબ નિર્ણય લેવામાં આવેલ, તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

જે વિસ્તાર, સોસાયટીમાં ૩ કે વધુ પોઝીટીવ કેસ હોય તે વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતી તેમજ સરકારની ગાઈડ લાઈન ધ્યાને લઈ ક્લસ્ટર તરીકે જાહેર કરાશે. જે વિસ્તાર, સોસાયટી કે એપાર્ટમેન્ટ માં એક કેસ આવે તો... તે ફ્લેટ કે ઘર અને તેના આજુબાજુમાં જે કોન્ટેકમાં હોય તેને ફરજીયાત હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવશે. સ્લમ કે સ્લમ લાઈક વિસ્તારમાં પોઝીટીવ કેસ આવે તો ભૌગોલિક પરિસ્થિતી, વસતીની ગીચતાને તેમજ સરકારશ્રી ની ગાઈડ લાઈન ધ્યાને લઈ ક્લસ્ટર જાહેર કરવામાં આવશે.

પાનની દુકાનમાં કે અન્ય દુકાનમાં જો સોશ્યલ ડિસ્ટન્સ ન જળવાતું હશે, તો દંડનીયકાર્યવાહી કરી દુકાન તાત્કાલિક બંધ કરાવવામાં આવશે.રસ્તા પર લારી (શાકભાજી / ફૂટ સિવાય) પાથરણા કે છુટક વેચાણ બંધ રહેશે. બી.આર.ટી.એસ.નો ઉધના-સચીન જી. આઈ. ડી. સી. રુટ કાલથી શરુ કરવામાં આવશે, ત્યાર બાદ તબક્કાવાર બસ સેવા ક્લસ્ટર વિસ્તારને ધ્યાને લઈ શરુ કરાશે. ઓપરેશન સમય સવારે ૭.૦૦ કલાકથી સાંજે ૭.૦૦ કલાક સુધી રહેશે. - બસમાં મુસાફરોને કુલ સીટના ૫૦% મુજબ બેસાડવામાં આવશે. - મુસાફરોએ સોશ્યલ ડિસ્ટન્સીગનું પાલન કરવાનું રહેશે. - મુસાફરોએ ફરજીયાત માસ્ક પહેરવાનું રહેશે.

સુરત ગ્રામ્ય વિસ્તારમાં ૯૩૫૧ પૈકીના ૯૩૫૧ પૈકીના ૯૧૮૮ લોકોના તપાસ રિપોર્ટ નેગેટિવ

સુરત જિલ્લામાં સર્વે અને આરોગ્યની ૧૫૪ ટીમ કાર્યરત

સુરત

સુરત જિલ્લામાં ગઈ કાલે ૦૫ દર્દી સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૮૪ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે. સુરત જિલ્લામાં ગત રોજ પોઝિટીવ કેસોની સંખ્યા ૧૧૨ હતી, જેમાં આજે ૦૬ કેસનો વધારો થવાથી આજે કુલ ૧૧૮ કોરોના પોઝિટીવ કેસો થયા છે. જ્યારે કુલ ૦૨ દર્દીના મૃત્યુ નોંધાયા છે. પોઝિટીવ કેસો પૈકી કામરેજ તાલુકાના ઓમ ટાઉનશીપના ૦૧, ગોપાલનગરના ૦૧, માંગરોળ તાલુકાના તરસાડી ગામના ૦૧, મહુવા તાલુકાના નેવાણીયા ગામના ૦૨ તેમજ પલસાણા તાલુકાના જોલવા ગામના ૦૧ કેસ મળી ૦૬ કેસ મળી કુલ ૧૧૮ કેસો આવ્યા છે. કુલ ૯૩૫૧ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૧૧૮ પોઝિટીવ અને ૯૧૮૮ નેગેટીવ કેસો જ્યારે ૪૫ રિપીટ સેમ્પલ નોંધાયા છે.

૪૨ એક્ટિવ ક્લસ્ટર જેમાં દિહેણ, પાલી (ડી.એમ.નગર), લાજપોર, ઇચ્છાપોર, વેગી, વરેલી (ગાયત્રી નગર), વરેલી(દત્ત કૃપા), વરેલી(શાંતિ નગર), વરેલી(વ્રજધામ વિસ્તાર), બારડોલી નગર(તાઈવાડ), વિહારા, ચલથાણ, ભટગામ, નવી પારડી, વલથાણ (શિવશક્તિ), નવા ચકરા, શામપુરા, લીડીયાત, કપ્લેથા, લાજપોર (કોળીવાડ), લાજપોર (પોપડીયુ ફળિયુ), ઇચ્છાપોર(ઘંટી ફળિયુ), લસકાણા, રાજવડ, નનસાડ, કરચેલિયા, વરેલી(મનમંદિર કોમ્પ.), ગંગાધરા (કિષ્ણાવેલી), કરચકા, કોસંબા, વરેલી(પરમહંસ), સારોલી(નેચર વેલી), વાવ (એસ.આર.પી કેમ્પસ), તરાજ(ખાડી ફળીયુ) લસકાણા (ગોપાલનગર), પાસોદરા(ઓમ ટાઉનશીપ), વાંસકુઈ(ને વણીયા), જોળવા(આરાધના ડ્રિમ), ભાંડુત, સોદલાખારા, સાયણ (જલારામ સોસા.), મોર (માકીયાવાડ) કન્ટેઈનમેન્ટ કલસ્ટર વિસ્તારનાં કુલ ૧૮૧૭૫ ઘરો અને કુલ વસ્તી ૭૫૩૭૦ જેટલી છે. જેમાં સર્વે અને આરોગ્યની ૧૫૪ ટીમ કાર્યરત છે.

નોંધનીય છે કે સુરત જિલ્લામાં ૨૬૨૨ લોકો હોમ કોરન્ટાઈન હતા. આજે ૧૧૪ નવા લોકોનો ઉમેરો થતા કુલ ૨૭૩૬ લોકો હોમ કોરન્ટાઈન છે. જ્યારે આજે ૪૨૩ લોકોનું હોમ કોરન્ટાઈન પૂર્ણ થતા કુલ ૨૩૧૩ લોકોને હાલ હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

નવસારી જિલ્લામાં નોંધાયેલા કોરોના કેસ પૈકીના ૧૦ મુંબઈથી આવ્યા હતા

૩૦૦૬ સેમ્પલની તપાસમાં ૨૯૧૫ના રિપોર્ટ નેગેટિવ

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં તા.૩૧/૦૫/૨૦૨૦ ના રોજ ૬૬ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી- ૧૨, જલાલપોર-૨૦, ગણદેવી- ૧૦, ચીખલી- ૦૭, ખેરગામ-૦૫ વાંસદા- ૧૧, અન્ય જિલ્લાના ૦૧ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ-૩૦૦૬ સેમ્પલ લેવામાં આવ્યા છે જે પૈકી ૨૯૧૫ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઇ રહી છે. જિલ્લામાં ચોથા રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૧૪,૦૦,૯૦૫ વસ્તીને આવરી લેવામાં આવી છે. ગતરોજ નવસારી જિલ્લામાંકોઇ નવો પોઝીટીવ કેસ નોંધાયો નથી.

હાલમાં સમીર ગાર્ડન ઇટાળવા, શ્રીજી એપાર્ટમેન્ટ, જુનાથાણા, નવસારી, નવસારી શહેરી વિસ્તારમાં વિરભદ્ર કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, ઠાકોરવાડી વિસ્તાર, અમરદીપ સોસાયટી વિજલપોર, કાંટસવેલ, કડોલી, વાંદરવેલા, કુકેરી, સરૈયા, બોરસી માછીવાડ તથા મોહનપુર એમ કુલ-૧૨ વિસ્તારો કન્ટેઈનમેન્ટ હેઠળ છે.

નવસારી જિલ્લામાં નોંધાયેલા ૨૫ દર્દીઓ જે પૈકી મુંબઈના -૧૦ સુરતના દર્દીઓ-૦૫, ઓખા-૦૧, વલસાડ (ડુંગરી)-૦૧ સંક્રમિત થયેલા છે. ૪ દર્દીઓ પોઝીટીવ કેસના સંપર્કમાં આવેલ છે. તેમ જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

સુરતમાં થાળી-વેલણ અને બેનરો સાથે લોકડાઉનનો વિરોધ, પોલીસ ૧૫ને ઉઠાવી ગઈ



સુરત

કોરોના વાયરસના સક્રમણને અટકાવવા માટે જાહેર કરવામાં આવેલા લોકડાઉન તેમજ પોઝિટિવ કેસ વગર કેટલાક વિસ્તારને કોરોન્ટાઈન કરવાના આરોગ્ય વિભાગના નિર્ણયને મનસ્વી ગણાવી આજ રોજ લિંબાયત ઝોનના કોંગ્રેસી કોર્પોરેટર અસ્લમ સાયકલવાલાની આગેવાનીમાં માન દરવાજા ડી ટેનામેન્ટ પાસે સ્થાનિક રહેવાસીઓ દ્વારા સૂત્રોચ્ચારની સાથે ધરણા પ્રદર્શન કરવામાં આવતા સલાબતપુરા પોલીસે ૧૫થી વધુ લોકોની અટકાયત કરી હતી. કોરોના વાયરસનું સક્રમણ હજી અટકવાનું નામ લેતું નથી ત્યાં વળી રાજકીય રમત શરૂ થઈ ગઈ છે.

જે અંતર્ગત કોરોના પોઝિટિવ કેસ માટે હોટ સ્પોટ બનેલા માન દરવાજા ટેનામેન્ટ વિસ્તારના રહેવાસીઓ અને લિંબાયત ઝોનના કોંગ્રેસી કોર્પોરેટર અસ્લમ ફિરોઝ સાયકલવાલાની આગેવાનીમાં માન દરવાજા ડી ટેનામેન્ટ પાસે થાળી-વેલણ વગાડી સરકાર વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરવા માટે એક્ઠા થયા હતા. જે અંગેની જાણ સલાબતપુરા પોલીસને થઈ હતી. જેથી તુરંત જ પોલીસ સ્ટાફ દોડી ગયો હતો

અને લોકડાઉન અને કોરોના પોઝિટિવ કેસને પગલે કોરોન્ટાઈન કરવામાં આવેલા વિસ્તારના મુદ્દે વિરોધ પ્રદર્શન કરનાર કોર્પોરેટર અસ્લમ સાયકલવાલા ઉપરાંત ફિરોઝ સાહેબખાન પઠાણ (રહે. ખટોદરા કોલોની, માન દરવાજા) અને આ ઉપરાંત માન દરવાજા ટેનામેન્ટ અને રેલ રાહત કોલોનીમાં રહેતા પરેશ પ્રવિણ રાણા, જયેશ નટુ રાઠોડ, અસ્લમખાન સલીમખાન પઠાણ, ઈફ્તેખાર સૌકતખાન સૈયદ, મુસ્તકીર મનોવર શાહ, સાદીક યુસુફ શેખ, સાબીર બિકન શેખ, અબ્દુલ્લા હબીબુલ્લા શેખ, જાવેદખાન સલીમખાન પઠાણ, અલ્તાફ રજા શેખ, ઈમરાનખાન અબ્દુલખાન પઠાણ અને શાહરૂખ શાબીર શેખની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આજથી રાજપીપળા એસટી ડેપો થી ૫ એક્સપ્રેસ બસો પણ દોડતી થતા મુસાફરો ને રાહત:જોકે ડેપો સુમસામ



લુણાવાડા, દાહોદ, અંબાજી, જૂનાગઢ, સુરતની એક્સપ્રેસ અને વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, દેડિયાપાડા, કેવડિયા ની લોકલ બસો દોડતી થતા આનંદ

રાજપીપળા

રાજપીપળા એસટી ડેપો માંથી ૧ જૂન થી એક્સપ્રેસ બસો પણ શરૂ થતાં મુસાફરો માટે રાહત ના સમાચાર કહી શકાય જોકે હજુ એક એક બસ જ શરૂ કરવામાં આવી છે જેમાં એક્સપ્રેસ બસો માં લુણાવાડા, દાહોદ,અંબાજી,જૂનાગઢ,સુરત તેમજ વડોદરા, ભરૂચ, અંકલેશ્વર,દેડિયાપાડા,કેવડિયા ની લોકલ બસો દોડતી થતા કરાઈ છે.

લોકડાઉન-૫ નો અમલ થતા ૧ જૂન થી સમગ્ર રાજ્ય ની સાથે રાજપીપળા એસટી ડેપો માંથી પણ કેટલાક શહેરો માટેની બસો શરૂ થઈ પરંતુ ડેપો ખાલી ખમ ભાસી રહ્યું હતું ત્યારે નિયમ મુજબ એક બસ માં સોસીયલ ડિસ્ટન્સ ના પાલન મુજબ ૬૦% જેટલાજ મુસાફરો બેસાડવા ના હોય તેમાં પણ કેટલાક રુટો ની બસો માં તો માત્ર બે ચાર મુસાફરો જ મુસાફરી કરતા હોય એસટી હાલની સ્થિતિ એ ખોટ ખાઈ રહી હોવાનું જાણવા મળ્યું છે. પાછલા બે મહિના બસો સદંતર બંધ બાદ હાલ શરૂ કરાયેલી બસો માં પણ નિયમ સાથે મુસાફરો જતા ખોટ ખાઈ રહેલું એસટી વિભાગ આવનારા અમુક વર્ષો સુધી બેઠું નહિ થાય તેમ લાગી રહ્યું છે. જોકે કોરોના મહામારી એ મોટાભાગના રોજગાર ધંધા બંધ રહેતા વેપારી વર્ગ ની કમ્મર બેન્ડ વાળી દીધી હોય લોકોને આર્થિક મુશ્કેલી માંથી બેઠા થતા અમુક વર્ષો લાગશે જ જેમાં ખાસ કરી મધ્યમ, ગરીબ વર્ગ ના લોકો આર્થિક રીતે તદ્દન પડી ભાંગતા દેવાદાર બની ગયા છે.

વસ્તીખંડાલી ગામે જુગાર રમતા જુગારીઓને ૩.૧,૪૩,૯૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી વાગરા પોલીસ

ભરુચ

પોલીસ અધિક્ષક ભરૂચ તથા નાયબ પોલીસ અધિક્ષક એ.જી.ગોહીલ જંબુસર વિભાગ ની સુચના આધારે હાલ ભરૂચ જીલ્લામાં પ્રોહી/જુગારની પ્રવૃતી નેસ્ત નાબુદ કરવા સારૂ ડ્રાઇવ રાખેલ હોય જે સુચના અનુસંધાને પો.સ.ઈ. જે.જે.ચાવડા વાગરા પો.સ્ટનાઓના માર્ગદર્શન મુજબ પો.સ્ટે વિસ્તારમાં દારૂ/જુગારની બદી ડામવા સારૂ ગઈ તા.૩૧/૦૫/૨૦૨૦ ના રોજ રાત્રીના સમયે વાગરા પોલીસ સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન મળેલ બાતમી આધારે વાગરા તાલુકાના વસ્તીખંડાલી ગામે મજીદની સામે આવેલ ખુલ્લી જગ્યામાં જાહેરમાથી પત્તાપાનાનો જુગાર રમતા ત્રણ જુગારીઓને જુગાર રમવાના સાધનો તથા રોકડા રૂપીયા સાથે પકડી લીધેલ તથા ચાર ઇસમો સ્થળ ઉપરથી નાશી ગયેલ અને સ્થળ ઉપરથી ૦૫ મો.સા તથા રોકડા રૂ.૧૩૪૪૦/- મળી કુલ કિં.રૂ.૧,૪૩,૯૪૦/-નો મુદ્દામાલ કબજે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

પકડાયેલ આરોપીઓ

(૧)યાકુબભાઇ શનભાઇ ભટ્ટી (૨) મહેબુબભાઇ હશનભાઇ ભટ્ટી બન્ને રહે.વસ્તીખંડાલી તા.વાગરા જી.ભરૂચ(૩) મોહશીનભાઇ અબ્દુલભાઇ ખીલજી રહે.એ-૨,બીલ્ડીંગ નં.૧૫૦, અમરોલી આવાસ,કોસાડ સુરત વોન્ટેડ આરોપીઓ(૧)ઝુબેરભાઇ શબ્બીરભાઇ ભટ્ટી (૨) ઝુબેરભાઇ અબ્દુલભાઇ ભટ્ટી (૩) હારૂનભાઇ મહેબુબભાઇ ભટ્ટી(૪) શાબીરભાઇ દાઉદભાઇ ભટ્ટી તમામ રહે.વસ્તીખંડાલી નવીનગરી તા.વાગરા જી.ભરૂચ

કબજે કરેલ મુદ્દામાલ

(૧) અંગ ઝડતીના તથા દાવ ઉપરના રોકડા રૂ.૧૩૪૪૦/-(૨) મોબાઈલ ૦૧ કિ.રૂ.૫૦૦/-(૩) હિરો પેશન પ્રો મો.સા. જેનો રજી.નં.GJ-૦૫-૧૯-૫૯૩૫ આશરે કિં.રૂ.૨૦,૦૦૦/-(૪) હિરો પેશન પ્રો મો.સા. જેનો રજી.નં. GJ-૧૬-CI-૪૮૮૮ આશરે કિ.રૂ. ૨૦,૦૦૦/-(૫) હોન્ડા CBR મો.સા. જેનો રજી.નં. GJ-૧૬-BM-૫૧૪૩આશરે કિ.રૂ. ૫૦,૦૦૦/- (૬) હિરો સ્પેલન્ડર પ્રો. જેનો રજી.નં. GJ-૧૬-EP-૩૧૬૩ આશરે કિ.રૂ.૨૦,૦૦૦/-(૭) હિરો સ્પેલન્ડર પ્લસ જેનો રજી.નં. GJ-૧૬-CA-૭૦૩૩ આશરે કિ.રૂ.૨૦,૦૦૦/-કુલ મુદામાલ કિં.રૂ. ૧,૪૧,૯૪૦-

સુરતમાં ટેક્સટાઈલ્સ માર્કેટ અને હિરા બજાર શરૂ

રિંગ રોડ સ્થિત કન્ટેઈન્ટમેન્ટ વિસ્તારની ૧૩ સિવાઈની ૧૭૭ માર્કેટો ખુલી: મહિધરપુરા હિરા બજારમાં કારોબારની શરૂઆત સાથે હિરાના કારખાના પણ ધમધમતા કરાયા

સુરત

કોરોના વાયરસની ચેઈન તોડવા માટે કેન્દ્ર સરકારે ચાર ચાર વખત ભારત ભરમાં લોકડાઉનનો અમલ કરાવ્યો હતો. ગણ કાલે લોકડાઉન-૪નો છેલ્લો દિવસ હતો. ગણ કાલે કેન્દ્ર સરકારે દેશને ક્રમશ: અનલોક કરવા માટેની માર્ગદર્શિકા જાહેર કર્યા બાદ સુરત શહેરમાં આજથી અન લોક-૧નો અમળ શરૂ કરવામાં આવ્યો છે. સુરત શહેરના ઔદ્યોગિક વિસ્તારોમાં યુનિટો શરૂ કરી દેવામાં આવ્યા છે. રિંગ રોડ વિસ્તારમાં રેડ ઝોનમાં આવેલી ૧૩ માર્કેટો સિવાય રિંગરોડ અને સારોલી મળી કુલ ૧૭૭ માર્કેટની દુકાનોને વેપાર શરૂ કરવા પરવાનગી મળતા આજે સવારથી જ વેપારીઓએ દુકાનો શરૂ કરી સાફ સફાઈ અભિયાન આદર્યુ હતું. તેમજ ૧૫ હજારથી વધુ હિરા ઓફિસ ૬૫૦૦ જેવા કારખાના પણ ધમધમતા થઈ ગયા છે. મજુરોની અછત વચ્ચે બાંધકામ ક્ષેત્રે ૧૫૦ જેટલી સાઈટો ઉપર ધીમી ગતિએ કામકાજ શરૂ કરી દેવામાં આવ્યુ છે. સુરત શહેરમાં ૭૫ જેટલી ઓટો મોબાઈલ સો રૂમો ખુલી ગયા છે. જોકે કન્ટેઈન્ટમેન્ટ વિસ્તારોમાં બેન્કો સહિત જીવન જરૂરિયાતની ચીજ વસ્તુનં વેચાણ જ ચાલુ રાખવામાં આવ્યું છે. સુરત મહાનગર પાલિકાએ ઉધના સચિન જીઆઈડીસી રૂટની બીઆરટીએસ બસ શરૂ કરવામાં આવી છે. રિક્ષા પણ સુરત શહેરમાં દોડતી થઈ ગઈ છે. સુરત મહાનગર પાલિકાના સુત્રોના જણાવ્યા મુજબ કેન્દ્ર અને રાજય સરકારની માર્ગદર્શિકા મુજબ અનલોક-૧માં ક્રમશ: આર્થિક ગતિવિધિ તેજ કરવામાં આવશે.

કેવડિયા છ ગામના આદિવાસીઓના સમર્થનમાં સોમવારે કેવડિયા ગામ સજ્જડ બંધ રહ્યું

પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ કેવડિયાના છ ગામના લોકોની મુલાકાત લેતા રાજકારણ ગરમાયુ : ગુજરાત સરકાર ઉપર લગાવ્યા ગંભીર આક્ષેપ





● સ્ત્રી સશક્તકરણની વાત કરવા વાળી ભાજપ સરકાર બહેનો ને ધક્કા મારે છે : શંકરસિંહ વાઘેલા

● ગુજરાત સરકાર અદિવાસીઓની જમીન પડાવી લેવાનો કારસો રચી રહી છે : શંકરસિંહ વાઘેલા

રાજપીપળા

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારના ૬ ગામોમાં તાર-ફેન્સીંગ મામલે સ્થાનિક આદિવાસીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થઈ રહ્યું છે ૩૦ મેં ના રોજ ગુજરાત કોંગ્રેસ ના ૮ આદિવાસી ધારાસભ્યો અને કોંગ્રેસના આદિવાસી હોદેદારોને ૬ ગામના આદિવાસીઓને મળવા મામલે પોલીસે અટકાવતા મામલો ગરમાયો હતો.આ તમામ ધારા સભ્યો અને કોંગ્રેસ સંગઠનના હોદેદારોએ રસ્તા પર બેસી પોલીસની કાર્યવાહીનો વિરોધ કર્યો હતો.આ ઘટનાનો રાજ્યમાં ભારે પડઘો પડ્યો હતો.બીજી બાજુ આદિવાસી ઓના આંદોલનને પગલે નર્મદા ડેમ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારને હાઈ એલર્ટ કરી દેવાયા હતા આ ઘટના બાદ પણ કોંગ્રેસી ધારાસભ્યોએ સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારના ૬ ગામના આદિવાસીઓને મળી વિરોધ કરવાની ચીમકી આપી હતી. જેને પગલે ૩૧ મેં ના રોજ નર્મદા પોલીસે સંભવિત વિરોધને પગલે રાજપીપળા પાસે ની જીતનગર ચોકડી પરથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી હરેશ વસાવાને અને ઈન્ડિજિનસ આર્મી ઓફ ઈન્ડિયાના સ્થાપક ડો. પ્રફુલ્લ વસાવા સહિત યુથ કોંગ્રેસ ના હોદેદારો ને ડિટેઈન કર્યા હતા,બીજી બાજુ કેવડિયા વિસ્તારમાં મોટી સંખ્યામાં આદીવાસી મહિલાઓ રસ્તા પર ઉતરી પડતા મામલો ગરમાયો હતો.

આજે કેવડિયા આસપાસ ના છ ગામો ના સમર્થન માં કેવડિયા ના બજારો સજ્જડ બંધ રહ્યા હતા ત્યારે છ ગામોના આદિવાસીઓ ને સજ્જડ બંધ રાખી કેવડિયા વાસીઓએ સમર્થન આપ્યું હતું હાલ કેવડિયા મુદ્દો રાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં છે ત્યારે આજે પૂર્વ મુખ્યમંત્રી એવા શંકરસિંહ વાઘેલાએ છ ગામોના આદિવાસી ની મુલાકાત લીધી હતી અને તેમના પ્રશ્નો સાંભળ્યા હતા

છ ગામોના અગેવનો ને મળવા આવેલ પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ સરકાર ઉપર ગંભીર આક્ષેપો લગાવતા જણાવ્યું હતું કે આદિવાસીઓ ઉપર અત્યાચાર થઈ રહ્યા છે આ આદિવાસીઓ ની જમીન પડાવી લેવાનો ગુજરાત સરકાર કારશો,ષડયંત્ર રચી રહી છે અહીના આદિવાસી સમાજ ની મહિલાઓ ને ઘરમાં ઘૂસી ને પકડી પકડી ને પોલીસ વાન માં ધકેલવામાં આવી,અહીંનો મૂળ નિવાસી જળ જમીન જંગલ નો સાચો માલીક એવા આદિવાસી સમાજની જમીન હડપી લેવા માટે સરકારે લોકડાઉન નો દુરુપયોગ કર્યો,એટલે મને થયું કે લાવો આ સમાજના માટે મારે ઉભા રહેવું જોઈએ અને આ સમાજ ક્યારેય જૂઠું ના બોલે ડેમ બનતો હતો ત્યારે પણ આ સમાજે લોકોને પીવાનું પાણી અને સિંચાઈ માટે પાણી મળે તે માટે જમીનો ગુમાવી છે.

વધુમાં તેમને જણાવ્યું હતું કે સ્ત્રી સશક્તકરણની વાત કરવા વાળી ભાજપ ની સરકાર બહેનો ને ધક્કા મારે છે આ બેહનો પોતાના હક માટે લડે છે,આ મહિલાઓ ને તેમના હક માટે લડવા દો તમે આ બહનો ને ધક્કા મારી પકડી ને જેલમાં પુરી એનો અવાજ બંધ કરશો પણ એ અવાજ બંધ નહિ થાય બલ્કે અવાજ ડબલ કરીને સરકાર ની સામે પડશે એ અવાજમાં હું સુર પુરાવા આવ્યો છું હાઈકોર્ટ નું કેહવુ છે કે ગોરા ગામ ખાતે નિગમની માલિકી ની જમીન માં છ ગામના વસાહતીઓને આદર્શ વસાહત આર્કિટેક્ટ પ્લાનિંગ મુજબ બનાવવી ,આ એ લોકો એ હાઇકોર્ટમાં એફિડેવિટ કરી છે.આ સાથેજ કહી શકાય કે કેવડિયા છ ગામોની જમીનો ફેનસિંગ મામલે બે દિવસ ધીગાણું બાદ આમ અચાનક શંકરસિંહ વાઘેલાએ મુલાકાત લેતા ગુજરાતનું રાજકારણ ગરમાયુ છે.

ગ્રેજ્યુએટ આદીવાસીને દારૂનું લાયસન્સ આપવું જોઈએ: શંકરસિંહ વાઘેલા

અંબાજીથી ઉમરગામથી સુધીનો વિસ્તાર આર્થિક પછાત છે.એ વિસ્તારમાં દારૂની છુટ્ટી આપો.બેકાર ફરતા ગ્રેજ્યુએટ આદિવાસી યુવાન-યુવતીને દેશી દારૂ વેચવાનું લાયશન્સ આપવું જોઈએ, એની પર સરકારની દેખરેખ હોવી જોઈએ.જે લોકો પ્યોર મહુડાનો દારૂ પીશે એ બીજી બધી બ્રાન્ડ ભૂલી જશે. આ નીતિ માત્રથી આદિવાસી સુખી થશે એ ગાડી ફેરવતો થશે.

મુખ્યમંત્રીના બંગલાની પાછળ કોતરમાં ભટ્ઠી ચાલુ હોય છે: શંકરસિંહ વાઘેલા

ગુજરાતમાં દારૂ બંધી કડક અમલ થતી હોય તો સારી વાત છે.પણ દારૂ બંધી કડક બનાવો, કોઈ પણ જગ્યાએથી દારૂ પકડાવવો ન જોઈએ.મુખ્યમંત્રીના બંગલાની પાછળ કોતરમાં ભટ્ઠીઓ ચાલુ હોય છે.ગુજરાતમાં ૭૦,૦૦૦ લોકો પાસે પીવાની પરમીટ છે તો એમની માટે કોઈ વ્યવસ્થા કરવી જોઈએ.આજે જ્યાં જુઓ ત્યાં ગમે તેવો દારૂ મળે છે.આજે દારૂ લોકો હાલ બીકમાં સંતાઈને પીવે છે, જેથી કેમિકલ વાળો દારૂ પી ઘણા લોકો મૃત્યુ પામે છે, હાલ ઘણી મહિલાઓ વિધવા બની છે, માતાએ પોતાના દીકરા ગુમાવ્યા છે.શુ પુવું શુ ખાવું એ લોકોને ખબર છે.જેને દારૂ પીવો હોય એમને પીવા દો, નિયમ મુજબ દારૂ પીવો એ યોગ્ય છે.લોકોને ખબર છે કે દારૂ પીવાથી શુ થાય છે.જેમ તમાકુ, સિગરેટ પર ચેતવણી લખાય છે એવી રીતે દારૂ પર પણ લખો.

ગુજરાતની તમામ જેલની માં મહેમાનગતિ માણેલી છે: શંકરસિંહ વાઘેલા

કેવડિયા ૬ ગામના લોકોની મુલાકાતે આવેલા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે આગાઉ કોંગ્રેસના ૮ સ્ન્છ અને અન્ય આગેવાનોને પોલીસે પકડયા હતા.તો અહીં આવતા પેહલા લોકોએ મને કહ્યું કે બાપુ તમને પણ પકડી જશે.તો મારે એવું કહેવું છે કે મને પકડવો હોય તો ભલે પકડે.ગુજરાતની કોઈ જેલ એવી નહિ હોય જેની માં મેં મહેમાનગતિ માણી ન હોય, તિહાડ જેલમાં પણ હું ૧૫ દિવસ રહી આવ્યો છું, જેલમાં જવું મારા માટે નવું નથી.

૬ મહિનાથી ફલેટમાં કેદ પરિવારના ઘરમાંથી ચાર ટ્રેક્ટર કચરો નીકળ્યો, ૩૦૦ જોડી પગરખા મળ્યા

નવસારી

સંસ્કારી નગરી નવસારીનો એક હદયદ્વાવક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક એપાર્ટમેન્ટમાં રહેતી નિરાધાર જૈન વિધવા અને તેના ત્રણ સંતાનો આર્થિક સંકડામણથી માનસિક સંતુલન ગુમાવી બેઠા હતા અને છેલ્લા છ મહિનાથી પોતાના જ ઘરમાં કેદ હતા. ઘરમાંથી અસહ્ય દુર્ગંધ આવતા સોસાયટીના રહિશોએ પોલીસને જાણ કરી હતી. પોલીસે તપાસ કરતા ઘરમાંથી ચાર ટ્રેક્ટર ભરીને કચરો અને ૩૦૦ જોડી પગરખા વચ્ચે વિધવા અને તેનો દિવ્યાંત પુત્ર મળી આવતા પોલીસે સફાઈ કામ કરાવી પરિવારજનોને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડ્યા છે. નવસારીના સયાજી રોડ પર આવેલા પ્રિયંકા એપાર્ટમેન્ટના ત્રીજા માળે અનિલભાઈ શાહ તેમના ધર્મપત્ની મીતાબેન (૩.વ.૬૧) પુત્રી દુરીતા (૩.વ.૩૭) તેમજ બે પુત્રો સુપત (૩.વ.૨૯) અને સંભવ (૩.વ.૨૧) વર્ષોથી રહેતો હતો.



આ સુખી સંપન્ન પરિવારના મોભી અનિલભાઈ શાહનું ૧૬ વર્ષ અગાઉ અવસાન થતાં પરિવારની પનોતી બેઠી હતી. ત્રણ સંતાનો પૈકી એક દિવ્યાંગ પુત્ર સહિતના પાલનપોષણની જવાબદારી મીતાબેનના માથે આવી પડી હતી. તેઓ ધીરે ધીરે ડિપ્રેશનના ભોગ બન્યા અને ત્યારબાદ માનસિક સંતુલન ગુમાવી બેઠા હતા. બીજી તરફ પુત્રી દરીતા અને મોટો પુત્ર સુપત નોકરી માટે આમ તેમ ભટકવા લાગ્યા હતા. છુટક આજીવિકાના લીધે તેમની પણ મનઃસ્થિતિ બગડી હતી. દરમિયાન તેમના સગા સંબંધી તરફથી મળતા કપડા, પગરખા વગેરેનો તેમણે ઘરમાં ઢગલો કરવા માંડ્યો હતો. ખાવા પીવાની ચીજવસ્તુની પ્લાસ્ટિક થેલીઓનો કચરો પણ રૂમમાં એકત્રિત કરવા લાગ્યા હતા. આ પરિવારે સોસાયટીના મેન્ટેનન્સના ૧૫ હજાર નહીં ભરતા સોસાયટીએ તેમના ઘરનું નળ કનેકશન કાપી નાંખ્યું હતું. આથી પાણી મેળવવા બે ભાઇ બેન ત્રીજા માળેથી નીચે પાણી લેવા જવા મજબુર બન્યા હતા.